
કોરોના સામેની લડાઈ : આપણે સાથે મળીને જીતીશું | પેજ 4-15

વર્ષ 01, અંક 22

16-31 મે, 2021

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર




# નવા ભારતનો ઉદય

## ઝડપી વિકાસ હાંસલ કરીને નવા ભારતનું નિર્માણ

# આપણે પૂરી કાળજી રાખવાની છે, 'દવાઇ ભી કડાઇ ભી'!



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'મન કી બાત'નો પ્રોગ્રામ પ્રેરણા તો આપે જ છે, પણ આ વખતે કોરોના મહામારીની બીજી લહેર આવી ત્યારે આ પ્રોગ્રામ કોરોનાના ઉપચારનું માધ્યમ પણ બન્યું. કોરોનાથી લોકો કઈ રીતે બચે, દેશની સેવામાં જોડાયેલા ડોક્ટર, નર્સ, એમ્બ્યુલન્સ ડ્રાઇવર કઈ પરિસ્થિતિમાં કામ કરી રહ્યા છે અને મહામારીનો ચેપ લાગે તો કેવા ધૈર્ય સાથે તેનો સામનો કરવાનો છે.... જેવા સામાન્ય લોકોનાં મનમાં ઉઠતા સવાલો ખુદ વડાપ્રધાને નિષ્ણાતોને પૂછ્યા, જે 'મન કી બાત'નો ભાગ બન્યા છે અને લોકોને આ મહામારી સામે લડવાનો માર્ગ બતાવે છે.."

**Q** પીએમ: ડો. શશાંક, તમે લોકોને કોરોનાની બીજી લહેર અંગે જણાવો. તે મેડીકલ દ્રષ્ટિએ કઈ રીતે અલગ છે અને કઈ કઈ સાવધાની જરૂરી છે.?

**A** ડો. શશાંક: બીજી લહેરમાં રિકવરી વધુ અને મૃત્યુદર ઓછો છે. 80-90 ટકા લોકોમાં કોઇ લક્ષણ દેખાતા નથી. માઇલ્ડ કોવિડમાં તાવ વધતો હોય તો આપણે પેરાસિટામોલ જેવી દવા આપીએ છીએ. મધ્યમ તથા ગંભીર કોવિડમાં ડોક્ટરનો સંપર્ક કરવો જરૂરી છે. લોકોએ રેમડેસિવિર જેવી દવાઓ પાછળ ભાગવું ન જોઇએ. સામાન્ય દવાઓની મદદથી 98 ટકા લોકો સાજા થઈ જાય છે.

**Q** પીએમ: ડો. નાવેદ, આ મુશ્કેલ સમયમાં પેનિક મેનેજમેન્ટ અને રસી અંગે તમારી શી સલાહ છે?

**A** ડો. નાવેદ: આપણે શીખ્યા છીએ કે સલામતીના પ્રોટોકોલનું પાલન કરીએ તો સલામત રહીશું. આશરે 90થી 95 ટકા લોકો દવા વગર સાજા થઈ જાય છે. તમામ દિશા-નિર્દેશોનું પાલન કરતા ભીડથી બચશો તો સલામત રહી શકશો. જે લોકો રસી પછી સંક્રમિત થાય છે તેમને ગંભીર અને જીવલેણ સંક્રમણ નથી થતું. તમામ લોકો રસી લગાવે, ખુદને, સમાજને અને સમુદાયને સલામત કરે.

**Q** પીએમ: પ્રીતિજી, તમે કોરોના સામેની લડાઈ જીત્યા છો. તમારો અનુભવ જણાવો.

**A** પ્રીતિ: પુત્રને પોઝિટિવ આવતા મેં મારી જાતને આઇસોલેટ કરી અને ડોક્ટરનો સંપર્ક કર્યો. મેં દવા લેવાનું શરૂ કર્યું. સાથે સાથે યોગ કરવાનું અને ઉકાળો લેવાનું ચાલુ કર્યું. મેં હળદર, પ્રોટીયુક્ત ખોરાક, ગરમ પાણીના કોગળા, વરાળ (સ્ટીમ) લેવી અને ગરમ પાણીનું સેવન વગેરેને દિનચર્યા બનાવી.

**Q** પીએમ: એમ્બ્યુલન્સ ડ્રાઇવર દેવદૂત જેવા હોય છે. એવામાં ડ્રાઇવર પ્રેમ વર્માજી આપનો અનુભવ વર્ણવો.

**A** પ્રેમ: હું છેલ્લાં બે વર્ષથી ડ્રાઇવર છું. અમે કિટ, ગ્લોવ્ઝ, માસ્ક પહેરીને દર્દીઓ પાસે જઇએ છીએ. મારી માતા કહે છે કે નોકરી છોડી દો. પણ મેં કહ્યું કે, નોકરી છોડી દઇશ તો દર્દીઓને હોસ્પિટલ મૂકવા કોણ જશે?

**Q** પીએમ: તમે કોરોના દર્દીઓ સાથેના તમારા અનુભવો જણાવો કારણ કે સિસ્ટર અને નર્સ દર્દીની ખૂબ નજીક હોય છે.

**A** ભાવના: અમે 14 દિવસ ડ્યુટી કરીએ છીએ પછી અમને આરામ આપવામાં આવે છે. બે મહિના પછી ફરી અમારી કોવિડ ડ્યુટી લાગે છે. દર્દીઓ કોરોનાના નામથી ડરે છે. આ ડરને ખતમ કરવા માટે અમે તેમને સ્વસ્થ વાતાવરણ આપીએ છીએ.

**Q** પીએમ: સિસ્ટર, સુરેખા, કોરોના સામે લડવા માટે તમે લોકોને શો સંદેશ આપવા માગો છો?

**A** સુરેખા: જો તમારામાં કોરાનાના લક્ષણ જણાય તો ખુદને આઇસોલેટ કરી લો અને નજીકના ડોક્ટરની સલાહ લો. રસી લગાવતા ડરો નહીં અને ફ્રન્ટલાઇન વર્કર્સ પ્રત્યે સંવેદના રાખો.

મન કી બાત સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષ 01, અંક 22 16-31 મે, 2021

**સંપાદક**
જયદીપ ભટનાગર,
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,
નવી દિલ્હી

**પરામર્શ સંપાદક**
વિનોદકુમાર
સંતોષકુમાર

**ડિઝાઈનર**
રવિન્દ્રકુમાર શર્મા

**પ્રકાશક અને મુદ્રક**
સત્યેન્દ્ર પ્રકાશ,
મુખ્ય મહાનિદેશક, બીઓસી
(બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ
કમ્યુનિકેશન વતી)

**મુદ્રણ:**
વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ
સી-66/3, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ
એરિયા,
ફેઝ-2, નવી દિલ્હી-110020

**પ્રકાશન સ્થળ:**
બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ
કમ્યુનિકેશન, બીજો માળ,
સૂચના ભવન,
નવી દિલ્હી-110003

ન્યૂ ઈન્ડિયા સમાચાર

RNI No. : DELGUJ/2020/78810

response-nis@pib.gov.in

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| 1 | સંપાદકની કલમે | પેજ 02 |
| 2 | પ્રતિભાવ | પેજ 03 |
| 3 | કોવિડ-19 સામેની લડાઈ | પેજ 04-15 |
| 4 | નવું ભારત | પેજ 16-19 |
| 5 | ટેકનોલોજી દ્વારા પરિવર્તન | પેજ 20-29 |
| 6 | મંગળ પ્રવાસ | પેજ 30 |
| 7 | નવી શિક્ષણ નીતિ | પેજ 31 |
| 8 | ડિજિટલ ટેકનોલોજી | પેજ 32-33 |
| 9 | સબકા સાથ સબકા વિકાસ | પેજ 34-35 |
| 10 | વૃદ્ધિ પામતું અર્થતંત્ર | પેજ 36-38 |
| 11 | કેબિનેટનો નિર્ણય | પેજ 39 |
| 12 | સંરક્ષણ ખરીદ નીતિ | પેજ 40-41 |
| 13 | વિદેશ નીતિઃ 'નેબર ફર્સ્ટ' | પેજ 42-43 |
| 14 | નવા ભારતનો ઉદય | પેજ 44-46 |
| 15 | વન નેશન વન સર્વિસ | પેજ 47 |
| 16 | ગુમનામ નાયકો | પેજ 48-49 |
| 17 | આઝાદી કા અમૃત મહોત્સવ | પેજ 50-51 |
| 18 | વ્યક્તિત્વ | પેજ 52 |

# સંપાદકની કલમે

સાદર નમસ્કાર!

કોરાના આપણાં બધાંની ધીરજ અને દુ:ખ સહન કરવાની ક્ષમતાની પરીક્ષા  લઈ રહ્યો છે. આ વૈશ્વિક મહામારીની પ્રથમ લહેરનો દેશે એક થઈને સામનો કર્યો અને વિશ્વ સમક્ષ એક દ્રષ્ટાંત રજૂ કર્યુ હતું. પણ બીજી લહેરમાં કોવિડના નિયમોના પાલનમાં બેદરકારીએ જનજીવનને ખોરવી નાખ્યું છે. ઓક્સિજન અને દવાઓની અછત ઊભી થઈ. પણ પડકારો સામે ઝીંક ઝીલનાર અને સમસ્યાઓ સામે લડનાર દેશના નેતૃત્વએ ટેકનોલોજી અને સંસાધનોનો વધુ સારો ઉપયોગ કરીને આ મહામારીની નવી લહેર  સામે લડવા માટે સંવેદનશીલતા સાથે યુધ્ધ સ્તર પર કામ શરૂ કરી દીધું છે.

ઓક્સિજન  કે દવાનો પુરવઠો વધારવાનો હોય કે હોસ્પિટલોમાં પથારીઓની વ્યવસ્થા કરવાની હોય. મુશ્કેલીના આ સમયમાં દેશનો ભરોસો મનાતી સેનાની પણ મદદ લેવામાં આવી. વિશ્વના અન્ય દેશો પણ ભારત સાથે ઊભા રહ્યા. વડાપ્રધાને ફરી એક વાર સમગ્ર વ્યવસ્થાનું નેતૃત્વ પોતાના હાથમાં લીધું અને 28 દિવસમાં 17થી વધુ મહત્વપૂર્ણ બેઠકો યોજીને આરોગ્ય અંગેની તમામ જરૂરિયાતો પૂરી પાડવા સૂચના આપી. વિશ્વની સૌથી ભરોસાપાત્ર સ્વદેશી રસીને યુવાનો સુધી પહોંચાડવા માટેની વ્યવસ્થા પણ ગોઠવી. આ તમામ પ્રયાસોથી કોરોના સામે લડવાનું માળખું સુધરી રહ્યું છે. સંતોષની વાત એ પણ છે કે સાજા થનારાની સંખ્યા સતત વધી રહી છે. આરોગ્ય માળખામાં સુધારો અને આરોગ્યને સરકારી નીતિઓનો આધાર સ્તંભ બનાવવાની પહેલનું આ પરિણામ છે. કોવિડ અંગેના સરકારના આ તમામ પ્રયાસ આ અંકનો હિસ્સો છે.

આ લડાઈમાં દેશનું નેતૃત્વ અત્યંત સંવેદનશીલતા અને સંપૂર્ણ જવાબદારી સાથે પગલાં ભરી રહ્યું છે અને તમામ પ્રકારની દવાઓ-હોસ્પિટલોની જરૂરિયાત સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. તેથી ગભરાવાની જરૂરી નથી, કારણ કે બચાવ જ તેનો અકસીર ઇલાજ છે. પડકારોનો સામનો કરીને દેશને આગળ ધપાવવા વર્તમાન નેતૃત્વ પર ભરોસો, પડકારજનક કામો અંગે સરકારના પ્રયાસ અને 'નવા ભારત'ની અત્યાર સુધીની ગતિ આ અંકની વાંચન સામગ્રી છે. આશા છે કે ટેકનોલોજીના સહારે પડકારોને પાર કરીને દેશને નવો માર્ગ આપનારી આ સામગ્રી નેતૃત્વ પ્રત્યે તમારામાં આત્મવિશ્વાસ અને ભરોસો પેદા કરશે.


અંતમાં, જ્યાં સુધી કોરોનાથી સંપૂર્ણપણે મુક્ત ન થઇએ, ત્યાં સુધી આપણે બધાંએ માસ્ક પહેરવું, રસી લેવી અને સામાજિક અંતરનું પાલન કરવા જેવી સાવધાની રાખવાની છે.

તમે બધાં સ્વસ્થ રહો અને હંમેશની જેમ   સૂચનો આપતા રહેજો.

સરનામું : બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
બીજો માળ, સૂચના ભવન, નવી દિલ્હી- 110003

ઈમેલ : response-nis@pib.gov.in

(જયદીપ ભટનાગર)




# પ્રતિભાવ

પ્રેરણાદાયી વ્યક્તિત્વોની ખૂબ સુંદર વાતો પૂરી પાડવા બદલ ન્યૂ ઈન્ડિયા સમાચારને મારા અભિનંદન. અહેવાલો માટે કરાતું રિસર્ચ વર્ક ખરેખર પ્રશંસાપાત્ર છે. સરકારના અભિપ્રાયોને સંક્ષિપ્ત અને સરળ રીતે આપવામાં આવે છે. સાચી માહિતી એકત્ર કરવા બદલ અને નાગરિકો સમક્ષ રજૂ કરવા બદલ ફરી એક વાર આપનો આભાર.

**મનસ્વી ગર્ગ**

bhartigarg879@gmail.com

મેગેઝીન વાંચીને આનંદ થયો. આ મેગેઝિન વિશ્વાસપાત્ર સમાચારો આપે છે. મારું સૂચન છે કે તમારા મેગેઝીનને પ્રમોટ કરવા માટે આકર્ષક માર્કેટિંગ કરો જેથી 'ફેક ન્યૂઝ' ફેલાવનારાઓને ખોટા સાબિત કરી શકાય. આવા તત્વો સત્ય કરતાં વધુ સારી રીતે 'ફેક ન્યૂઝ' અને જૂઠ્ઠાણાં ફેલાવી રહ્યા છે. સાચા સમાચારોને એટલા વ્યાપક રીતે ફેલાવવા જોઇએ કે ખોટાં અહેવાલો સાચા અહેવાલોની સામે ટકી ન શકે. અમે સત્યનો વિજય ઇચ્છીએ છીએ.

**મમતા**

mamta.aggarwal4@gmail.com

મેગેઝીન તાજા અહેવાલો અને જ્ઞાનવર્ધક સામગ્રીને કારણે વાંચવાલાયક બન્યું છે. સ્ક્રેપિંગ પોલિસી, પોસ્ટ બેન્ક, ઇઝ ઓફ લિવિંગ ઇન્ડેક્સ, રાષ્ટ્રનિર્માણમાં એનટીએની ભૂમિકા જેવા વિષયો પર મહત્વની જાણકારી આપવા બદલ તમારો આભાર. આ રીતે રોચક માહિતીથી ભરપૂર આગામી અંકોની રાહ જોઇએ છીએ.

**-મોહિત સોની**

sonimohit895@gmail.com

ન્યૂ ઈન્ડિયા સમાચારનો અંક મળ્યો. નિઃસંદેહ આ સંઘરવા જેવો અંક છે. પંચાયતી રાજ વ્યવસ્થા પર કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમરજીના વિચારો જાણીને સારું લાગ્યું. મુળ તો, પંચાયતો અને ગ્રામીણ નેતૃત્વ લોકતંત્રનુ હાર્દ છે. દેશની 70 ટકા વસતિ ગામડાંમાં વસે છે. તેને સમૃધ્ધ, શક્તિ સંપન્ન બનાવવી અને વિકાસના પાટા પર લાવવી એ સરકારોનું મુખ્ય કામ છે. વર્તમાન સરકારે આ દિશામાં અનેક પગલાં ભર્યા છે.

**-ડો. હરિકૃષ્ણ બડોદિયા**

haribarodiya@gmail.com

રાષ્ટ્રના ઉજ્જવળ ભાવિ માટે ખરેખર સરસ અને અનોખું પગલું છે. નેશનલ ટેસ્ટીંગ એજન્સી એ સમયની તાતી જરૂર છે. અંગત રીતે મારું માનવું છે કે રાષ્ટ્રીય શિક્ષણ કાર્યક્રમોમાં સુધારાઓ કરવા જરૂરી છે અને ઘણાં સુધારા ગેમ-ચેન્જર પુરવાર થશે અને દેશના નાગરિકોની ગુણવત્તામાં સુધારો થશે. આને કારણે દેશનું ભાવિ ઉજ્જવળ બનશે અને વિકાસ થશે. શિક્ષણ મૂલ્યાંકન કાર્યક્રમો યોગ્ય હશે તો જ નવી શિક્ષણ નીતિનું અમલીકરણ ફળદાયી સાબિત થશે. નિષ્ણાત તરીકે મારા સહિતના દરેક નાગરિકે આ અંગે સકારાત્મક અભિગમ દાખવવો જોઇએ.

**ડો. અનિલ વારકર**

warkar.anil@gmail.com

## ડિજિટલ કેલેન્ડર




**ભારત સરકારનાં ડિજિટલ કેલેન્ડર અને ડાયરીમાં સરકારની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો અને પ્રકાશનોની લેટેસ્ટ માહિતીની સાથે સાથે સત્તાવાર રજાઓની યાદી અને મહત્વની તારીખો આપવામાં આવી છે.**

ગુગલ પ્લે સ્ટોર અને આઇઓએસ પરથી ડાઉનલોડ કરી શકાશે

**ગુગલ પ્લે સ્ટોર લિંક**
https://play.google.com/store/apps/details?id=in.gov.calendar

**આઇઓએસ લિંક**
https://apps.apple.com/in/app/goi-calendar/id1546365594

**https://goicalendar.gov.in/**

# સાથે મળીને આપણે જીતીશું


**વ્યક્તિ હોય, પરિવાર હોય, સમાજ હોય કે પછી સમગ્ર રાષ્ટ્ર, દરેક સફળતા અને સમૃધ્ધિનો આધાર તંદુરસ્તી છે. દેશ જ્યારે કોરોના મહામારીના કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે આ બાબતનું મહત્વ વધી જાય છે. આપણે બધાંએ સાથે મળીને આ કટોકટી સામે લડવાનું છે અને જીતવાનું છે..**

## બીજી લહેર સામે લડવાની તૈયારી

ભારતમાં ફરી એક વાર એપ્રિલ મહિનામાં કોરોના કેસોની સંખ્યા ઝડપથી વધવાનું શરૂ થયું. કોરોનાની આ બીજી લહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓક્સિજન સપ્લાયર્સ, ડ્રગ ઉત્પાદકો, રસીના ઉત્પાદકો ઉપરાંત મુખ્યમંત્રીઓ અને નિષ્ણાતો સાથે એપ્રિલ મહિનામાં 20થી વધુ બેઠકો કરી. એપ્રિલના છેલ્લાં 10 દિવસ 10 બેઠકો થઈ હતી. વડાપ્રધાને રશિયા, જાપાન અને યુકેના વડાઓ સાથે ભારતની સ્થિતિ અને તૈયારી અંગે મંત્રાણા કરી હતી. બીજી લહેરમાં સરકાર કઈ રીતે તૈયારી કરી રહી છે તે જાણીએ...

## ઓક્સિજન સહિત દવાઓનો ઝડપી પુરવઠો, રસીકરણ પર ભાર

- **ટેસ્ટ, ટ્રેકિંગ, ટ્રીટમેન્ટ પર ભાર:** 4 એપ્રિલે યોજાયેલી સમીક્ષા બેઠકમાં વડાપ્રધાને નિર્દેશ આપ્યો હતો કે કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં લઈને ટેસ્ટ, ટ્રેસ અને ટ્રીટમેન્ટના મંત્ર સાથે કોવિડ પ્રોટોકોલ હેઠળ આરોગ્ય સુવિધાઓનું યોગ્ય સંચાલન થવું જોઈએ. તેમણે નિર્દેશ આપ્યો હતો કે ભાવિ જરૂરિયાતોને આધારે ફોકસ કરવું જોઇએ
- **RT PCR ટેસ્ટ વધારવા માટે સૂચનાઓ:** તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં દેશમાં 11થી 14 એપ્રિલ દરમિયાન 'ટિકા ઉત્સવ' દ્વારા કોરોના રસીકરણ તીવ્ર બનાવવા નિર્દેશ આપવામાં આવ્યો હતો. ટેસ્ટીંગમાં RT PCR ટેસ્ટ નો હિસ્સો વધારીને 70 ટકા કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.





# ઓક્સિજનનું ઉત્પાદન વધારવા સુવિધાઓનું વિસ્તરણ

દેશમાં ઓક્સિજનની વધતી જતી માગને ધ્યાનમાં રાખીને ઉત્પાદન વધારવા માટે સૂચના આપવામાં આવી હતી. ઓક્સિજનની ડિલિવરી સમયસર થાય તે માટે ડ્રાઈવરોને શિફ્ટમાં કામ કરવા જણાવવામાં આવ્યું હતું જેથી ચોવીસે કલાક પુરવઠો ચાલુ રહે. રાજ્યોનો ઓક્સિજન ક્વોટા વધારવામાં આવ્યો હતો અને તેમને લિક્વિડ મેડિકલ ઓક્સિજન પૂરો પાડવા સૂચના આપવામાં આવી હતી. જરૂરિયાતને પહોંચી વળવા સરકારે અન્ય દેશોમાંથી પણ ઓક્સિજનની આયાત કરી હતી. સ્ટીલ કંપનીઓને નાઈટ્રોજન ટેન્કર્સને ઓક્સિજન ટેન્કર્સમાં તબદિલ કરવા પણ સૂચના આપવામાં આવી હતી.

## ઉદ્યોગોથી માંડીને અન્ય દેશોએ ભારતને મદદ કરી

**551**

PSA (પ્રેશર સ્વિંગ એડોપ્શન) મેડિકલ ઓક્સિજન પ્રોડક્શન પ્લાન્ટ્સ પીએમ કેર્સ ફન્ડ દ્વારા સ્થપાઈ રહ્યા છે

**33**

PSA પ્લાન્ટ્સ શરૂ થઈ ચૂક્યા છે, બાકીના પ્લાન્ટ મે મહિનામાં શરૂ થઈ જશે

**5700**

મેટ્રિક ટન પ્રતિ દિન લિક્વિડ મેડિકલ ઓક્સિજનનું ઉત્પાદન ઓગસ્ટ 2020 સુધી થશે

- **7 એપ્રિલ, 2020** – મેડિકલ ઓક્સિજનના ઉત્પાદન માટે 24 કલાકમાં લાઈસન્સ જારી કરાયા
- **એપ્રિલ-મે 2020** – 1,02,400 સિલિન્ડર્સ રાજ્યોને આપવામાં આવ્યા
- **20 સપ્ટેમ્બર 2020** – લિક્વિડ મેડિકલ ઓક્સિજનની કિંમત નક્કી કરાઈ
- **5 જાન્યુઆરી 2020** – 162 PSA પ્લાન્ટ્સ સ્થાપવા રૂ. 201 કરોડ ફાળવાયા
- **16 એપ્રિલ 2021** – 50,000 મેટ્રિક ટન ઓક્સિજન માટે વૈશ્વિક ટેન્ડર જારી કરવામાં આવ્યા
- **18 એપ્રિલ 2021** – ઓક્સિજનના ઔદ્યોગિક વપરાશ પર પ્રતિબંધ .................. ઓક્સિજન એક્સપ્રેસ લોંચ કરવામાં આવી
- **21 એપ્રિલ 2021** – 1,27,000 ઓક્સિજન સિલિન્ડર્સના આદેશ
- **25 એપ્રિલ 2021** – દરેક જિલ્લામાં ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવામાં આવશે

**1,02,400**

ઓક્સિજન સિલિન્ડર્સ ગયા વર્ષે રાજ્યોને આપવામાં આવ્યા. ઓક્સિજનનો અવિરત પૂરવઠો આપવા વધુ 1,27,000 સિલિન્ડર્સ પૂરા પાડવામાં આવી રહ્યા છે

**9250**

મેટ્રિક ટન પ્રતિ દિન મેડિકલ ઓક્સિજનનું ઉત્પાદન એપ્રિલ 2021માં શરૂ થયું છે

**1,00,000**

પોર્ટેબલ ઓક્સિજન કોન્સન્ટ્રેટરની ખરીદી પીએમ કેર્સ ફન્ડ દ્વારા મંજૂર કરાઈ

**500**

વધુ PSA ઓક્સિજન પ્લાન્ટ્સ પીએમ કેર્સ ફન્ડ દ્વારા આગામી ત્રણ મહિનામાં ડીઆરડીઓ દ્વારા સ્થપાશે

# લશ્કરી દળોએ વિશ્વાસનો સંચાર કર્યો

દરેક ભારતીય માટે સશસ્ત્ર દળો આત્મવિશ્વાસ અને ભરોસાનું પ્રતીક છે. આ કપરાં સંજોગોમાં સમય બચાવવા માટે એરફોર્સ તેનાં એરક્રાફ્ટ્સનો ઉપયોગ કરીને ખાલી ઓક્સિજન ટેન્કર્સને ઉત્પાદન પ્લાન્ટ સુધી પહોંચાડે છે.



નૌકા દળ પણ ઓક્સિજનનું પરિવહન કરી રહ્યું છે. લશ્કરે કેટલાંક શહેરોમાં કોરોના દર્દીઓની સંભાળ લેવા કોવિડ કેર સેન્ટર્સ શરૂ કર્યા છે. છેલ્લાં બે વર્ષમાં નિવૃત્ત થયેલા મેડિકલ સ્ટાફને ફરીથી સેવા માટે બોલાવવામાં આવ્યા હતા

## રેમડેસિવિરની નિકાસ પર પ્રતિબંધ

- માગ પ્રમાણે રેમડેસિવિર મળી રહે તે માટે ઈન્જેક્શનનું ઉત્પાદન વધારવા પર ભાર મૂક્યો. કાળાબજાર ન થાય તે માટે ભાવ નિર્ધારિત કરવામાં આવ્યા.
- જાન્યુઆરી-ફેબ્રુઆરી સુધીમાં દેશમાં પ્રતિ માસ 27-29 લાખ ડોઝનું ઉત્પાદન થતું હતું. મે સુધીમાં તે પ્રતિ માસ વધીને 74.10 લાખ થશે. મહારાષ્ટ્ર, કેરળ, મધ્યપ્રદેશ અને દિલ્હી સહિતના 12 સૌથી અસરગ્રસ્ત રાજ્યોમાં પૂરતા પુરવઠા માટે સૂચના આપવામાં આવી

## રેલવે તંત્ર સજ્જ

- રાજ્યોમાં ઓક્સિજનના પૂરતા પુરવઠા માટે સ્પેશિયલ ટ્રેન ઓક્સિજન એક્સપ્રેસ શરૂ કરી
- 4,000 રેલવે કોચમાં ઓક્સિજન સાથેના 64,000 બેડ પૂરા પાડવામાં આવ્યા. રાજ્યોએ તેની માગણી કરી હતી
- પ્રથમ ઓક્સિજન એક્સપ્રેસ 26 એપ્રિલે મુંબઇ પહોંચી હતી. મહારાષ્ટ્ર અને યુપી સહિત 12 સૌથી અસરગ્રસ્ત રાજ્યોમાં ઓક્સિજન પુરવઠો શરૂ કરવામાં આવ્યો

### • જનભાગીદારીનો પ્રારંભઃ

વેન્ટિલેટર્સ, ટેસ્ટીંગ કિટ્સ સહિતના કોવિડ-19 પ્રોટોકોલના સંદર્ભમાં જરૂરી સંસાધનોની સમીક્ષા કરવા માટે વડાપ્રધાને તમામ રાજ્યોના ગવર્નર સાથે બેઠક કરી. કોરોના સામેની લડાઈમાં લોકોની ભાગીદારી માટે અપીલ કરવામાં આવી હતી. 20 એપ્રિલે લોકો સાથે વાત કરતા વડાપ્રધાન મોદીએ કોરાના સામેની બીજી લડાઈમાં દેશની તૈયારી અંગે વાત કરી હતી અને લોકોને મજબૂતીથી લડવા હાકલ કરી હતી.

**02**

વિશ્વમાં પીપીઇ કિટના ઉત્પાદનમાં ભારતનો ક્રમ. કોરોનાના પ્રારંભિક દિવસોમાં પીપીઇના ઉત્પાદનમાં ભારત ઘણું પાછળ હતું



### • નાના શહેરો પર ફોકસઃ

નાના અને મધ્યમ શહેરોમાં દર્દીઓની સંખ્યામાં વધારાને જોતાં આ શહેરો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. દર્દીઓને તેમનાં ઘરે ઓનલાઇન કાઉન્સેલિંગ ફેસિલિટી પૂરી પાડવામાં આવી રહી છે. આઇસીએમઆર અને આરોગ્ય મંત્રાલયે પણ રાજ્યોને માર્ગદર્શિકા પ્રમાણે હોમ આઇસોલેશનના દર્દીઓનું સતત મોનિટરીંગ કરવા જણાવ્યું

**12,000**

વેન્ટિલેટર બેડ્સ 2019-20માં મહામારીના પ્રારંભમાં હતા. આજે, આ આંક 78,000ને પાર કરી ગયો છે. ભારત વેન્ટિલેટર્સના મોટા ઉત્પાદકોમાં સ્થાન પામે છે

# રસી
## જ એક માત્ર ઇલાજ છે



અમેરિકાના ટોચના નિષ્ણાત ડો. એન્થોની ફૌસીના કહેવા પ્રમાણે, ભારતની કોવેક્સિન કોવિડના અનેક વેરિએન્ટને ડામવા સક્ષમ છે. ફૌસીના જણાવ્યા પ્રમાણે કોરોનાની વર્તમાન સ્થિતિમાં રસીકરણ એ જ સૌથી મહત્વનું શસ્ત્ર છે.

20 એપ્રિલ સુધીના રસીકરણના ડેટા પ્રમાણે કોવેક્સિનનો પ્રથમ ડોઝ લીધા પછી 93,56,436 લોકોમાંથી માત્ર 4208 લોકોને જ કોરોના થયો હતો, જે માત્ર 0.04 ટકા થયા.

10,03,02,745 લોકોએ કોવિશીલ્ડનો પ્રથમ ડોઝ લીધા પછી 17,145 લોકોને ચેપ લાગ્યો હતો, જે માત્ર 0.02 ટકા જ છે. બીજો ડોઝ લેનારા 1,57,32,754 લોકોમાંથી માત્ર 5014 લોકોને જ કોરોના થયો, જે માત્ર 0.03 ટકા જ છે.


## કોવેક્સિન



**17,37,178**

લોકોએ બંને ડોઝ લીધા હતા. તેમાંથી માત્ર 695 લોકોને જ ચેપ લાગ્યો

## હોસ્પિટલોએ આઇસોલેશન અને આઇસીયુ બેડ્સમાં 40 ગણો વધારો કર્યો





**1.11%**

કોરોનાથી ભારતમાં મૃત્યુદર, જે વિશ્વમાં સૌથી નીચામાંનો એક છે. બીજી લહેરમાં કેસો ઝડપથી વધવા છતાં આ દર નીચો




## દર્દીઓની સંખ્યામાં વધારો, પણ સાજા થયેલાઓની સંખ્યામા પણ સતત વધારો




**2,400**

લેબ્સ દૈનિક 15 લાખથી વધુ પરીક્ષણો કરે છે. 30 જાન્યુઆરી, 2020નાં રોજ પ્રથમ કેસ આવ્યો ત્યારે દેશમાં માત્ર એક જ લેબ હતી.

# સૌથી સસ્તી રસી સાથે વિશ્વનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ..



- કોરોના સામે રક્ષણ મેળવવા ભારત હાલ વિશ્વનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ ચલાવી રહ્યો છે. માત્ર 85 દિવસમાં 10 કરોડ લોકોને રસી આપીને ભારતે ટૂંકા સમયગાળામાં મહત્તમ લોકોને રસી આપીને વિક્રમ સર્જ્યો છે
- 21 એપ્રિલ 2021ની સ્થિતિએ માત્ર 95 દિવસોમાં 13 કરોડથી વધુ લોકોને રસી આપીને ભારતે ફરી એક વાર પુરવાર કર્યું કે આપણે ઝડપી રસીકરણમાં આગળ છીએ. અમેરિકાએ આ લક્ષ્ય 101 દિવસમાં અને ચીને 109 દિવસમાં હાંસલ કર્યું. 25 એપ્રિલ, 2021ની સ્થિતિએ કુલ 14 કરોડ લોકોને રસી આપવામાં આવી હતી
- ભારતમાં 16 જાન્યુઆરીથી હેલ્થકેર વર્કર્સ સાથે કોરોના રસીકરણનો પ્રારંભ થયો હતો. 2 ફેબ્રુઆરીથી ફ્રન્ટલાઇન વર્કર્સને પણ રસી આપવાનું શરૂ કરાયું હતું. 1 માર્ચથી 60થી ઉપરની વયના લોકોને રસી શરૂ કરવામાં આવી અને 45થી 59નાં વય જૂથના અને ગંભીર રોગો ધરાવતા લોકોને 1 એપ્રિલથી રસી આપવામાં આવી

18થી ઉપરની વયના લોકોનું રસીકરણ ચાલી રહ્યું છે. રસીકરણનો ત્રીજો તબક્કો 1મેથી શરૂ થયો છે.

સરકારે 1 એપ્રિલથી 45ની ઉપરના લોકોને રસી લેવાની મંજૂરી આપી હતી

45થી ઉપરના તમામ લોકોને કામકાજના સ્થળે રસી લેવાનો પ્રારંભ 12 એપ્રિલથી કરવામાં આવ્યો હતો

- રસીકરણ ઝૂંબેશને વેગવાન બનાવવા માટે કોવેક્સિન અને કોવિશીલ્ડની સાથે સાથે રશિયાની સ્પુટનિક V ને પણ મંજૂરી આપવામાં આવી છે.
- જુલાઇ સુધીમાં 30 કરોડ લોકોને રસી અપાઈ ચૂકી હશે. 30 કરોડથી વધુ વસતિ ધરાવતા માત્ર ત્રણ દેશો જ છે-ભારત, ચીન અને અમેરિકા

**16.16**

કરોડ રસીના ડોઝ અત્યાર સુધી કેન્દ્ર દ્વારા રાજ્યોને મફતમાં આપવામાં આવ્યા

**15.22**

કરોડ રસીના ડોઝ (બંને) 30 એપ્રિલ સુધીમાં દેશમાં આપવામાં આવ્યા

## પહેલાં આપણે મદદ કરી, હવે વિશ્વ મદદ કરી રહ્યું છે...

- કોવિડ મહામારીના પ્રારંભિક દિવસોમાં ભારતે હાઇડ્રોક્સિક્લોરોક્વિન સહિતની દવાઓ અને જરૂરી ચીજો મોકલીને અમેરિકા, જર્મની, રશિયા, જાપાન, કેનેડા સહિતના દેશોને મદદ કરી હતી. વધુમાં, 'વેક્સિન મૈત્રી'ના ભાગ રૂપે 80થી વધુ દેશોમાં કોવેક્સિન અને કોવિશીલ્ડ મોકલવામાં આવી હતી
- વિશ્વ આરોગ્ય સંસ્થાએ અન્ય દેશોને ભારત પાસેથી પ્રેરણા લેવા જણાવ્યું હતું. અમેરિકાએ તો મદદ માટે ભારતનો આભાર પણ માન્યો હતો. બ્રાઝિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનીને ભગવાન હનુમાન સાથે તેમની સરખામણી કરી હતી.
- કોરોનાની બીજી લહેરમાં ભારત મુશ્કેલીમાં છે ત્યારે વિશ્વભરના દેશો ભારતને મદદ કરી રહ્યા છે. ભુતાનથી માંડીને અમેરિકા અને સાઉદી અરેબિયાથી માંડીને જાપાને અને બ્રાઝિલ સહિતનાં 40 દેશો ભારતની પડખે ઊભા છે
- અમેરિકાએ ભારતને ઓક્સિજન સિલિન્ડર્સ, રેગ્યુલેટર્સ અને એન-95 માસ્ક મોકલ્યા છે. આ ઉપરાંત, દવાઓ અને રસી માટે જરૂરી રો-મટિરિયલ્સ પણ મોકલવામાં આવી રહ્યું છે
- બ્રિટને ભારતને રાહત સામગ્રી અને પુરવઠાના નવ કન્સાઇન્મેન્ટ્સ મોકલ્યા છે. જર્મની મોબાઇલ ઓક્સિજન પ્લાન્ટ્સ, માસ્ક્સ અને અન્ય મેડિકલ સહાય પૂરી પાડી રહ્યું છે
- સાઉદી અરેબિયા અને કુવૈતે ભારતને ઓક્સિજન પૂરો પાડ્યો છે. ઓસ્ટ્રેલિયા વેન્ટિલેટર્સ સહિતના મેડિકલ ઉપકરણો અને ગ્લોવ્ઝ, માસ્ક્સ અને દવાઓ આપી રહ્યું છે. સિંગાપોર અને થાઇલેન્ડે ઓક્સિજન ટેન્કર્સ આપ્યા છે.



# પહેલાં પણ જીત્યાં હતાં...

## કોરોનાના પ્રારંભિક તબક્કામાં ખૂબ ઝડપી નિર્ણયો લેવાયા

કોરોનાની પ્રથમ લહેરથી બીજી લહેરના સમયગાળામાં કેન્દ્ર સરકારે દેશના આરોગ્ય માળખામાં સુધારા માટે કામ કર્યુ હતું, સાથે સાથે કોરોના સંબંધિત દરેક કેસનો બારીકાઇથી અભ્યાસ પણ કર્યો હતો. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ, એઈમ્સ અને અન્ય મેડિકલ નિષ્ણાતો સતત દેખરેખ રાખી રહ્યા છે અને બદલાતી સ્થિતિ પ્રમાણે હોસ્પિટલો તથા સામાન્ય માણસો માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવે છે. સંબંધિત અધિકારીઓ દ્વારા વડાપ્રધાનને ઓક્સિજન, દવાઓ અને રસીના પુરવઠા અંગે મિનિટે મિનિટની અપડેટ આપવામાં આવે છે. કોરોના સામેની પ્રથમ લડાઈ જે રીતે લડી તેની પ્રશંસા વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અને અન્ય એજન્સીઓએ પણ કરી છે. હવે હિંમત, સાવધાની અને રસી દ્વારા બીજી લહેરને હરાવવાનો સમય છે. કોરોનાની પ્રથમ લહેરથી બીજી લહેર સુધીની આપણી તૈયારી અંગે જોઇએ..

- **સરકારી અને સંસ્થાકીય સ્તરે ઝડપી પ્રતિસાદ આપવામાં ભારત મોખરે હતું. ચીને વુહાન વાયરસ અંગે 7 જાન્યુઆરી, 2020નાં રોજ વિશ્વને જાણ કરી હતી. તેના બીજા જ દિવસે 8 જાન્યુઆરીએ ભારતે મિશન મિટિંગ યોજી હતી.**
- **ભારતે 17 જાન્યુઆરી, 2020થી પ્રવાસીઓનું સ્ક્રિનિંગ શરૂ કર્યું હતું. આમ કરનાર ભારત વિશ્વના પ્રારંભિક દેશોમાંનો એક હતો.**
- **ભારતમાં કોરોનાનો પ્રથમ કેસ 30 જાન્યુઆરી, 2020નાં રોજ નોંધાયો હતો અને તાત્કાલિક યુધ્ધના ધોરણે કન્ટેઈનમેન્ટ-સ્ક્રિનિંગ પગલાં ભરવામાં આવ્યા હતાં**
- **માર્ચ 2020નાં પ્રથમ સપ્તાહમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, "નિષ્ણાતોએ ભીડથી દૂર રહેવા જણાવ્યું છે, તેથી હું હોળીનાં કાર્યક્રમમાં ભાગ નહીં લઉં." મહામારીના પ્રારંભમાં વિશ્વના જૂજ નેતાઓએ આવો અભિગમ અપનાવ્યો હતો. એ વખતે ભારતમાં કોરોનાના 50 કેસ પણ નહોતા.**

# WHOએ પણ ભારતના મોડલની પ્રશંસા કરી હતી

**RT PCRની સાથે સાથે રેપિડ એન્ટીજન ટેસ્ટ્સ શરૂ કરનારા દેશોમાં ભારત પણ હતો. પ્રારંભમાં આ વ્યૂહ માટે ભારતની ટીકા થઈ હતી, પણ પછીથી વિશ્વ આરોગ્ય સંસ્થાએ પોતે આ મોડલ અપનાવ્યું હતું.**

- દેશના મોટા ભાગમાં રાજ્યોમાં એપ્રિલ મહિનામાં જ માસ્ક પહેરવું ફરજિયાત કરી દેવાયું હતું, જ્યારે WHOએ તો છેક જૂન મહિનામાં વૈશ્વિક સ્તરે માસ્ક પહેરવાની સલાહ આપી હતી.


- વડાપ્રધાન મોદીએ 24 માર્ચ, 2020નાં રોજ રાષ્ટ્રને કરેલા સંબોધનમાં રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી હતી. પરિસ્થિતિની ગંભીરતા તરફ ધ્યાન દોરવા માટે તેમણે 'જાન હૈ તો જહાન હૈ'નો સંદેશો આપ્યો. મતલબ કે જીવનથી વધુ કિંમતી કંઇ જ નથી. દેશમાં લોકડાઉન લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યાં સુધી વિશ્વના કોઇ દેશે આ પ્રકારનું પગલું લીધું નહોતું.
- લોકડાઉન દરમિયાન વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને દીપ પ્રજ્વલિત કરવાનું અને સકારાત્મકતાનો સંદેશો ફેલાવીને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા અપીલ કરી હતી. સરકારે લોકડાઉનના સમયગાળાનો ઉપયોગ કોરોના સામે લડવા આરોગ્ય માળખું સુધારવા માટે કર્યો.
- અનલોકના તબક્કા પહેલાં તેમણે રાષ્ટ્રને સંબોધન કર્યું અને 'જાન ભી ઔર જહાન ભી'નો સંદેશો આપ્યો.
- 28 નવેમ્બરનાં સત્તાવાર ડેટા પ્રમાણે, ભારતમાં પ્રતિ 10 લાખે 6731 કોરોના કેસ હતા, જે અન્ય દેશો કરતા ઘણાં ઓછા હતા. અમેરિકામાં, પ્રતિ 10 લાખે 40,000, યુકેમાં 23,361, ફ્રાન્સમાં 33,424, બ્રાઝિલમાં 29,129 અને ઇટલીમાં 25,456 કેસો હતા,
- 28 નવેમ્બરનાં ડેટા પ્રમાણે ભારતમાં પ્રતિ 10 લાખે કોરોનાથી 98નાં મૃત્યુ થયા હતા, જ્યારે અમેરિકા, બ્રાઝિલ, ફ્રાન્સ, સ્પેન, યુકે અને ઇટલીમાં અનુક્રમે 8,13,805, 7,80,955, 8,46,888 લોકોનાં મૃત્યુ થયા હતા. અન્ય દેશોમાં 10 લાખે મૃત્યુદર ભારત કરતાં 8થી 9 ગણો વધુ હતો.

## ભારત વિશ્વની ફાર્મસી બની



- કોવિડ મહામારીના સમયમાં ભારતે અન્ય દેશોમાં હાઇડ્રોક્સિક્લોરોક્વિન સહિતની દવાઓના વિશાળ કન્સાઇન્મેન્ટ્સ પૂરાં પાડ્યા હતા. આ ઉપરાંત, પીપીઈ કિટ અને માસ્ક પણ જથ્થાબંધ ધોરણે વિદેશમાં મોકલવામાં આવ્યા હતા. ભારતે ભારે મુશ્કેલીમાં મૂકાયેલા અમેરિકા, બ્રાઝિલ સહિતના દેશોને મદદ કરી હતી.
- વડાપ્રધાન મોદીએ અમદાવાદમાં ઝાયડસ બાયોટેક પાર્ક, હૈદરાબાદમાં ભારત બાયોટેક અને પૂણેમાં સિરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાની મુલાકાત લઈને રસીના સંશોધન અને ઉત્પાદનની જાતમાહિતી મેળવી હતી.
- ભારતમાં નિર્મિત કોવેક્સિન અને કોવિશીલ્ડ રસીઓ વિશ્વની સૌથી સસ્તી રસીઓ છે. ભારતમાં વિક્રમ સમયમાં કોરોના રસીના સંગ્રહ અને પુરવઠા માટે કોલ્ડ ચેઇન નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું હતું.

### આ રીતે આપણે કોરોનાની પ્રથમ લહેરમાં જીત્યા




**32,400** વેન્ટિલેટર્સ દેશની સરકારી હોસ્પિટલોને આપવામાં આવ્યા હતા

આ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારોને 3.70 કરોડ N95 માસ્ક અને 1.60 કરોડ પીપીઇ કિટ્સ આપવામાં આવી હતી.

# કોરોના સામે રક્ષણ મેળવવા આયુર્વેદ પણ જરૂરી


**ભારતની પ્રાચીન ઔષધિ આયુર્વેદ કોરોના સામે રક્ષણ આપવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. મહામારીની બીજી લહેરમાં AYUSH મંત્રાલયે નવી માર્ગદર્શિકા જારી કરી છે, જેનું પાલન કરવાથી રોગપ્રતિકારક શક્તિમાં તીવ્ર વધારો થાય છે.**

## આયુર્વેદથી રોગપ્રતિકારકતા વધારવાની સલાહ



- સવારમાં 10 ગ્રામ (એક ચમચી) ચ્યવનપ્રાશ લો. ડાયાબિટીકે સુગર ફ્રી ચ્યવનપ્રાશ ખાવું જોઇએ
- દિવસમાં એક કે બે વાર તુલસી, તજ, કાળાં મરી, સુંઠ અને કિસમિસમાંથી બનાવેલી હર્બલ ટી / ઉકાળો પીવો. તમારા ટેસ્ટ પ્રમાણે ગોળ અને/અથવા ફ્રેશ લેમન જ્યુસ ઉમેરો.
- દિવસમાં એક કે બે વાર 150 એમએલ ગરમ દૂધ અડધી ચમચી હળદર નાખીને પીઓ

## રોગપ્રતિકારકતા વધારવાનાં પગલાં



- દિવસ દરમિયાન હૂંફાળું પાણી પીતાં રહો
- ઓછામાં ઓછી 30 મિનિટ માટે દરરોજ યોગાસન, પ્રાણાયમ અને મેડિટેશન કરો
- રસોઇમાં હળદર, જીરું, ધાણાં અને લસણનો ઉપયોગ કરવાની ભલામણ છે

## માઇલ્ડ કોવિડ-19ના લક્ષણોમાં શું કરવું?



**ઝીણો તાવ, માથું દુઃખવું, બેચેની, થાક**
- 15 દિવસ સુધી દિવસમાં બે વાર સુદર્શન ઘનવટી (500 એમજી)
- 15 દિવસ માટે દિવસમાં બે વાર નાગરાડી કશાયમ

**કફઃ** દિવસમાં ત્રણ વાર સિતોપલાદી ચુરણ મધ (3 ગ્રામ) સાથે

**ગળામાં સોજોઃ** જરૂર પ્રમાણે વ્યોશદી વટીની 1-2 ગોળી ચાવો. 15 દિવસ માટે યષ્ટીમધુ ચુરણ (1-3 ગ્રામ) દિવસમાં બે વાર

**નાક બંધ થવું, સ્વાદ જતો રહેવોઃ** જરૂર પ્રમાણે વ્યોશદી વટીની 1-2 ગોળી ચાવો

## સામાન્ય માર્ગદર્શિકા



ચપટી હળદર અને મીઠું નાખીને ગરમ પાણીના કોગળા કરો. કોગળા માટે ત્રિફળા અથવા યષ્ટીમધુ નાખીને ગરમ કરેલું પાણી પણ વાપરી શકાય

દિવસમાં એક કે બે વાર ઔષધીય તેલ કે  તલ/નારિયેળનું તેલ કે ગાયના ઘીને નાકના છિદ્રોમાં નાખવું

દિવસમાં એક વાર અજમો, ફુદીનો કે નીલગિરીનું તેલ કે કપુર નાખીને વરાળ લો

રાત્રે 7થી 8 કલાકની પૂરતી ઊંઘ લો. દિવસે ઉંઘવાનું ટાળવું

તુલસીથી પ્રોસેસ્ડ કરેલું પાણી વારંવાર પીવું

## સુકી ખાંસી/ ગળામાં સોજો



- દિવસમાં એક વાર વરાળ લો (પાણીમાં ફુદીનાના પાંદડા અથવા અજમો નાખીને)
- ખાંસી કે ગળામાં તકલીફ હોય તો ખાંડ/મધમાં લવિંગ પાઉડર મિક્સ કરીને દિવસમાં બે-ત્રણ વાર પીવો.
- આ નુસખાથી સામાન્ય રીતે સામાન્ય સુકી ખાંસી અને ગળામાં સોજો દૂર થાય છે. જો કે, લક્ષણો ચાલુ રહે તો ડોક્ટરની સલાહ લેવી

## સામાન્ય આયુર્વેદ પ્રક્રિયા



- **નાક વાટે**- સવારે અને સાંજે નાકના બંને છિદ્રોમાં તલનું તેલ/ નારિયેળનું તેલ કે ઘી નાખો
- **ઓઇલ પુલિંગ થેરપી**- મોઢામાં એક ચમચી તલનું તેલ કે નારિયેળનું તેલ લો. પીશો નહીં પણ બેથી ત્રણ મિનિટ માટે મોઢાંમાં જ રાખો અને પછી ફેંકી દો અને પછી ગરમ પાણીના કોગળા કરો. દિવસમાં બે-ત્રણ વાર આમ કરો.



# સાવધાની એ જ બચાવ છે..

## તો સામાજિક અંતર જાળવો અને રસી મૂકાવો

કોરોના મહામારીમાં નકારાત્મક સમાચારો વચ્ચે મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના કટગાંવ ટાંડા ગામમાંથી પ્રોત્સાહક અહેવાલ આવ્યા છે. આ ગામના વયોવૃધ્ધ દંપત્તિએ કોરોનાને માત આપી છે. 105 વર્ષીય ધેનુ ચવાણ અને તેમનાં 95 વર્ષીય પત્ની મોતાબાઇને માર્ચના અંતમાં કોરોના થતાં સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના આઇસીયુમાં નવ દિવસ ગાળ્યા પછી તેઓ સંપૂર્ણ સાજા થઈને ઘરે પરત ફર્યા હતા.

મોરેના, મધ્યપ્રદેશના નિવાસી સુમીત દુબેએ બે વાર કોરોનાને સફળતાપૂર્વક માત આપી છે અને હવે તેમણે લોકોને આ મહામારી સામે જાગૃત કરવા સોશિયલ મિડિયાની મદદ લીધી છે. ગયા વર્ષે પ્રથમ લહેરમાં તેમને કોરોનાનું સંક્રમણ થયું અને આ વર્ષે બીજી લહેરમાં પણ તેઓ કોરોના પોઝિટિવ આવ્યા. બંને વખતે તેઓ હોમ આઇસોલેશનમાં રહ્યા અને સંપૂર્ણ સાજા થઈ ગયા. તેમનાં મતે આ રોગ સામે લડવાનો ઉપાય છે આત્મવિશ્વાસ અને ડોક્ટરની સૂચનાઓનું પાલન.

કોરોના ચેપી રોગ છે, પણ વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા પ્રમાણે 85 ટકા દર્દીઓ હોમ આઇસોલેશનમાં રહીને સાજા થાય છે. જ 15 દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવા પડે છે, તેમાંથી 10ને જ ઓક્સિજનની જરૂર પડે છે. આ મહામારીમાં સાચી માહિતી કોરોનાને રોકવાનો ઉપાય છે. લોકોને જાગૃત કરવા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) નિયમિત રીતે માર્ગદર્શિકા જારી કરે છે. કોરોના રોગ, તેનાં લક્ષણો, ઉપાયો અને સારવાર અંગે વધુ જાણીએ.



**એસિમ્પ્ટોમેટિક કે હળવા લક્ષણો ધરાવતા કોરોના કેસ**

આવા કેસનું નિદાન પરીક્ષણ દ્વારા થાય છે. આવા દર્દીઓમાં 94 ટકા ઓક્સિજન લેવલ હોય છે, જે સામાન્ય છે.



**દર્દીઓ માટે મહત્વની સૂચના**

દર્દીએ પરિવારથી દૂર અલગ રૂમમાં એકલાં રહેવું જોઇએ, ખાસ કરીને એવા કેસોમાં જેમાં દર્દી સિનિયર સિટિઝન હોય અથવા તો બ્લડપ્રેશર, હૃદયરોગ કે કિડનીની સમસ્યાથી પિડિત હોય



દર્દીને પૂરતા હવા-ઉજાસ વાળા રૂમમાં રાખવા જોઇએ અને તાજી હવા માટે બારીઓ ખુલ્લી રાખવી જોઇએ



હંમેશા ટ્રિપલ લેયર માસ્કનો ઉપયોગ કરો અને આઠ કલાકના ઉપયોગ પછી તેનો નિકાલ કરી દો. કોરોના દર્દીની સંભાળ રાખનારા સગાએ પણ N95 માસ્ક પહેરવો જોઇએ

માસ્કને ચેપમુક્ત કરવા એક ટકા સોડિયમ હાઇપોક્લોરાઇટ દ્વારા ટ્રીટ કરીને નિકાલ કરવો જોઇએ



શરીરમાં પૂરતા પ્રમાણમાં પ્રવાહી જાળવવા દર્દીએ પૂરતો આરામ કરવો જોઇએ અને વારંવાર પ્રવાહી ચીજો લેતા રહેવી જોઇએ



40 સેકન્ડ્સ માટે હાથને બરાબર રીતે ધોવો અને હાથ સ્વચ્છ રાખવા આલ્કોહોલ આધારિત સેનિટાઇઝર્સનો ઉપયોગ કરો





દર્દીએ જાતે શરીરનું તાપમાન અને આરોગ્યની સ્થિતિ ચેક કરતાં રહેવું જોઇએ. પલ્સ ઓક્સિમીટરની મદદથી દર્દી પોતાનું ઓક્સિજન લેવલ ચકાસી શકે છે.



## હોમ આઇસોલેશનની ભલામણ કોને કરાય

- કોરોના દર્દી એસિમ્પ્ટોમેટિક હોય અથવા હળવા લક્ષણો હોય
- દર્દીના ઘરમાં તમામ જરૂરી સુવિધાઓ હોવી જોઇએ
- કોરોના દર્દીની સંભાળ લેવા ખાસ વ્યક્તિ હોવી જોઇએ. આઇસોલેશન પિરિયડ દરમિયાન સગાએ હોસ્પિટલનાં સંપર્કમાં રહેવું જોઇએ

60થી વધુની ઉંમરના અથવા બીપી, ડાયાબિટીસ, હૃદયરોગ, ફેફસાં, લિવર કે કિડનીની બિમારીથી પિડાતા લોકોને ડોક્ટરની સલાહથી હોમ આઇસોલેશનની ભલામણ કરવામાં આવે છે

એચઆઇવી કે કેન્સર અથવા ટ્રાન્સપ્લાન્ટ કરેલા દર્દીઓ માટે હોમ આઇસોલેશનની ભલામણ નથી કરાતી. તેમને હોસ્પિટલાઇઝેશનની જરૂર પડે છે

દર્દીની સંભાળ રાખનારા અને જેઓ કોરોના દર્દીના સીધા સંપર્કમાં આવ્યા હોય તેમણે ડોક્ટરની ભલામણ પછી જ જરૂરી પ્રમાણમાં હાઇડ્રોક્સિક્લોરોક્વિન લેવી

**https://www.mohfw.gov.in/pdf/Guidelinesforhomequarantine.pdf**
પર પ્રસિધ્ધ થયેલી માર્ગદર્શિકાઓનું પાલન કરવાની ભલામણ છે



### દર્દીની સંભાળ રાખનારા માટે સાવધાની

હંમેશા થ્રી-લેયર્ડ માસ્ક પહેરો. દર્દીને એટેન્ડ કરતી વખતે N95 માસ્ક પહેરો. દર્દીને એટેન્ડ કરીને તરત જ યોગ્ય રીતે હાથ ધોવો. બાયો-મેડિકલ વેસ્ટનો નિકાલ CPCBની ગાઇડલાઇન્સ પ્રમાણે કરવો જોઇએ



### હોમ આઇસોલેશન ક્યારે પૂરું થાય

હોમ આઇસોલેશન હેઠળનાં દર્દીને કોરોના લક્ષણો દેખાય તેનાં 10 દિવસ પછી અને સતત ત્રણ દિવસ સુધી તાવ ન આવે તો હોમ આઇસોલેશન પૂરું થયું ગણાય



હોસ્પિટલમાં **રેમડેસિવિર** કે અન્ય કોઇ પણ દવા ડોક્ટરના નીરીક્ષણ હેઠળ અપાવી જોઇએ. કોરોના દર્દીને ઘરે તમારી જાતે રેમડેસિવિર દવા આપવાનો પ્રયાસ ન કરો.

### એસિમ્પ્ટોમેટિક અથવા માઇલ્ડ સિમ્પટમ ધરાવતા દર્દીઓની સારવાર

દર્દીએ ડોક્ટરના સંપર્કમાં રહેવું જોઇએ અને કોઈ મુશ્કેલી જણાય તો તેમને જણાવવું જોઇએ. ડોક્ટરની સલાહ પ્રમાણે અન્ય રોગોની દવા ચાલુ રાખી શકાય

તાવ, નાકમાંથી પ્રવાહી વહેવું અને ખાંસી કોરોનાના લક્ષણો હોઈ શકે છે. દર્દીએ નિયમિત રીતે હુંફાળા પાણીના કોગળા કરવા જોઇએ અને દિવસમાં બે કે ત્રણ વાર વરાળ લેવી જોઇએ.

દિવસમાં ચાર વાર 650 એમજીની પેરાસિટેમોલ ટેબ્લેટનો ડોઝ લેવા છતાં તાવ ચાલુ રહે તો તાત્કાલિક તમારા ડોક્ટરનો સંપર્ક કરો, જે અન્ય દવાઓની ભલામણ કરી શકે

ઓક્સિજનનું પ્રમાણ નીચું જાય અથવા શ્વાસ લેવામાં તકલીફ પડે તો દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવા જોઇએ અને ત્યાંના ડોક્ટરની સલાહ લેવી જોઇએ

### સારવાર ક્યારે લેવી જોઇએ

- શ્વાસ લેવામાં તકલીફ પડે
- ઓક્સિજનનું પ્રમાણ નીચું જાય
- છાતીમાં સતત દુ:ખાવો રહે
- દર્દી માનસિક રીતે વિક્ષુબ્ધ રહે
- ગંભીર લક્ષણો દેખાય તો તાત્કાલિક મેડિકલ સલાહ લો

### સંબંધિત અધિકારીની ભૂમિકા

- આઇસોલેટેડ દર્દીનું બારીકાઇથી નીરિક્ષણ
- હોમ આઇસોલેશનમાં રહેલા દર્દીના આરોગ્યની દૈનિક ધોરણે દેખરેખ
- દર્દીની વિગતો કોવિડ-19 પોર્ટલ અને સંબંધિત એપ પર અપડેટ કરવી
- હોમ આઇસોલેશન પ્રોટોકોલનો ભંગ કે તાત્કાલિક મેડિકલ જરૂરિયાત લાગે તો દર્દીને હોસ્પિટલ ખસેડવા યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ

# તમામ માટે આરોગ્ય

**2014માં સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે એવા સેક્ટરમાં ઝંઝાવાતી ફેરફાર કરવામાં આવ્યા જેનાં પર અગાઉ કોઈએ ધ્યાન આપ્યું નહોતું. સરકાર નવી હોસ્પિટલો, મેડિકલ કોલેજો અને અન્ય મેડિકલ સુવિધાઓનું નિર્માણ કરીને આરોગ્યનું માળખું સુધારવા પગલાં લઈ રહી છે. સરકારે ગરીબોને મફત આરોગ્ય સેવાઓ પૂરી પાડવા વિવિધ યોજનાઓ શરૂ કરી છે. આ ઉપરાંત, સંતુલિત વિકાસ માટે ગામડાં, નાના શહેરો અને મોટાં શહેરોમાં આરોગ્ય સેવા વધારવામાં આવી છે.**

દેશમાં વર્ષોથી લોકો માટે આરોગ્યની સુવિધાઓનું પ્રમાણ ઘણું ઓછું રહ્યું હતું, જેને કારણે તમામને આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં અવરોધ આવતો હતો. દેશના અંતરિયાળ વિસ્તારો પર સૌથી વધુ અસર પડી છે કારણ કે ત્યાં આરોગ્યકર્મીઓ કે માળખાનો અભાવ છે. આ વિસંગતતા દૂર કરવા સૌ પ્રથમ વાર બજેટમાં આરોગ્ય ક્ષેત્રને સૌથી વધુ હિસ્સો આપવામાં આવ્યો છે અને આ સેક્ટર માટેના ભંડોળમાં 137 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

## લોકોની અપેક્ષાઓ પૂરી કરી

દેશમાં કોરોનાનો પ્રથમ કેસ 30 જાન્યુઆરી, 2020નાં રોજ નોંધાયો ત્યારે કોરોનાના પરીક્ષણો કરવા માટે એક માત્ર લેબોરેટરી પૂણેમાં હતી. માત્ર નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી ખાતે જ કોરોનાનું પરીક્ષણ થતું હતું. હાલમાં દેશભરમાં 2486 લેબોરેટરીમાં કોરોના પરીક્ષણની સુવિધા છે. ચેપી રોગને પ્રારંભિક તબક્કામાં જ ડામવા અને તેનાં સારવાર માટેની સુવિધાઓ પૂરી પાડવા સરકારે દેશમાં આરોગ્યની સુવિધાઓ વધારવાનું અભિયાન શરૂ કર્યું. આ માટે 2021-22ના વાર્ષિક બજેટમાં 'પ્રાઈમ મિનિસ્ટર આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના' હેઠળ વિશેષ જોગવાઈઓ કરવામાં આવી હતી.

## ઉપરથી નીચે સુધી પરિવર્તન પર ભાર

**137%**

આરોગ્ય ક્ષેત્ર માટે બજેટમાં વધારો, જે સરકારની પ્રાથમિકતા દર્શાવે છે

**80%**

રકમ રસીકરણના પ્રથમ તબક્કા માટે પીએમ કેર્સ ફન્ડમાંથી આપવામાં આવી હતી. વેન્ટિલેટર્સ અને ઓક્સિજન પ્લાન્ટ માટે સ્પેશિયલ ગ્રાન્ટ્સ



## આરોગ્યનું માળખું સુધારવા આ ચાર સેક્ટર્સ પર વિશેષ ભાર




| 01 | 02 | 03 | 04 |
|---|---|---|---|
| રોગને બેકાબૂ થતો રોકવા સ્વચ્છતાને પ્રોત્સાહન | ગરીબોને કિફાયતી દરે અને અસરકારક સારવારની સુવિધા સુનિશ્ચિત | આરોગ્ય માળખું અને મેડિકલ જગતમાં ગુણવત્તા સુધારવા પર ભાર | અવરોધો દૂર કરવા મિશન મોડમાં કામ કરવું |

# ગરીબો માટે મફત સારવાર સુનિશ્ચિત કરી



**6.3** કરોડ લોકો અગાઉ ભારે મેડિકલ ખર્ચાને કારણે દર વર્ષે ગરીબી રેખાની નીચે ધકેલાતા હતા

**10.74** કરોડ ઘરો, જે દેશની લગભગ 50 ટકા વસતિને આવરી લે છે તેમને રૂ. 50 લાખ સુધીની મફત મેડિકલ સારવાર માટે PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા

7676 જન ઔષધિ કેન્દ્રો દ્વારા 90 ટકા સુધીના ઓછા ભાવમાં દવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આ કેન્દ્રો પર માત્ર એક રૂપિયામાં સેનિટરી નેપકીન ઉપલબ્ધ કરવામાં આવે છે.

બેર-મેટલ સ્ટેન્ટ રૂ. 7260માં ઉપલબ્ધ છે, જ્યારે ડ્રગ-એલ્યુટિંગ સ્ટેન્ટ સહિતના મેટાલિક બાયોડિગ્રેડેબલ સ્ટેન્ટ રૂ. 29,600માં ખરીદી શકાય છે. આમ સ્ટેન્ટની કિંમત 85 ટકા સુધી ઘટી ગઈ છે.

- 22 રાજ્યોમાં 50થી વધુ પ્રોજેક્ટ્સ શરૂ કરીને કુપોષણ ડામવા વિશેષ ઝૂંબેશ
- પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના હેઠળ સગર્ભા મહિલાઓને રૂ. 6,000 આપવામાં આવે છે. આ યોજનાથી દર વર્ષે 51 લાખથી વધુ મહિલાઓને લાભ થાય છે.
- PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ ગરીબોની સારવાર માટે આશરે રૂ. 7 અબજ ખર્ચવામાં આવ્યા છે.



## ટીબીને નાબૂદ કરવા માટે સરકારનું લક્ષ્ય

**2025**

વિશ્વમાં 2030 સુધીમાં ટીબી નાબૂદ કરવાનું સંયુક્ત રાષ્ટ્રનું લક્ષ્ય છે, જ્યારે ભારત 2025 સુધીમાં દેશમાંથી ટીબી નાબૂદ કરવાનું લક્ષ્ય ધરાવે છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટીબી-મુક્ત ભારત માટે વ્યૂહાત્મક યોજના જાહેર કરી છે. આ મહત્વાકાંક્ષી લક્ષ્ય હાંસલ કરવા માટે પ્રથમ ત્રણ વર્ષમાં રૂ. 12,000 કરોડ ફાળવવામાં આવ્યા છે.

## સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સેનિટેશન કવરેજમાં વધારો

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

દેશના મોટા ભાગના ગામડાંઓ ખુલ્લામાં શૌચ મુક્ત જાહેર કરવામાં આવ્યા છે. 20 એપ્રિલ, 2021 સુધીમાં 11 કરોડથી વધુ શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**22** એઈમ્સ દેશમાં શરૂ કરવામાં આવી જેનો હેતુ દેશમાં મેડિકલ શિક્ષણને પ્રોત્સાહન આપવાનો હતો. 370મી કલમ નાબૂદ થયા પછી જમ્મુ કાશ્મીર પર ખાસ ભાર મૂકવામાં આવ્યો, જ્યાં બે એઈમ્સ અને નવ નવી મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવી.

- કોરોના મહામારી દરમિયાન દેશમાં 50,000થી વધુ હેલ્થ અને વેલનેસ સેન્ટર્સ ખુલ્યાં
- ટેલિમેડિસિન સર્વિસથી 10 લાખ લોકોને લાભ થયો
- 2014માં મેડિકલ કોલેજોમાં 52,000 ગ્રેજ્યુએટ અને 30,000 પોસ્ટ ગ્રેજ્યુએટ સીટ હતી, જે વધીને હાલમાં અનુક્રમે 85,000 અને 46,000 થઈ છે.
- 1947થી 2014 સુધીમાં 381 મેડિકલ કોલેજો ખૂલી હતી, પણ 2014થી 2020નાં ટૂંકા સમયગાળામાં 184 મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવી છે.




## દરેક બાળકને રસી આપવામાં આવશે

મિશન ઈન્દ્રધનુષ નામની મહત્વાકાંક્ષી યોજના જાહેર કરવામાં આવી છે, જે અંતર્ગત બાળકોને 12 રોગ સામેની રસી મૂકવામાં આવશે. ન્યુમોકોક્કલ રસીકરણ માટે અભિયાન શરૂ કરવા બજેટમાં જાહેરાત કરવામાં આવી હતી, જેનાથી દેશમાં 50,000 બાળકોનાં જીવ બચશે.

**3.70**


કરોડ બાળકો અને આશરે 92 લાખ સગર્ભાઓને મિશન ઈન્દ્રધનુષ હેઠળ રસી આપવામાં આવી છે ■

વિશ્વાસના સાત વર્ષ

# નવનિર્માણ તરફ નવું ભારત

**દાયકાઓ સુધી નસીબના ભરોસે રહેલો દેશ હવે સર્વગ્રાહી વિકાસની વિચારધારા અને ટેકનિકની મદદથી પ્રગતિના માર્ગે અગ્રેસર છે...**

દેશની 65 ટકા વસતિ 35થી નીચેની વયની છે. તેમનામાં સ્વાભાવિક આકાંક્ષાઓ પણ છે, તો રાષ્ટ્રને પ્રગતિની ઊંચાઇ પર લઈ જવાની ભાવના પણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ન્યૂ ઈન્ડિયા' અને 'ગ્રેટ ઈન્ડિયા'નાં વિઝનનો હેતુ યુવાનોને સલામત, સમૃધ્ધ અને પ્રગતિશીલ રાષ્ટ્ર આપવાનું છે. કોરોના જેવી મહામારીમાં પણ દેશ 'ન્યૂ ઈન્ડિયા'ના નિર્માણની દિશામાં આગળ વધી રહ્યો છે.



"અમારી વિચારધારા દેશનાં લાભમાં હોય છે. અમે એ વિચારધારામાં ઉછર્યા છીએ જે રાષ્ટ્ર પ્રથમ (નેશન ફર્સ્ટ)ની વાત કરે છે. એ અમારી વિચારધારા છે કે અમને રાજનીતિના પાઠ રાષ્ટ્રનીતિની ભાષામાં ભણાવવામાં આવે છે. આપણે રાજનીતિ અને રાષ્ટ્રનીતિમાંથી કોઇ એકને સ્વીકારવાની છે. અમને રાષ્ટ્રનીતિનો સ્વીકાર કરવાના અને રાજનીતિને બીજા ક્રમે મૂકવાના સંસ્કાર મળ્યા છે. અમને ગર્વ છે કે અમારી વિચારધારા 'સબકા સાથ સબકા વિકાસ, સબકા વિશ્વાસ'ની વાત કરે છે અને એ મંત્રને અમે જીવીએ છીએ."

નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

રાજકીય મહાસત્તાઓએ 20મી સદીને આકાર આપ્યો હતો, તો 21મી સદીનું નેતૃત્વ ટેકનોલોજી સુપરપાવર્સના હાથમાં હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટેકનોલોજી વિકાસનો રોડમેપ તૈયાર કર્યો, જેણે ભારતમાં સુશાસનને વેગ આપ્યો. ભારતના ઝડપી વિકાસે સમગ્ર વિશ્વને ચોંકાવ્યું એટલું જ નહીં, આંતરરાષ્ટ્રીય મંચો પર પણ ભારતનું કદ વધાર્યું. ટેકનોલોજીના સારા ઉપયોગનું પરિણામ એ આવ્યું કે કોરોના જેવી મહામારીમાં પણ દેશ રોકાયો નહીં. લોકડાઉન છતાં ગરીબોને તેમનાં અધિકાર મળ્યા. આ આપત્તિમાંથી બહાર આવવા ભારત જેવા ગીચ વસતિ ધરાવતા દેશે આરોગ્યનું એવું માળખું ઊભું કર્યું કે કોરાનાની પ્રથમ લહેરમાં આપણે ટકી શક્યા. હવે કોરોનાની બીજી લહેરે ભયાનક સ્વરૂપ પકડ્યું છે ત્યારે કેન્દ્ર સરકારે ફરી એક વાર 'જાન હૈ તો જહાન હૈ'ના મંત્રને અપનાવીને લોકોના જીવનને બચાવવાની પ્રથમ પ્રાથમિકતા આપી. આ કામમાં ટેકનોલોજીના યોગ્ય ઉપયોગ દ્વારા આપણને તાત્કાલિક સારા પરિણામ મળ્યાં છે.

નવી સદીમાં ટેકનોલોજીના મહત્વનો અંદાજ એના પરથી લગાવી શકાય કે દેશમાં પ્રથમ વાર એવું બન્યું કે છેવાડાનો માનવી સરકારી યોજનાનો સીધો લાભાર્થી બન્યો. વિજ્ઞાન અને ટેકનોલોજી ભારતના વિકાસનાં એવા ઉપકરણ બની ગયા છે કે વહીવટી સુધારા, વીજળી, રેલ સેવા, ભ્રષ્ટાચાર પર અંકુશ, ટેક્સમાં પારદર્શિતા, જીએસટી દ્વારા એક દેશ એક ટેક્સ, સ્કિલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, ખેડૂતો-મહિલાઓના હિતમાં પગલાં, શિક્ષણના ક્ષેત્રમાં પરિવર્તનથી માંડીને સંરક્ષણમાં આધુનિકીકરણ થઈ રહ્યું છે અને દાયકાઓથી અટકી પડેલા પ્રોજેક્ટ્સ સાકાર થઈ રહ્યા છે.

નીતિ ઘડવામાં નિર્ણાયકતા, વિકાસ માટે તીવ્ર ઝડપથી કાર્યવાહી, ગામડાં-ગરીબની ચિંતા, ટેકનોલોજીને પ્રોત્સાહન દ્વારા વિકાસ, અને લોકોના જીવનધોરણમાં સુધારો એ ભારતના નવા સક્સેસ મોડલનું પ્રમાણ છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં પૂરા થયેલાં વિવિધ પ્રોજેક્ટ્સે વિકાસનાં નવા માપદંડો પ્રસ્થાપિત કર્યા છે. કોણે વિચાર્યું હશે કે માઇનસ 30 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ધરાવતા લડાખમાં નળનું પાણી મળી શકે? આસામની બ્રહ્મપુત્રા નદી પર બોગીબીલ પુલનું નિર્માણ વિક્રમ સમયમાં થઈ શકે? કોણે વિચાર્યું હશે કે રોહતાંગમાં મનાલી-લેહ હાઇવે પર 26 વર્ષ સુધી વિલંબિત અટલ ટનલનું નિર્માણ માત્ર છ વર્ષમાં પૂરું થઈ શકે? કોઇએ વિચાર્યું હશે કે દેશના ગામડે-ગામડે રાંધણ ગેસ, વીજળી, રસ્તાની સુવિધા ગણતરીના વર્ષોમાં મળી શકે છે? 11 કરોડથી વધુ શૌચાલય બનાવીને દેશને ખુલ્લામાં શૌચમાંથી મુક્ત કરી શકાય છે? કોને કલ્પના હશે કે 40 કરોડ ગરીબોના જન-ધન બેન્ક ખાતા ખોલીને તેમને બેન્કિંગ સિસ્ટમથી જોડી શકાય છે? આયુષ્યમાન ભારત જેવી યોજનામાં 50 કરોડથી વધુ લોકોને મફતમાં રૂ. પાંચ લાખ સુધીની સારવાર આપીને દેશ સાર્વત્રિક આરોગ્ય સુવિધા આપી શકે છે? દેવામાં ડૂબેલા ખેડૂતોને 10 વર્ષમાં સાત લાખ કરોડ રૂપિયાની સન્માનનિધી દ્વારા દેવામુક્ત કરી શકાય છે? શાળાના બાળકો અનોખા ઇનોવેશન દ્વારા વૈશ્વિક સ્તરે હરીફાઇ કરી શકે છે? દેશનો યુવાન સ્ટાર્ટઅપ દ્વારા રોજગારી પૂરી પાડી શકે છે? બોડો અને બ્રુ-રિયાંગ જેવી સમજૂતિઓ દ્વારા પૂર્વોત્તરમાં દાયકાઓ જૂની સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે? કોઇએ વિચાર્યું હતું કે, સિક્કિમ પ્રથમ વાર ભારતના ઉડ્યન નકશા પર આવી શકે છે?



ભારતની અડધી વસતિ 27 વર્ષથી નીચેની વયની છે, જે સારી સ્થિતિ છે કારણ કે નવા ભારતના નિર્માણમાં તેઓ મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 નાબૂદ થઈ શકે છે? ટ્રિપલ તલાક પર પ્રતિબંધ આવી શકે છે? કે સામાજિક સમરસતા દ્વારા રામ મંદિરના નિર્માણનો માર્ગ મોકળો થઈ શકે છે? શું કોરોના જેવી મહામારીના સમયમાં કોઇ નેતૃત્વ આત્મનિર્ભર ભારતની અલખ જગાવીને દેશની વિશાળ વસતીને જોડી શકે છે? ઉરી સર્જિકલ સ્ટ્રાઇક કે બાલાકોટ એર સ્ટ્રાઇકે બતાવી દીધું કે ભારત તેની સોફ્ટ ઇમેજ બદલી રહ્યું છે. આવા ડઝનબંધ ઉદાહરણ છે, જેમાં સરકારે દેશના લાંબા ગાળાના હિતમાં યોગ્ય અને નિર્ણયાત્મક પગલાં લીધાં છે.

## નવા ભારત માટે નવી સવાર

આર્થિક વિકાસને વેગ આપવાની મહત્વાકાંક્ષા સાકાર કરવા સુશાસનનું વ્યવસ્થાતંત્ર મજબૂત કરવામાં આવ્યું છે, જે બહુમતીને બદલે સર્વસંમતિની વિચારધારાને મહત્વ આપે છે. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'નો મંત્ર તમામ વિકાસલક્ષી પહેલ પાછળનું ચાલકબળ તરીકે ઊભર્યો છે.

એક એવા ભારતનું નિર્માણ કરવાનો લક્ષ્ય છે, જ્યાં ભારત આઝાદીની 75મી વર્ષગાંઠ પહેલાં ગરીબી, ગંદકી,


45 વર્ષથી વધુ ઉંમરનાં તમામ લોકો માટે તેમનાં કામકાજના સ્થળે રસીકરણનો પ્રારંભ 12 એપ્રિલથી કરવામાં આવ્યો

**ક્યુઆર કોડ સ્કેન કરો અને સાંભળો તમારા સ્વપ્નનું નવું ભારત કેવું હશે**

https://m.youtube.com/watch?v=G768OYT5QSY

ભ્રષ્ટાચાર, આતંકવાદ, જાતિવાદ અને સાંપ્રદાયિકતાથી મુક્ત થાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "ન્યૂ ઇન્ડિયા એટલે દેશની 65 ટકા વસતિ ધરાવતા 35 વર્ષથી નીચેની વયના નવયુવકોનાં સપનાનું રાષ્ટ્ર, સશક્ત મહિલાઓના સપનાનું ન્યૂ ઇન્ડિયા. એવું ન્યૂ ઇન્ડિયા જ્યાં દેશના ગરીબોમાં કંઇક મેળવવાની ઇચ્છાને બદલે કંઇક કરવાની ઇચ્છા માટે તકોની શોધ હોય. દેશનો ગરીબ પણ હવે 'તમે મને કંઇક આપો, તો તમે સારા' એવી માનસિકતામાંથી બહાર આવી ગયો છે. હવે ગરીબ માણસ પોતાનો પરસેવો પાડીને પોતાના જોરે આગળ આવવા

## નવા ભારત માટે યુવાનો શું વિચારે છે




આધુનિક સમાજને આકાર આપવામાં ટેકનોલોજીની ભૂમિકાને નકારી ન શકાય, કારણ કે ટેકનોલોજી આપણા વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવન પર અસર કરે છે એટલું જ નહીં કૂટનીતિના વ્યવહાર માટે ઉદ્દીપક તરીકે કામ કરે છે અને વિશ્વના અર્થતંત્રોને માર્ગદર્શન આપે છે.

માગે છે. આ માટે તેમને માત્ર તક આપવાની જરૂર છે. ન્યૂ ઇન્ડિયાનો આ આધાર છે."

## રાષ્ટ્રનીતિનો આધાર ટેકનોલોજી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિચારધારાની એ સ્કુલમાંથી આવે છે જે સમાધાનો દ્વારા સમસ્યાઓને ઉકેલવા પ્રયાસ કરે છે.

વડાપ્રધાનના અથાક પ્રયાસોને કારણે ટેકનોલોજીનો ઉપયોગ વધારીને સુશાસન હાંસલ કરવામાં આવ્યું છે. નોટબંધીને કારણે દેશમાં ડિજિટલ વ્યવહારોમાં વધારો થયો.

ભારત એવા ગણતરીના દેશોમાં સ્થાન પામે છે જે ભવિષ્યને ધ્યાનમાં રાખીને તેની ટેકનોલોજી નીતિઓ ઘડે છે. જેના પર ટેકનોલોજીનો વધુ પ્રભાવ છે તેવા અનેક ક્ષેત્રોમાં કૃષિનો પણ સમાવેશ થાય છે. ગરીબી દૂર કરવા, ખેડૂતોના જીવનમાં સુધારો લાવવા અને દિવ્યાંગોના જીવનને સરળ બનાવવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

વડાપ્રધાન એ બાબત પર ભાર મૂકે છે કે વધુને વધુ ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં આવે, જેઓ નોકરી માગવાને બદલે નોકરી આપનાર બને.



> જ્યારે કોરાના મહામારી ફેલાઈ ત્યારે વડાપ્રધાન અને સાંસદોએ તેમનાં પગારમાં ઘટાડો કરીને રાષ્ટ્રને સ્પષ્ટ સંદેશો આપ્યો હતો.

આ દિશામાં જીએસટી ગેમ ચેન્જર સાબિત થઈ રહ્યું છે, કારણ કે તેણે ફ્રીલાન્સર્સ અને સર્વિસ પ્રોવાઇડર્સને રોજગારી આપી છે. અટલ ઇનોવેશન મિશન અને અટલ ટિન્કરીંગ લેબ્સ દ્વારા 10 લાખ બાળકોને નિયોટેરીક ઇનોવેટર્સ બનાવવાનો ધ્યેય છે. ટેકનોલોજી અને ડિજિટલના વધતા મહત્વ અને પ્રભાવનું પરિણામ એ આવ્યું કે, રોકડમાં પગાર ચૂકવવાને બદલે બેંક ખાતા, ઇલેક્ટ્રોનિક અને મોબાઇલ દ્વારા પગાર ચૂકવવામાં આવે છે. ડિજિટલ ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે સરકારની વિવિધ પહેલ કંપની માલિકોને તેમના કર્મચારીઓની સેવા માટેની શરતો અને નિયમોને બદલવા પ્રેરી રહી છે. દેશને ઝડપી પ્રગતિના માર્ગે લઈ જવા શ્રમ સુધારાઓ કરવામાં આવી રહ્યા છે.

## વૈશ્વિક નેતૃત્વ માટેનો સાનુકુળ સમય

સ્વૈચ્છિક અને મહત્વાકાંક્ષી અક્ષય ઊર્જા ક્ષમતાના લક્ષ્ય સાથે અક્ષય ઊર્જા માટે ભારતની પ્રતિબધ્ધતા, પેરિસ જળવાયુ સમજૂતિની ચર્ચામાં નેતૃત્વકારી ભૂમિકા અને ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ.. આ બધું દર્શાવે છે કે ભારત પર્યાવરણ સુરક્ષા અને જળવાયુ પરિવર્તનનો સામનો કરવા નેતૃત્વ આપવા સક્ષમ છે. ભારત એ પસંદગીના દેશોમાં છે જેણે ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં પોતાનું રેન્કિંગ સતત સુધાર્યું છે અને 48માં ક્રમે પહોંચી ગયું છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશમાં સરેરાશ માથાદીઠ આવકમાં રૂ. 78,000થી રૂ. 1.25 લાખ સુધીનો વધારો થયો છે. કૃષિ વિકાસનો દર માઇનસમાંથી બહાર આવ્યો છે અને કરદાતાઓની સંખ્યા બમણાથી વધી છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગોના બાંધકામની ગતિ પ્રતિ દિન 12 કિમીથી વધીને 37 કિમી થઈ, ગ્રામીણ રસ્તાઓનું બાંધકામ પ્રતિ દિન 70 કિમીથી વધીને 130 કિમી થયું.

રેલવે લાઇનનું વિદ્યુતિકરણ 3,000 કિલોમીટરથી વધીને 13,000ને પાર થઈ ગયું છે. વીજળી ઉત્પાદનની ક્ષમતા, ઓપ્ટિકલ ફાઇબર, નાણાંકીય સર્વસમાવેશિતા 99.6 ટકા સુધી પહોંચવાની સાથે સાથે એફડીઆઇમાં વધારો થયો છે અને



> ન્યૂ ઇન્ડિયાના નિર્માણ માટેની કહાની સ્વચ્છ ભારતથી શરૂ થઈ હતી, જેમાં ડિજિટલ ઇન્ડિયા, મેક ઇન્ ઇન્ડિયાનો ઉમેરો થયો અને હવે તે આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ સુધી પહોંચી.. અને લોકોએ પોતે જ તેને જન આંદોલન બનાવ્યું.

વિવિધ સૂચકાંકોમાં ભારતે મોટી છલાંગ લગાવી છે. 2014માં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં 142મો ક્રમ હતો જે સુધરીને હવે 63 થઈ ગયો છે. વર્લ્ડ બેન્ક ઇલેક્ટ્રિસિટી એક્સેસિબિલિટી રેન્કિંગમાં 2014માં 99મો ક્રમ હતો જે 2018માં સુધરીને 26મો થઈ ગયો છે. ગ્લોબલ કોમ્પિટિટિવ ઇન્ડેક્સમાં ભારતનું રેન્કિંગ 71થી સુધરીને 58 સુધી થયું છે, જ્યારે વર્લ્ડ ઇકોનોમિક ફોરમના ટ્રાવેલ એન્ડ ટુરિઝમ કોમ્પિટિટિવ ઇન્ડેક્સમાં ભારતનો ક્રમ 65થી સુધરીને 34 થયો છે. સરકારનું મજબૂત નેતૃત્વ પણ જવાબદારી સાથે ઝડપથી અને તીવ્ર ગતિથી નિર્ણય કરી રહ્યું છે. કોરોના જેવી વિપરિત સ્થિતિઓમાં સરકાર શક્ય તમામ પગલાં લઈ રહી છે. આ સમય દેશની ધીરજની કસોટીનો પણ છે.

આઝાદીના ઇતિહાસે પણ એ જ શીખવ્યું છે. પ્રખ્યાત કવિ સોહનલાલ દ્વિવેદીની કવિતા એ આંદોલન તથા ગાંધીજીના વ્યક્તિત્વને અને સામર્થ્યને પ્રગટ કરે છેઃ

**चल पड़े जिधर दो डग, मग में**
**चल पड़े कोटि पग उसी ओर**
**गड़ गई जिधर भी एक दृष्टि**
**गड़ गए कोटि दृग उसी ओर** ■



# ભારતની એન્જિનિયરીંગ ક્ષમતાના કેટલાંક પુરાવા

**દરેક ભારતવાસી પ્રગતિ માટે અધીરો છે. વર્તમાન સરકાર નવા ભારત અને ભારતના યુવાનોની આ ભાવનાને સમજે છે. 137 કરોડથી વધુ ભારતીયોની આકાંક્ષાઓ દેશને ઝડપથી આગળ વધારવા માટે પ્રેરિત કરે છે. દાયકાઓથી અધૂરા પ્રોજેક્ટ અને સર્વગ્રાહી વિકાસની રાહ જોતા ક્ષેત્રોમાં હવે મોદી સરકારે ટેકનોલોજીને આધાર બનાવીને પહેલાં પાંચ વર્ષના કાર્યકાળમાં માળખું બનાવ્યું અને પછીના બે વર્ષમાં કામ પૂરાં કરીને નવા વિક્રમ સર્જ્યા છે, જેથી કામ રોકાય નહીં ને દેશ ઝૂકે નહીં....**

“જ્યારે આ રોડ નહોતો બન્યો ત્યારે હું વિચારતી હતી કે મારી નાનીના ઘરે કઈ રીતે જવું? હવે, આ રોડ બની ગયો છે ત્યારે ઘણો લાભ થયો છે.” કાશ્મીર ખીણના રિયાસી વિસ્તારની તન્વીના ચહેરા પર ખુશી છવાઈ જાય છે. નજીકના દાદંભ ગામના અબ્દુલ કરીમ લોહાર કહે છે, “અમે આભારી છીએ રેલવેના જેમના કારણે અમને અહીં લુહારનું અલગ બજાર મળી ગયું છે. તેનાથી અમારા બાળકોને રોજગાર મળ્યો છે.” રામબન જિલ્લાના ખિયાજ અહમદ ખતમત તો ઉધમપુર-બારામુલા રેલ લિન્ક પરિયોજનાને પોતાની ખુશકિસ્મતી માને છે કારણ કે તેનાથી ચાલતા જવાની મુશ્કેલીનો અંત આવ્યો છે અને આ વિસ્તારમાં દુકાનો અને હોટલો બની. ટ્રક ડ્રાઈવર કુલદીપ તો કહે છે કે, અહીં રેલવે સુવિધા ન આવી હોત તો 20 વર્ષ સુધી પણ રોડ ન બન્યો હોત. પણ હવે પ્રવાસીને દર કલાકે ગાડી મળી જાય છે. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરના સામાન્ય માણસન ચહેરા પર હાસ્ય બનીને ઊભરેલી રેલ પરિયોજનાએ આ વિસ્તારના ગરીબ, બિમાર, શાળાના વિદ્યાર્થીઓને તો લાભ કર્યો જ છે, યુવાનોને રોજગારીની તકો પણ પૂરી પાડી છે.

ભારતનો મુગુટ ગણાતા જમ્મુ-કાશ્મીરને પ્રગતિશીલ અને સમૃધ્ધ બનાવવા માટે કેન્દ્ર સરકાર કેટલી પ્રતિબધ્ધ છે તેનું ઉદાહરણ છે —ઉધમપુર-બારામુલા રેલ લિન્ક પરિયોજના. આ પ્રોજેક્ટમાં સૌથી પડકારજનક કામ હતું ચિનાબ નદી પર આર્ક બ્રિજનું નિર્માણ.

# મુસાફરીનો સમય ઘટ્યો...

**લંબાઇ**
**1315** | મીટર

**પ્રોજેક્ટનો ખર્ચ**
રૂ. **27949** | કરોડ

## 359-મીટર-ઊંચો

આર્ક બ્રિજ ચિનાબ નદી પર બનશે, જે વિશ્વનૌ સૌથી ઊંચો રેલવે બ્રિજ છે. પેરિસના એફિલ ટાવર કરતાં 35 મીટર વધુ ઊંચાઇ છે

## 28,660 ટન સ્ટીલમાંથી

બનેલા આ પુલની પહોળાઇ 13 મીટર અને તેનં અંદાજિત આયુષ્ય 120 વર્ષથી વધુ છે. વિશ્વમાં પ્રથમ વાર આ પુલને ડીઆરડીઓની મદદથી વિસ્ફોટક વિરોધી બનાવવામાં આવ્યો છે.

આ કામ પુરું થઇ ગયું છે. કાશ્મીર ખીણને દેશના અન્ય ભાગોથી જોડનાર આ બ્રિજ પર ઓગસ્ટ 2022માં આશરે 100 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ટ્રેનોને દોડતી જોઇ શકશો. આ પ્રોજેક્ટ પૂરો થયા બાદ કાશમીરથી કન્યાકુમારી સુધીની રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે. રૂ. 27949 કરોડનાં ખર્ચે બની રહેલા આ પ્રોજેક્ટમાં 272 કિલોમીટરની આ રેલ લિન્ક હિમાલયના ઊંચા પહાડો, ઊંડી ખીણોમાંથી પસાર થાય છે, જે એક પડકારજનક કામ છે. લિન્કને પૂરી કરવા માટે 927 પુલો અને 38 સુરંગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત પ્રોજેક્ટ માટે 205 કિલોમીટર લાંબા એપ્રોચ રોડનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. આનાથી, લગભગ દોઢ લાખ લોકોને રોડ માર્ગ પણ ઉપલબ્ધ થશે. રેલવે મંત્રી પિયુષ ગોયેલ કહે છે, “રેલવે પોતાની સાથે સામાજિક અને આર્થિક વિકાસ લાવે છે અને સાથે સાથે સુવિધાઓ અને લોકોના જીવનસ્તરમાં સુધારો થાય છે. ચિનાબ નદી પર બનેલા આર્ક બ્રિજની સાથે જ રોડ બનવાથી અહીંના સ્થાનિક લોકોના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ પ્રોજેક્ટના આર્કનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે.”

### એફિલ ટાવરથી પણ ઊંચો આર્ક બ્રિજ

આ પ્રોજેક્ટમાં સૌથી મહત્વનું નિર્માણ કાર્ય છે કટરા-બનિહાલ સેકશન પર 1.3 કિલોમીટર લાંબો બ્રિજ જેની ઊંચાઇ 359 મીટર છે અને તે ફ્રાન્સના એફિલ ટાવરથી પણ ઊંચો છે. ચિનાબ બ્રિજ વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ છે, જેને અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા પૂરો કરવામાં આવ્યો છે. આ બ્રિજની કુલ લંબાઇ 1315 મીટર છે અને તેનાં કુલ 17 સ્પેન છે. મુખ્ય આર્ક સ્પેન 467 મીટરનો છે, જેનું કુલ વજન 10,619 મીટર છે. આ પુલ 266 મીટર પ્રતિ કલાકની ઝડપે હવાનો સામનો કરવા તૈયાર છે. રિયાસી વિસ્તાર ભૂકંપની દ્રષ્ટિએ સિસ્કિમ ઝોન-4માં આવે છે, પણ આ બ્રિજને સિસ્મિક ઝોન-5નાં પ્રમાણમાં તૈયાર કરવામાં આવ્યો છે, જે કોઇ પણ મોટા ભૂકંપને સહન કરવાની ક્ષમતા ધરાવે છે. 24,000 ટન લોખંડમાંથી બનેલા આ પુલની પહોળાઇ 13 મીટર અને તેનું અંદાજિત આયુષ્ય 120 વર્ષથી વધુ છે. મોટા ભૂકંપો સામે ટકી શકે એ રીતે તેની ડિઝાઇન બનાવવામાં આવી છે. આ ઉપરાંત, પ્રથમ વાર ભારતમાં પુલોના વેલ્ડીંગ નીરિક્ષણ માટે ‘ફેઝ્ડ એરે’ અલ્ટ્રાસોનિક ટેસ્ટીંગ મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આ બ્રિજનો સૌથી મોટો પાયો એસ-4 આકારનો છે, જે કોઈ પણ ફુટબોલ મેદાનના આકારના એક તૃતીયાંશ બરાબર છે. બ્રિજ નિર્માણના કાર્યમાં મદદ માટે નદીની આરપાર 915 મીટર લાંબી કેબલ ક્રેન સ્થાપવામાં આવી, જે વિશ્વની સૌથી મોટી કેબલ ક્રેન છે. આ બ્રિજના નિર્માણમાં 10 લાખ ક્યુબિક મીટર અર્થ વર્ક અને 66,000 ક્યુબિક મીટર કોન્ક્રીટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બ્રિજના નિર્માણ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, “કનેક્ટિવિટી સંલગ્ન પ્રોજેક્ટથી રાજ્યની તસવીર અને તકદીર બંને બદલાવના છે. મેં ચિનાબ પર બનનારા સુંદર રેલવે બ્રિજની તસવીર જોઈ છે. આ તસવીરો જોઇને દેશના કયા નાગરિકનું માથું ગર્વથી ઊંચું નહીં થાય?આગામી ત્રણ વર્ષમાં સમગ્ર દેશ નવી દિલ્હી સાથે જોડાઇ જાય તેનાં પર રેલવે ભાર મૂકી રહી છે.”

આ રેલ લિન્ક એક ભારત શ્રેષ્ઠ ભારતનું સ્વપ્ન સાકાર કરી રહી છે. વિકાસનું પ્રતીક બની રહેલો ચિનાબ બ્રિજ ભારતના મુખ્ય રેલ પ્રોજેક્ટ્સમાંનો એક છે, જે કાશમીર ખીણને બાકીના ભારત સાથે જોડશે. બે આંતરરાષ્ટ્રીય સરહદોને કારણે વ્યૂહાત્મક મહત્વ ધરાવતા આ ક્ષેત્ર માટે રેલવે લાઇન દેશની સશસ્ત્ર સેના માટે પણ મદદરૂપ સાબિત થશે. આ રેલવે લાઇન પર તમામ ઋતુઓમાં આરામદાયક મુસાફરી થવાની સાથે સાથે સમયની બચત થશે અને જમ્મુ કાશમીરના અંતરિયાળ વિસ્તારોને પરિવહનની સુવિધા પૂરી પાડી શકાશે. આ પ્રોજેક્ટથી પર્યટન ઉદ્યોગ પણ વેગ પકડશે અને આ વિસ્તારના લોકો માટે રોજગારની તકો પણ વધશે. ■





## માઇનસ 30 તાપમાનમાં

**ટેક્નોલોજી દ્વારા અસાધારણ સફળતા**

જળ જીવન મિશનને કારણે લેહમાં મુશ્કેલ ભૌગોલિક સ્થિતિ અને ગાત્રો થીજાવતી ઠંડીમાં પણ પીવાનું પાણી પહોંચ્યું

# લડાખમાં ઘેર-ઘેર પાણી પહોંચ્યું

**15 ઓગસ્ટ, 2019નાં રોજ લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના દરેક ઘરને નળ દ્વારા સ્વચ્છ પાણી પુરું પાડવનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.**

તમે ઘણી વાર સમાચારોમાં લઘુતમ તાપમાન -30 અને -40 ડિગ્રીએ પહોંચી ગયું હોવાનું વાંચ્યું કે સાંભળ્યું હશે. આવા વાતાવરણમાં બધે જ બરફ છવાઇ જાય છે અને નળોમાં પાણી જામ થઈ જાય છે. રશિયાના સાઈબિરિયા કે અમેરિકાના ટેક્સાસ અને શિકાગોમાં ઘણી વાર આવી પરિસ્થિતિ સર્જાય છે. અહીં અઠવાડિયાઓ સુધી પાણીનો પુરવઠો ઠપ થઈ જાય છે. ભારતનો લડાખ પણ આવો જ વિસ્તાર છે. પણ લડાખ અને બીજા દેશોમાં એક તફાવત છે.. લડાખમાં હવે -30 ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં પણ નળમાં બરફ જામ્યા વગરનું પાણી સપ્લાય થઈ રહ્યું છે. ટેક્નોલોજીની મદદથી જળ જીવન મિશન દ્વારા આ શક્ય બની રહ્યું છે. આ માટે ઇન્ફીલ્ટ્રેશન ટેકનિક અપનાવવામાં આવી છે, જેન પ્રારંભ 348 પરિવાર ધરાવતા સ્ટોક નામના ગામથી થયો હતો. આવો જાણીએ આ ચમત્કાર કઈ રીતે થયો..

- જમીનની ઘણી નીચે પાઇપ બિછાવીને તળાવ, નદી-નાળા, સરોવરના આ પાણીને ફિલ્ટર કરીને ઓવરહેડ ટેન્કમાં પહોંચાડવામાં આવે છે. સૌર ઊર્જાનો ઉપયોગ કરીને તેને ગરમ રાખવામાં આવે છે.
- ગામડાંમાં નિર્ધારિત સમયે સપ્લાય કરવામાં આવી છે. સ્ટોક, નંગ અને ફ્યાંગ જેવા ગામોમાં આ રીતે જ પાણી પુરું પાડવામાં આવી રહ્યું છે.
- સપ્લાય થનાર પાણીની પાઇપોને ઠંડીમાં જામી જવાથી કે ફાટવાથી બચાવવા માટે જમીનથી ત્રણથી ચાર ફુટ નીચે પાઇપ બિછાવવામાં આવી. આ માટે ખાસ ઇન્સ્યુલેટેડ પાઇપોનો ઉપયોગ કરવામાં આવ્યો, જેનાથી પાઇપ જલ્દી ઠંડી નથી થતી.
- કડકડતી ઠંડીમાં પણ સરોવર અને તળાવના ઉપરના સ્તર પર બરફ જામી જાય છે. પણ તેની નીચે પાણી પ્રવાહી સ્વરૂપમાં હોય છે. ઇન્ફીલ્ટ્રેશન ગેલેરી ટેકનિકની મદદથી આ નીચેના સ્તરનાં પ્રવાહી પાણીને ઘેર ઘેર સપ્લાય કરવામાં આવે છે.

## જળ જીવન મિશનઃ હવે દરેક ઘરમાં પાણી

દેશના આશરે 19.20 કરોડ પરિવારોને 2024 સુધી નળ જોડાણ આપવાનું લક્ષ્ય

3.23 કરોડ પરિવારોને જ આઝાદીથી 2019 સુધીમાં નળ જોડાણ મળી શક્યું હતું

04 કરોડથી વધુ નવા પરિવારોને જળ જીવન મિશન અંતર્ગત નળ જોડાણ મળ્યું

100 ટકા નળ જોડાણ ધરાવતું ગોવા પ્રથમ અને તેલંગાણા બીજું રાજ્ય બન્યું




# ટ્રી ટ્રાન્સપ્લાન્ટ

## ધોરી માર્ગ પર ઝડપ વધારશે

ઘણી વાર એવું બનતું હતું કે પર્યાવરણીય મંજૂરીને કારણે વિકાસ યોજનાઓની ગતિ અટકી જતી હતી. આને કારણે હાઇ-વે, એક્સપ્રેસ-વે, ગ્રીન એક્સપ્રેસ-વેનું બાંધકામ લાંબા સમય સુધી અટકી જતું હતું. જો મંજૂરી મળી જાય તો જેટલાં ઝાડ કાપવામાં આવતા હતા એટલા જ નવા ઝાડ વાવવા પડતા હતા. હવે વૃક્ષોનું પ્રત્યારોપણ દરેક પ્રોજેક્ટનો હિસ્સો બની રહ્યું છે. તેની સફળતાનું ઉદાહરણ ભારતના પ્રથમ એલીવેટેડ શહેરી એક્સપ્રેસ-વે દ્વારકા એક્સપ્રેસ-વેના નિર્માણમાં જોવા મળ્યું. 29 કિમી લાંબા એક્સપ્રેસ-વેમાં 12,000 વૃક્ષોનું પ્રત્યાર્પણ કરવામાં આવ્યું છે...

- ભારતમાલા પરિયોજના અંતર્ગત વર્ષ 2025 સુધી રૂ. 3.10 લાખ કરોડનાં ખર્ચે 22 ગ્રીનફીલ્ડ કોરિડોરનું નિર્માણ કરવામાં આવશે. તેમાં દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વે પણ સામેલ છે. આ માર્ગ બન્યા પછી 1320 કિલોમીટરની મુસાફરી 24 કલાકને બદલે 13 કલાકમાં પૂરી થઈ જશે. આવામાં, વૃક્ષોના ટ્રાન્સપ્લાન્ટની ટેકનિક હવે દરેક પ્રોજેક્ટમાં સામેલ કરવામાં આવશે.
- આ નવી ટેકનિકથી વિકાસ પણ થશે અને પર્યાવરણની રક્ષા પણ થશે. વૃક્ષ કાપવાની જરૂર ન પડે તેનાથી મોટું યોગદાન પર્યાવરણ પ્રત્યે બીજું કોઇ ન હોઈ શકે.
- એક વૃક્ષને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં રૂ. 25,000નો ખર્ચ થાય છે. દ્વારકા એક્સપ્રેસ-વેમાં 12,000 વૃક્ષોનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. સફળતાનો દર 84 ટકા.
- પહેલાં વૃક્ષો પર જીવજંતુઓથી બચાવતી દવાનો છંટકાવ કરવામાં આવે છે. વૃક્ષની ચારે બાજુ ખાડો ખોદીને મૂળિયાંને નુકસાન પહોંચાડયા વિના જગ્યા બનાવવામાં આવે છે.
- તેના મૂળિયામાં ખાતર નાખવામાં આવે છે અને માટીના પાળા બનાવવામાં આવે છે. તેને 20-25 દિવસ સુધી એમનામ રાખવામાં આવે છે. પછી મૂળિયાં સાથે લાગેલી માટી સાથે તેને પેક કરવામાં આવે છે.
- એ પછી 15 દિવસ માટે તેને રહેવા દેવામાં આવે છે, જેથી તે પોતાની રીતે જીવિત રહી શકે. તે પછી મશીનની મદદથી તેને બીજી જગ્યાએ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે.
- હરિત પથ એપ દ્વારા જિયો-ટેગિંગ, વેબ આધારિત જીઆઇએસ સક્ષમ દેખરેખ, દરેક વૃક્ષનું સ્થાન, વિકાસ, પ્રજાતિઓની વિગતો, મેઇન્ટેનન્સ કરવામાં આવે છે. ■

| 37 | 1,37,625 | ફાસ્ટ ટેગનો પ્રારંભ | નવો મોટર વ્હિકલ એક્ટ |
|---|---|---|---|
| કિમી નેશનલ હાઇવેનું નિર્માણ રોજ થાય છે. 2014માં તે 12 કિમી હતું. | કિમી હાઇવેની લંબાઇ સાત વર્ષમાં, પહેલાં 91,287 કિમી હતી | હાઇવેના ટોલ પ્લાઝા પર લાંબી લાઇનોમાંથી મુક્તિ મળી | રોડ એક્સિડન્ટને 2030 સુધી શૂન્ય કરવાની દિશામાં કામ |





# ટેકનોલોજી દ્વારા પરિવર્તન

## 5 દાયકા સુધી રાહ જોયા પછી કેરળને મળ્યો કોલ્લમ બાયપાસ

"જ્યારે આપણે પુલ અને રસ્તાઓ બનાવીએ છીએ ત્યારે માત્ર નગર અને ગામડાંને નથી જોડતાં. આપણે આકાંક્ષાઓની સાથે ઉપલબ્ધિ, આશાની સાથે અવસર અને આશાની સાથે ખુશાલીને જોડીએ છીએ."



### વર્ષોથી પેન્ડિંગ પ્રોજેક્ટ્સ ગતિમાન થયા

લાંબા સમયથી અટકી પડેલી અનેક યોજનાઓના કામે હવે ગતિ પકડી છે. બાડમેરની રિફાઇનરીનું કામ હોય, 56 વર્ષથી અટકેલો સરદાર સરોવર બંધ હોય, 65 વર્ષ જૂનો બાણસાગર પ્રોજેક્ટ હોય, 16 વર્ષ જૂનો આસામનો બોગીબીલ પ્રોજેક્ટ હોય, સિક્કિમનું પાકયોંગ એરપોર્ટ હોય કે દિલ્હીને ટ્રાફિક જામ અને પ્રદૂષણથી બચાવનાર ઈસ્ટર્ન પેરીફેરલ એક્સપ્રેસનું કામ સમય પહેલાં પુરું કરવાનું હોય. આવા કામોની યાદી બહુ લાંબી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં, "અટકાને, લટકાને ઔર ભટકાને કી સંસ્કૃતિ અબ સમાપ્ત હો ચૂકી હૈ."

ભારતમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં વિકાસની નવી પરિભાષા રજૂ કરતા આ શબ્દો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15 જાન્યુઆરી, 2019નાં રોજ કેરળના કોલ્લમ બાયપાસના ઉદઘાટન વખતે કહ્યા હતા. જે લોકો કેરળના નથી તેઓ વિચારતા હશે કે આ બાયપાસમાં એવું ખાસ શું છે? તો અમે જણાવી દઇએ કે આ ભારતની તમામ વિકાસ પરિયોજનાનું જીવતું જાગતું ઉદાહરણ હતું, જે વિલંબનો શિકાર બનીને દાયકાઓથી અધૂરી હતી. માત્ર સાડા તેર કિલોમીટર લાંબો બાયપાસ કેરળના અલાપુઝા અને તિરુવનંતપુરમની વચ્ચેના અંતરને ઓછું કરે છે. પણ આ અંતર દૂર કરવામાં પાંચ

## હલ્દિયા-વારાણસી જળમાર્ગ પૂર્વ ભારતમાં આંતરિક જળમાર્ગની સંભાવના સાકાર કરી

એક જમાનો હતો, જ્યારે આપણા દેશની નદીઓમાં મોટાં-મોટાં જહાજ ચાલતા હતા, પણ સ્વતંત્રતા પછી તેનાં પર ધ્યાન આપવાને બદલે તેની ઉપેક્ષા કરવામાં આવી. આ કામમાં દાયકાઓ લાગી ગયા. પણ દેશે જે સપનું જોયું હતું તે સાકાર થયું, તે 'ન્યૂ ઈન્ડિયા'ના 'ન્યૂ વિઝન'ની જીવતી જાગતી સાબિતી છે...



### માલ ભાડાંમાં ઘટાડાને પગલે ચીજવસ્તુઓનાં ભાવમાં ઘટાડો


વારાણસી-હલ્દિયા વોટર વેથી માત્ર ઉત્તરપ્રદેશ જ નહીં, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ, એક અર્થમાં જોઇએ તો પૂર્વ ભારતના મોટા હિસ્સાને મોટો ફાયદો થયો છે. કન્ટેનર કાર્ગો દ્વારા માલવહન ક્ષેત્રનાં વિકાસની સાથે રોજગારીની તકોમાં પણ વધારો થયો છે.

વારાણસીથી હલ્દિયા વચ્ચે જળપરિવહન શરૂ થવાથી પરિવહન ખર્ચમાં ઘણો ઘટાડો થયો છે. સાથે સાથે હલ્દિયાને મલ્ટીમોડલ તરીકે વિકસાવવાની પણ યોજના છે. આગળ જતાં તેને બાંગલાદેશ સાથે પણ જોડવાની યોજના છે

**વારાણસી-હલ્દિયા જળમાર્ગ**

| લંબાઇ | ખર્ચ | |
|---|---|---|
| 1,390 કિલોમીટર | રૂ. 4,200 કરોડ | ઓગસ્ટ 2016માં ટ્રાયલ રન અંતર્ગત વારાણસીથી મારૂતિ કારની ખેપ હલ્દિયા મોકલવામાં આવી હતી |

2014માં દેશમાં માત્ર પાંચ જળમાર્ગ હતા. આજે દેશમાં 111 જળમાર્ગ છે. 24 રાજ્યોમાં ફેલાયેલા આ રાષ્ટ્રીય જળમાર્ગોની લંબાઇ 20,275 કિલોમીટર છે ■



# અટલ સુરંગ:

## વ્યૂહાત્મક-આર્થિક મજબૂતીની પ્રતીક અટલ સુરંગ

રોહતાંગમાં મનાલી-લેહ હાઈવે પર ટનલ નિર્માણનું સપનું 26 વર્ષ જૂનું હતું, પણ કેન્દ્ર સરકારની પ્રાથમિકતાને કારણે માત્ર છ મહિનામાં સાકાર થયું. આ ટનલ ભારતની આત્મનિર્ભરતાનું સૌથી મોટું ઉદાહરણ બન્યું. સાથે સાથે એશિયાના સૌથી લાંબા ટનલ રોડ એટલે કે જોજિલા ટનલનું કામ શરૂ થઈ ગયું છે. આનાથી સ્થાનિક લોકોની જીંદગી સરળ બનશે અને સશસ્ત્ર દળોને અંતરિયાળ સરહદી વિસ્તારમાં જવા આવવામાં પણ સરળતા રહેશે...


- શિયાળામાં બરફવર્ષાને કારણે રોહતાંગ પાસેનો મનાલી-લેહ હાઈવે વર્ષમાં પાંચ-છ મહિના માટે બંધ રહેતો હતો અને આ વિસ્તાર દેશના બાકીના ભાગોથી સંપૂર્ણ પણે કપાઈ જતો હતો. પણ હવે આખું વર્ષ હાઈવે ખુલ્લો રહે છે.
- રોહતાંગ પાસને બાયપાસ કરવા માટે મનાલી-લેહ હાઈવે પર ટનલ નિર્માણનું સ્વપ્ન કેન્દ્ર સરકારની પ્રાથમિકતાને કારણે સાકાર થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 3 ઓક્ટોબર, 2020નાં રોજ આ ટનલ રાષ્ટ્રને સમર્પિત કરી.
- 26 મે, 2002નાં રોજ એપ્રોચ રોડના શિલાન્યાસ સાથે સ્વર્ગસ્થ વડાપ્રધાન અને ભારત રત્ન અટલબિહારી વાજપેયીએ આ ટનલનું ભૂમિપુજન કર્યું હતું, પણ પછીની સરકારોએ તેને પ્રાથમિકતા ન આપી અને 2014માં નવી સરકારે તેને ટોચની પ્રાથમિકતાઓમાં સ્થાન આપ્યું.



### કેમ ખાસ છે અટલ ટનલ

અટલ ટનલ બનવાથી લડાખમાં તૈનાત ભારતીય સેનાને ઘણી મદદ મળશે. હવે શિયાળામાં પણ શસ્ત્રસરંજામની અવરજવર સરળતાથી કરી શકાશે

- અટલ સુરંગ 10,171 ફૂટની ઊંચાઈ પર બની છે. રોહતાંગ પાસને જોડીને તેને બનાવવામાં આવી છે. વિશ્વની આ સૌથી ઊંચી અને સૌથી લાંબી રોડ ટનલ છે.
- ઘોડાની નાળની આકારમાં સિંગલ ટ્યુબ અને ડબલ લેનવાળી ટનલની ઓવરહેડ એક્ઝિટ 5.525 મીટર છે
- આ ટનલ સેમી-ટ્રાન્સવર્સ સિસ્ટમ, ફાયર ફાઈટિંગ સિસ્ટમ, લાઈટિંગ, મોનિટરીંગ સિસ્ટમ અને અત્યાધુનિક ઈલેક્ટ્રો-મિકેનિકલ સિસ્ટમથી સજ્જ છે



### જોજિલા: એશિયાનો સૌથી મોટો ટનલ રોડ

- એશિયાની સૌથી લાંબી ટનલ એટલે કે જોજિલા ટનલ માટેનું કામ ગયા વર્ષે જ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ ટનલ બન્યા બાદ શ્રીનગર, દ્રાસ, કારગીલ અને લેહ વિસ્તારો તમામ મોસમમાં જોડાયેલા રહેશે.
- તેનું નિર્માણ 3,000 મીટરની ઊંચાઈ પર જોજિલા પાસની નીચે થઈ રહ્યું છે. આ રોડ બનવાથી મુસાફરીનો સમય ત્રણ કલાકથી ઘટીને માત્ર 15 મિનિટ થઈ જશે. લગભગ રૂ. 7,000 કરોડના આ પ્રોજેક્ટથી દેશની સુરક્ષા રણનીતિ વધુ મજબૂત બનશે. ■

# બોગીબીલ પુલ

## આસામનું આશાસ્પદ ભાવિ

ટેક્નોલોજીની મદદથી વિકાસ હવે ભારતની ઓળખ બની રહ્યો છે. પછી એ પૂર્વ કે પૂર્વોત્તર ભારત હોય કે પછી દક્ષિણ ભારત. આસામનો બોગીબીલ પુલ હવે ભારતનો સૌથી લાંબો ડબલ ડેકર બ્રીજ (નીચે રેલવે અને ઉપર રોડ માર્ગ) બન્યો છે, તો રામેશ્વરમને મંડપમ સાથે જોડતો દરિયાઇ રેલ બ્રિજ પમ્બન ટેકનિકનું અદભૂત ઉદાહરણ બન્યું છે.

**4.94**


4.94 કિમી લાંબો આ પુલ બનવાથી હવે ધેમાજીથી દિબ્રુગઢનું 500 કિલોમીટરથી ઘટીને માત્ર 100 કિલોમીટર રહી ગયું છે, જે કાપવા માટે 24 કલાક લાગતા હતા.

બોગીબીલ પુલ બનાવવાની માગ 1965થી કરવામાં આવતી હતી. તેનાં નિર્માણમાં 30 લાખ બોરી સીમેન્ટ અને 125 મીટર લંબાઈના 39 ગર્ડર સ્પાનનો ઉપયોગ થયો છે

**5900** કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચથી બનેલા બોગીબીલ પુલની નીચેની તરફ બે રેલ લાઇન બિછાવવામાં આવી છે અને તેની ઉપર ત્રણ લેનનો રોડ બનાવવામાં આવ્યો છે, જેનાં પર ભારે સૈન્ય ટેન્ક સરળતાથી પસાર થઈ શકશે.

# પમ્બન સી બ્રિજઃ

## તામિલનાડુના વિકાસને ગતિ



તામિલનાડુનો પમ્બન પુલ 105 વર્ષ જૂના પુલની જગ્યા લેશે. આ વર્ષના ડિસેમ્બર સુધી તે શરૂ થઈ જશે. ભારતનો આ પ્રથમ હરતો-ફરતો પુલ વર્ટિકલ લિફ્ટ સ્પેન ટેકનિક દ્વારા બનાવવામાં આવ્યો છે. એટલે કે કોઇ જહાજ આવે તો તેની વચ્ચેનો હિસ્સો ઉપર આવી જશે


પમ્બન પુલ પર ટ્રેનો ઝડપી ગતિથી ચાલશે એટલું જ નહીં, વધુ ભાર પણ સહન કરી શકશે. દર વર્ષે લાખો પર્યટકો રામેશ્વરમ અને ધનુષકોડી આવે છે. પમ્બન પુલથી પર્યટકોની સંખ્યામાં વધારો થશે.■



# કોમન મેન માટે હવાઈસફર કિફાયતી બનાવી

## ''મારો હેતુ 'હવાઇ-ચપ્પલ' પહેરનારા લોકોને 'હવાઇ-જહાજ'માં મુસાફરી કરાવવાનો છે''


- વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આ નિવેદન સામાન્ય માણસના સપનાને પૂરાં કરવાની પ્રતિબધ્ધતા દર્શાવે છે. ટૂંકા સમયગાળામાં તેમનું સપનું વાસ્તવિકતા બન્યું છે. આજે દેશનો સામાન્ય માણસ માત્ર રૂ. 2500માં વિમાન પ્રવાસ કરી શકે છે.
- ભારતમાં ટેક્સીની મુસાફરીમાં સરેરાશ 10 રૂપિયા પ્રતિ કિલોમીટર ચૂકવવા પડે છે. હવે કોઇ એમ કહે કે તમને પાંચ રૂપિયા પ્રતિ કિલોમીટર વિમાન પ્રવાસ કરવા મળે તો કેવું? કેન્દ્ર સરકારની ઉડાન યોજના અંતર્ગત સામાન્ય માણસનું સપનું સાકાર થયું છે.
- ઉડાન યોજના અંતર્ગત આશરે 500 કિલોમીટર માટે એક ફિક્સ્ડ વિંગ એરક્રાફ્ટમાં એક કલાકની મુસાફરી અથવા હેલિકોપ્ટર દ્વારા અડધા કલાકની મુસાફરી માટે રૂ. 2500નું ભાડું નક્કી કરવામાં આવ્યું છે.
- આ યોજના અંતર્ગત અત્યાર સુધી રૂ. 2,500માં લગભગ 53 લાખ લોકોએ વિમાન પ્રવાસ કર્યો છે.
- હવે 1,000 માર્ગોને વિમાન માર્ગેથી જોડવાનો પ્રારંભ, દર વર્ષે એક કરોડ લોકો પ્રવાસ કરશે
- હાલમાં પાંચ હેલિપોર્ટ સહિત 53 વિમાનમથક અને બે વોટર એરોડ્રોમથી 303થી વધુ સ્થળોએ વિમાન સેવા પૂરી પાડવામાં આવી રહી છે.
- ઉડાનમાં હેલીકોપ્ટર અને સી-પ્લેન સેવા પણ સામેલ કરવામાં આવી છે. 11 ઓપરેટરો ઉડાન યાત્રીઓને સસ્તાં ભાડાંમાં ટિકિટ ઉપલબ્ધ કરાવી રહ્યા છે
- ઉડાન અંતર્ગત ભવિષ્યમાં 1,000 નવા સેક્ટર અને 100 વધારાના વિમાનમથકોનું સંચાલન કરવામાં આવશે.
- સી-પ્લેન માટે 30 નવા હેલિપોર્ટ અને 10 વોટર એરોડ્રોમ ઉમેરીને એવિએશન માળખામાં ફેરફારનું કામ ચાલી રહ્યું છે.
- અમદાવાદ અને કેવડિયાની વચ્ચે ભારતની પ્રથમ સી-પ્લેન સેવાનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે કર્યું હતું. ■



# આત્મનિર્ભર ભારતનું દર્પણ

**ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને તેનું મંદિર છે સંસદભવન, જ્યાં દેશના ભવિષ્યની દિશા નક્કી થાય છે. વર્તમાન સંસદભવનને 100 વર્ષ પહેલાં બનાવવામાં આવ્યું હતું. આ 100 વર્ષોમાં જરૂરિયાત પ્રમાણે અનેક વાર રિપેરિંગ કામ કરવામાં આવ્યું છે. જૂના માળખામાં બેઠક ક્ષમતા વધારવી શક્ય નથી. ટેકનિકલ ફેરફાર કરીને અપગ્રેડ કરવું પણ સંભવ નથી. આ સ્થિતિમાં સરકારની સરળ કામગીરી માટે  નવું સંસદભવન અને સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ 21મી સદીના નવા ભારત માટે જરૂરિયાત બની ગયા છે**

- એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવનાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી રહેલું નવું  સંસદભવન 64,500 ચોરસ મીટર વિસ્તારમાં બનશે. રૂ. 971 કરોડનાં ખર્ચે બનનારાં સંસદભવનનું નિર્માણ 21 મહિનામાં એટલે કે સ્વતંત્રતાના 75માં વર્ષ સુધી પૂરું કરવામાં આવશે.
- આપણા સાંસ્કૃતિક વૈવિધ્યથી પ્રેરિત ત્રિભુજાકાર ડિઝાઇન તેને ખાસ બનાવશે. નવા ભવનને ત્રિકોણ આકારમાં ડિઝાઇન કરવામાં આવી રહ્યું છે, જેનું આંતરિક રાચરચીલું ભારતીય સંસ્કૃતિની સાથે સાથે પ્રાદેશિક કલા, શિલ્પ અને સ્થાપત્ય કલાનું અનુપમ ઉદાહરણ પ્રસ્તુત કરશે, જે સલામતીની દ્રષ્ટીએ અભેદ્ય હશે અને ભૂકંપવિરોધી ટેકનિકથી પણ સજ્જ હશે.
- તમામ સાંસદોની અલગ અલગ ઓફિસ બનાવવાની પણ યોજના છે, જે શ્રમશક્તિ ભવન પાસે બનશે. સાંસદોની ઓફિસ ડિજિટલ ઈન્ટરફેસ અને આધુનિક સુવિધાઓથી યુક્ત હશે. ભારતના ભવ્ય વારસાને દર્શાવતો બંધારણ ખંડ, પુસ્તકાલય, કમિટી રૂમ અને ડાઈનિંગ હોલ પણ હશે.



**150** ટકાથી

વધુ હશે નવા સંસદભવનમાં બેઠક ક્ષમતા

**888** લોકસભા રૂમ

**384** રાજ્યસભા રૂમ

સંસદના સંયુક્ત સત્રમાં 1272 સાંસદોને બેસવાની ક્ષમતા હશે

**2,000**

એન્જિનિયર્સ-શ્રમિકો પ્રત્યક્ષ રીતે અને 9000 શ્રમિકો પરોક્ષ રીતે સંસદભવનના નિર્માણમાં કામગીરી કરશે

સલામતીની દ્રષ્ટિએ અભેદ્ય અને ભૂકંપ પ્રતિરોધક હશે

ઈકો ફ્રેન્ડલી ગ્રીન કન્સ્ટ્રક્શનને કારણે વીજ વપરાશ 30 ટકા સુધી ઘટશે

150 વર્ષ સુધી મજબૂત રહે તે પ્રકારે બાંધકામ કરવામાં આવશે

લોકસભા-રાજ્યસભાને ઉચ્ચ ગુણવત્તાસભર ઓડિયો-વિડિયો સાધનોથી સજ્જ બનાવવામાં આવશે. દરેક ડેસ્ક ઇલેક્ટ્રોનિક ઉપકરણથી સજ્જ હશ

- નવા સંસદભવનના નિર્માણ પછી પણ જૂના સંસદભવનનો ઉપયોગ ચાલુ રહેશે. બંને ભવન એકબીજાના પુરક તરીકે કામ કરશે. સમગ્ર નિર્માણકાર્યમાં વર્તમાન ભવનના ઐતિહાસિક સંરક્ષણનું પણ સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.
- જેવી રીતે આપણે સામ્રાજ્યવાદના સમયના જૂના શહીદ સ્મારકની સામે રાષ્ટ્રીય સ્મારક બનાવ્યું છે, તેવી જ રીતે જૂના સંસદભવનની સામે આપણે નવા અને આત્મનિર્ભર ભારત પ્રત્યે સમર્પિત નવું સંસદભવન બનાવી રહ્યા છીએ
- રાષ્ટ્રપતિભવનથી રાજપથ સુધીની બંને બાજુ લગભગ ત્રણ કિલોમીટરના વિસ્તારમાં સેન્ટ્રલ વિસ્ટાનું નિર્માણ થઈ રહ્યું છે. આ રસ્તા પર હાલની મોટા ભાગની ઈમારતો 1931 પહેલાંની બનેલી છે.
- કોઇ પણ સંસ્થા કે સરકારને વધુ ઉત્પાદક બનાવવા માટે કર્મચારીઓ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવું જરૂરી છે. કેન્દ્રીય સચિવાલયનું વર્તમાન માળખું 21મી સદીની અનુરૂપ નથી, તેથી સેન્ટ્રલ વિસ્ટા આજની જરૂરિયાત છે.
- અહીં ચાર પ્લોટમાં બંને બાજુ 10-10 ઓફિસ બનશે અને ભારત સરકારના તમામ મંત્રાલયો, ઓફિસ એક જગ્યાએ આવી જશે. મેટ્રો દ્વારા જોડાનારી આ ઈમારતોમાં પ્રવેશવા માટે મેટ્રો સ્ટેશનથી જ ટનલ બનશે.
- વડાપ્રધાન કાર્યાલય અને પીએમઓ પણ આ પ્રોજેક્ટનો હિસ્સો છે. ઉપરાષ્ટ્રપતિ કાર્યાલય અને આવાસ પણ તેમાં સામેલ છે. ■

# ઓટો કરતા ઓછા ભાડાંમાં આપણે મંગળ પર પહોંચ્યા

"માહિતી ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતની યુવા પેઢીનું યોગદાન ન હોત તો હજુ પણ આપણો દેશ સાપ-મદારીઓનો દેશ હોત. આપણા પૂર્વજો તો સાપ સાથે રમતા હતા, હવે આપણી યુવા પેઢી માઉસ સાથે રમે છે."

**અમેરિકાના મેડિસન સ્કવેરમાં આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહેલા આ શબ્દો નવા ભારતની જાહેરાત હતી, જેની રાહ આપણી પેઢીઓ વર્ષોથી જોઈ રહી છે.**

- શું કોઇ વિચારી શકતું હતું કે એક દિવસ ભારત મંગળ સુધી પહોંચી જશે અને તે પણ ઓટો રિક્ષાથી ઓછાં ભાડાંમાં. સમગ્ર મિશન પર રૂ. 450 કરોડનો ખર્ચ થયો. એટલે મંગળના 67 કરોડ કિલોમીટરના અંતરના હિસાબે પ્રતિ કિમી માત્ર રૂ. સાતનો ખર્ચ, જ્યારે ઓટોમાં પ્રતિ કિમી રૂ. 10નો ખર્ચ થાય છે.
- અવકાશમાં કોઇ ઉપગ્રહને તોડી પાડવાની ટેકનોલોજી (ASAT) વિકસાવનાર ભારત વિશ્વનો ચોથો દેશ બન્યો છે. માર્ચ 2019માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સફળતાની જાહેરાત કરી હતી.
- ચંદ્રયાન-2 મિશનની આંશિક સફળતા પછી 2020માં જ મિશન ચંદ્રયાન-3ને મંજૂરી આપવામાં આવી હતી.
- ગગનયાન મિશન પણ પૂરજોશમાં ચાલુ છે. દેશનો આ પ્રથમ સમાનવ અવકાશ કાર્યક્રમ છે. તેને સ્વતંત્રતાની 75ની વર્ષગાંઠે લોંચ કરવામાં આવશે.
- સેટેલાઇટ પ્રક્ષેપણ અને અન્ય અવકાશ આધારિત સેવાઓમાં ખાનગી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવી છે.
- અવકાશ મિશનમાં એક ઐતિહાસિક સફળતા તરીકે ભારતીય ખગોળવિદોએ 2020માં બ્રહ્માંડમાં સૌથી દૂર આવેલા તારાઓની આકાશગંગાઓમાંથી એકની શોધ કરી હતી
- 2019માં 6 લોંચિંગ વ્હિકલ, સાત સેટેલાઇટ મિશન સહિત 13 મિશન પૂરા કર્યા.
- બીએસએનએલે 2020માં સેટેલાઇટ આધારિત ઇન્ટરનેટ ઓફ થિંગ્સ ઉપકરણ સેવા શરૂ કરી. તેની મદદથી દેશની દરિયાઇ સરહદની અંદર કોઇ પણ સ્થળે ફોન લગાવી શકાશે



**ભારતે ભ્રમણકક્ષામાં 34 દેશોનાં 357 વિદેશી ઉપગ્રહો સ્થાપિત કર્યા છે**



ભારતે 2020માં પીએસએલવી-સી 50 રોકેટ દ્વારા સીએમએસ-01 નામનો પોતાનો 42મો સંદેશાવ્યવહાર ઉપગ્રહ સફળતાપૂર્વક અવકાશમાં મોકલ્યો.



ઈસરોએ 22 જાન્યુઆરી, 2020નાં રોજ બેંગલુરુમાં 'વ્યોમમિત્ર' નામની પોતાની પ્રથમ મહિલા હ્યુમનોઇડ (માણસ જેવી દેખાતી મહિલા રોબોટ)નો પ્રથમ પ્રોટોટાઇપ રજૂ કર્યો.





# ગ્લોબલ નોલેજ સુપર પાવર બનવાની દિશામાં ભારતની આગેકૂચ



દેશની શિક્ષણ વ્યવસ્થા સુધારવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત પ્રયાસરત અને કૃતનિશ્ચયી છે. તેમણે બીજી વાર કેન્દ્રમાં સત્તા સંભાળી ત્યારથી ભારતની શિક્ષણનીતિમાં ધરમૂળથી પરિવર્તન કરતાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને મંજૂરી આપી. કોરોના સમયમાં પણ તમામ વર્ગો સુધી અવિરત શિક્ષણની વ્યવસ્થા કરી અને ભારતમાં એનટીએ દ્વારા પ્રથમ વાર સંપૂર્ણપણે પેપરલેસ પરીક્ષા યોજવામાં આવી...

- ભારતની શિક્ષણ પ્રણાલિમાં પરિવર્તન કરવા કેન્દ્ર સરકારે 29 જુલાઇ, 2020નાં રોજ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને મંજુરી આપી, જેનાથી શાળાકીય શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણમાં ક્રાંતિકારી પરિવર્તન આવશે.
- કેન્દ્ર સરકારે 34 વર્ષ પછી નવી શિક્ષણ નીતિની જાહેરાત કરી હતી. 21મી સદીની આ પ્રથમ અને 1968 અને 1986 પછીની ત્રીજી શિક્ષણ નીતિ છે.
- નવી શિક્ષણ નીતિ 2020 હેઠળ દેશની જીડીપીના 6 ટકા રકમને કેન્દ્ર-રાજ્ય સહકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રમાં રોકવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે
- નવી શિક્ષણ નીતિનો હેતુ શિક્ષણના તમામ સ્તરમાં તમામને એક સમાન પહોંચ સુનિશ્ચિત કરવાનો, વિદ્યાર્થીઓને તેમની જરૂર પ્રમાણે કુશળતા અને જ્ઞાન પૂરાં પાડવાનો, સર્જનાત્મક વિચારો અને તાર્કિક નિર્ણયશક્તિ અને ઇનોવેશન માટે પ્રોત્સાહન આપવાનો, ભાષાકીય બંધનો દૂર કરવાનો અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને ટેકનોલોજીના ઉપયોગ માટે પ્રોત્સાહન આપવાનો છે.
- તમામને શિક્ષણ આપવા માટે પ્રતિબધ્ધ કેન્દ્ર સરકારે શિક્ષણના અધિકારની ઉંમર 3થી 18 વર્ષ કરી છે, જે અગાઉ 6થી 14 વર્ષ હતી. આ પોલિસીનો હેતુ યુવાનો અને પુખ્તોમાં 2030 સુધીમાં 100 ટકા સાક્ષરતા હાંસલ કરવાનો છે.
- શાળાકીય. શિક્ષણના પાયાના માળખામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હાલની 10+2 સિસ્ટમને બદલીને 5+3+ 3+ 4 કરવામાં આવી છે. ■

### કોરોના દરમિયાન ઇ-લર્નિંગને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારે લીધેલાં મહત્વનાં પગલાં

**દિક્ષા:** ધોરણ 1થી 12ના વર્ગો માટે CBSE, NCERT અને રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા વિવિધ ભાષાઓમાં તૈયાર કરવામાં આવેલી 80,000થી વધુ ઇ-બુક્સ તેમાં મૂકવામાં આવી છે. એપ ડાઉનલોડ કરીને અનેક વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો છે.

**ઇ-પાઠશાલા:** NCERTએ ધોરણ 1થી 12ના વર્ગો માટે વિવિધ ભાષાઓમાં 1886 ઓડિયોઝ, 2000 વિડિયોઝ, 696 ઇ-બુક્સ અને 504 ફ્લિપ બુક્સ અપલોડ કરી છે.

**સ્વયંપ્રભા:** તેમાં 32 D2H ટીવી ચેનલ છે, જે ચોવીસે કલાક શિક્ષણ સામગ્રી પૂરી પાડે છે. ઇન્ટરનેટ એક્સેસ નહીં ધરાવતા વિદ્યાર્થીઓ માટે આ સુવિધા ઊભી કરવામાં આવી છે.

**નેશનલ રિપોઝીટરી ઓફ ઓપન એજ્યુકેશન રિસોર્સિસ: (NROER):** તેમાં વિવિધ ભાષાની કુલ 14,527 ફાઇલો છે, જેમાં 401 કલેક્શન્સ, 2779 દસ્તાવેજો, 1345 ઇન્ટરએક્ટિવ, 1664 ઓડિયોઝ, 2586 ઇમેજીસ અને 6153 વિડિયોઝનો સમાવેશ થાય છે.



# તમામ ક્ષેત્રોમાં
## ડિજિટલ એમ્પાવરમેન્ટ

વર્તમાન કોરોના કટોકટીમાં લોકો ઓફિસમાં જવાનું કે રોકડ વ્યવહાર કરવાનું ટાળે છે. આ સમયમાં ડિજિટલ ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થઈ રહ્યો છે. 2015થી કેન્દ્ર સરકારે આ દિશામાં ઘણું કામ કર્યું છે અને મજબૂત માળખું ઊભું કરવા અનેક પહેલ કરી છે. આજે આ ડિજિટલ માળખું મજબૂત સમાજની જીવનરેખા પુરવાર થયું છે. લેબર સેક્ટર હોય, મહિલાઓનું જીવન સરળ બનાવવાનું હોય, વહીવટીકાર્યમાં સરળતા હોય, ગામડાં અને ગરીબો સુધી પહોંચવાનું હોય કે પછી ગ્રાહક રક્ષણ હોય, ડિજિટલ ટેકનોલોજી એ સુશાસનનો મહત્વનો આધાર પુરવાર થઈ છે અને દેશ એક નવા યુગમાં પ્રવેશી શક્યો છે.

## શ્રમ સુધારાઃ તમામ સુધારાનું પીઠબળ

સ્વતંત્ર ભારતમાં 50 કરોડ શ્રમિકો માટે 73 વર્ષ પછી શ્રમ સંહિતા (લેબર કોડ્સ)ના સ્વરૂપમાં ભારતના સૌથી મોટા શ્રમ સુધારા થયા, જે શ્રમિકો માટે આશીર્વાદ સમાન પુરવાર થઈ રહ્યા છે. અગાઉના શ્રમ કાયદામાં અનેક જોગવાઈઓ બ્રિટિશ શાસન કાળની હતી અને તે એમ્પ્લોયર્સ (રોજગારદાતા) અને કર્મચારીઓનું રક્ષણ કરવાને બદલે મુશ્કેલી ઊભી કરતા હતા કારણ કે તેમાં ઘણું બધું પેપરવર્ક સંકળાયેલું હતું. કાયદો એટલો જટિલ હતો કે એક ને એક કામ માટે શ્રમિકે ચાર અલગ અલગ ફોર્મ ભરવા પડતા હતા. 36 જેટલાં કાયદાઓ 1458 સેક્શન્સ અને 937 અન્ય મુદ્દાઓમાં વહેંચાયેલા હોવાથી એમ્પ્લોયરે પણ વિવિધ લેબર ડિપાર્ટમેન્ટની કચેરીઓમાં દોડવું પડતું હતું. પણ ન્યૂ ઈન્ડિયાના નવા લેબર કોડથી માગ આધારિત અર્થતંત્રને વેગ મળશે અને વૃધ્ધિ ગતિ પકડશે....

### સૌથી વ્યાપક અને અસરકારક સુધારા

| | | | |
|---|---|---|---|
| 29 | કરોડ દેશમાં શ્રમિક પરિવારો | 50 | કરોડ દેશમાં શ્રમિકો |

તમામ શ્રમ કાયદાઓને હવે ચાર કોડ્સ સાથે સાંકળી લેવામાં આવ્યા છે. આના દ્વારા સૌ પ્રથમ વાર તમામ શ્રમિકોને લઘુતમ વેતનનો અધિકાર મળ્યો છે. દરેક શ્રમિકને સામાજિક સલામતી હેઠળ આવરી લેવાયા હોવાથી તેમને વીમો, પેન્શન, ગ્રેજ્યુઈટી, માતૃત્વના લાભો, કામકાજના સ્થળે મહિલાની સલામતી વગેરે લાભ અને સુવિધા મળે છે.

### ઈએસઆઈસી, પેન્શન

ક.રા.બી.નિ.
ESIC

હવે તમામ સુવિધાઓ ઓનલાઇન પોર્ટલ પર ઉપલબ્ધ છે, જેનો લાભ કોઇ પણ શ્રમિક ગમે તે સ્થળેથી લઈ શકે છે



### પરિવારની ભાવના

સૌ પ્રથમ વાર સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના કર્મચારીઓ અને તેમના રોજગારદાતાઓ વચ્ચે પારિવારિક લાગણી સર્જવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાયની અંત્યોદયની વિચારધારા હેઠળ આ કાર્ય આગળ ધપાવવામાં આવી રહ્યું છે.




### શ્રમ સુવિધા પોર્ટલ

વડાપ્રધાન મોદીએ 'શ્રમ યોગી, રાષ્ટ્ર યોગી'ના રજૂ કરેલા સિધ્ધાંતને પગલે ચાલીને ઉદ્યોગો માટે શ્રમ સુવિધા પોર્ટલ દ્વારા રિટર્ન ફાઈલ કરવું સરળ કરવામાં આવ્યું છે

# મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ

ડિજિટલ એ આ મંત્રનો મહત્વનો હિસ્સો છે, જેને સામાન્ય નાગરિકોના જીવનને સરળ બનાવવા અને તેમને વિવિધ અરજી ફોર્મની ઝંઝટમાંથી મુક્ત કરવા અપનાવવામાં આવ્યો હતો.

**1,842** જરીપુરાણા કાયદાઓને નાબૂદ કરવામાં આવ્યા

વિવિધ વિભાગો, યોજનાઓ અને મંત્રાલયોના પુનર્ગઠન દ્વારા કામની ગતિ ઝડપી કરવામાં આવી હતી. અમુક સ્તરથી નીચેની નોકરી માટે ઇન્ટરવ્યૂ નાબૂદ કરવામાં આવ્યા અને ડોક્યુમેન્ટ વેરિફિકેશનની જગ્યાએ સેલ્ફ-સર્ટિફિકેશનની વ્યવસ્થા કરવામાં આવી. ડિજિટલ મંચ દ્વારા જાહેર જનતા સાથે સીધા સંવાદનો પ્રારંભ થયો.





ઉમંગ એપ, ડિજિલોકર જેવી સુવિધાઓએ લોકોને સરળ અને પારદર્શક ડિજિટલ સિસ્ટમ પૂરી પાડી.



રિફન્ડની જોગવાઈ હોય કે આઈટી રિટર્ન્સ સામેની અપીલ હોય, બધી જ કામગીરી હવે ફેસલેસ બની ગઈ છે, જેનાથી ભ્રષ્ટાચાર દૂર થયો છે અને કરદાતાઓને મોટી રાહત મળી છે.

**પરપ્રાંતીય શ્રમિક:**

પરપ્રાંતીય શ્રમિકો અંગેનો નેશનલ ડેટાબેઝ બની રહ્યો છે, ત્યારે તેમના હિતોનું રક્ષણ કરવા લેબર કોડમાં વિશેષ વ્યવસ્થા પણ થઈ રહી છે.

**06**

કરોડ લોકોને પ્રાઇમ મિનિસ્ટર્સ રૂરલ ડિજિટલ લિટરસી કેમ્પેન હેઠળ ડિજિટલી સાક્ષર બનાવવામાં આવી રહ્યા છે

**ડિજિટલ લાઇફ સર્ટિફિકેશન**

હવે, નિવૃત્તિ પછી પેન્શન મેળવવા માટે હયાતીના પ્રમાણપત્ર માટે ડિજિટલ સર્ટિફિકેશન કરવામાં આવી રહ્યું છે

**ગ્રાહકોને ડિજિટલ અધિકારો**

ગ્રાહકો હવે કન્ઝ્યુમર કમ્યુનિટી, GAMA પોર્ટલ અને Confonet એપ દ્વારા સરળતાથી ફરિયાદ દાખલ કરી શકે છે.


## દરેક ગામમાં ઓપ્ટિકલ ફાઇબર પહોંચી રહ્યું છે

ગામડાંની પ્રગતિ એ હકીકત પરથી જણાઈ આવે છે કે આજના નવા ભારતમાં શહેરોની સરખામણીમાં ગામડાંઓમાં ઇન્ટરનેટ વપરાશકારોની સંખ્યા વધુ છે. આંદામાન નિકોબાર ટાપુઓમાં અન્ડરવોટર ઓપ્ટિકલ ફાઇબર કેબલ કનેક્ટિવિટીને કારણે આ ટાપુઓ પર 4G મોબાઇલ સર્વિસિસને કારણે ટેલિ-એજ્યુકેશન, ટેલિહેલ્થ, ઈ-ગવર્નન્સ સર્વિસિસ જેવી ડિજિટલ સર્વિસિસ અને ટાપુઓ પર પર્યટનને પ્રોત્સાહન મળશે. તેનો કુલ ખર્ચ રૂ. 1,224 કરોડ થશે.

દેશના તમામ છ લાખ ગામડાંઓમાં ઓપ્ટિકલ ફાઇબર બિછાવવાનો લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યો છે

અત્યાર સુધી **1.58** લાખ ગામડાંઓમાં ઓપ્ટિકલ ફાઇબર બિછાવવામાં આવ્યા છે

સર્ટિફિકેટ્સ, લાઇસન્સ, આધાર કાર્ડ, પાસપોર્ટ, બેન્કિંગ, પેન્શન વગેરે સરકારી સેવાઓ માટે 3.74 લાખ કોમન સર્વિસ સેન્ટર (CSC) માં ડિજિટલ સુવિધા ઊભી કરવામાં આવી છે. ■





# સબકા સાથ સબકા વિકાસ

**શહેરો જેવાં ગામડાં વિકસાવવા, ગરીબો માટે સુવિધા ઊભી કરવી, મધ્યમવર્ગનું જીવનધોરણ સુધારવું અને ખેડૂતોની આવક બમણી કરવા સુધારાત્મક પગલાં લેવા એ સરકારની નવી પહેલ છે, આને કારણે 'ઇઝ ઓફ લિવિંગ'માં નોંધપાત્ર સુધારો થયો છે.**

"હું તમને કહી દઉં કે જેઓ મને જાણે છે, તેઓ મને સમજે પણ છે. હું મારા માટે નથી, અને પોતાનાઓ માટે પણ નથી. હું અહીં ગરીબો માટે છું. હું ગરીબોમાં જન્મ્યો છું અને ગરીબીને જીવ્યો પણ છું. હું ગરીબોની તકલીફ સમજું છું.." વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ શબ્દો તેમનાં વિચારો અને સર્વાંગી વિકાસ માટેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. સરકારે સંતુલિત વિકાસને ધ્યાનમાં રાખીને કેટલીક યોજનાઓ શરૂ કરી છે, જેમાં ગામડાંમાં માળખાકીય સુવિધાઓ, ગરીબો માટે પાકાં મકાન, શૌચાલયોનું નિર્માણ, તમામ માટે એલપીજી જોડાણ સુલભ બનાવવાં, જન ધન યોજના દ્વારા બેન્ક ખાતાઓ ખોલવા, રોજગાર સર્જન માટે આર્થિક મદદ, જીવનની સલામતી માટે વીમા યોજનાનો સમાવેશ થાય છે. આ યોજનાઓ ભારતની સફળતાની નવી કહાની લખી રહી છે. છ લાખ ગામડાંમાં રહેતી ભારતની 80-85 ટકા વસતિ પર ફોકસ કરીન સરકાર સંતુલિત વિકાસ કરવા માગે છે.

## સરકારની ગરીબલક્ષી નીતિઓ

**ગરીબોનું કલ્યાણ ટોચની પ્રાથમિકતા:** લોકડાઉન શરૂ થયાના બીજા જ દિવસે એટલે કે 26 માર્ચ, 2020નાં રોજ ગરીબો માટે રૂ. 1.75 લાખ કરોડનું સ્પેશિયલ પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. પેકેજની જોગવાઈઓમાં પાંચ કિલો અનાજ અને દાળ, 20 કરોડ મહિલાઓના ખાતામાં રૂ. 500 જમા કરાવવા, 8 કરોડ ઘરોમાં મફત એલપીજી જોડાણો, ત્રણ કરોડ સિનિયર સિટિજન્સ, વિધવાઓ અને દિવ્યાંગોને માસિક રૂ. 1,000નાં પેન્શનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, પરપ્રાંતીય શ્રમિકોને સલામત ઘેર પહોંચાડવામાં આવ્યા હતા અને આ શ્રમિકોના કલ્યાણ માટે રાજ્યોને રૂ. 11,000 કરોડ આપવામાં આવ્યા હતા.

**ગરીબોને મફતમાં રેશન આપવામાં આવ્યું: :** મે-જૂન 2020માં મહામારી દરમિયાન, 80 કરોડ નાગરિકોને રૂ. 26,000 કરોડનાં ખર્ચે મફતમાં રેશન પુરું પાડવામાં આવ્યું હતું.

**પાકા મકાનો:** પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના હેઠળ 2.14 કરોડ માન્ય પરિવારોમાંથી 1.93 કરોડ મકાનો માટે મંજૂરી અપાઈ ગઈ છે. મહત્વનું એ છે કે, આમાંથી 1.36 કરોડ મકાનોનું બાંધકામ પણ પૂર્ણ થઈ ગયું છે. અમૃત મહોત્સવની સમાપ્તિ પહેલાં દરેકને પાકું મકાન આપવાની સરકારની મહત્વાકાંક્ષા વાસ્તવિકતા બની જશે.

**ઉજ્જવલા યોજના:** 8 કરોડ ગરીબ નાગરિકોને એલપીજી જોડાણ પુરું પાડવામાં આવ્યું હતું. આ સાથે દેશની 99.6 ટકા વસતિને આવરી લેવામાં આવી છે.

**દરેક ઘરમાં શૌચાલય:** સ્વચ્છ ભારત મિશન હેઠળ 11 કરોડ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

**ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન:** પરપ્રાંતિય શ્રમિકોને તેમનાં ગામમાં જ રોજગારીની તક પૂરી પાડવામાં આવે છે.

**જીવન વીમો:** કેન્દ્ર સરકારે બે મહત્વાકાંક્ષી વીમા યોજનાઓ પ્રધાનમંત્રી સુરક્ષા બિમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બિમા યોજના અનુક્રમે માત્ર રૂ. 12 અને રૂ. 330નાં વાર્ષિક પ્રીમિયમે શરૂ કરવામાં આવી. આ બે યોજનાઓથી આશરે 33 કરોડ લોકોને લાભ થયો છે.

**ગામડાં સુધી ઈન્ટરનેટ જોડાણ પહોંચ્યું :** પ્રથમ વાર, શહેરો કરતાં ગામડાંમાં ઈન્ટરનેટ જોડાણની સંખ્યા વધુ છે. દરેક પંચાયતને ઓપ્ટિકલ ફાઈબર કેબલ સાથે જોડવાનું કામ પૂર જોશમાં ચાલુ છે.

**સ્વામિત્વ સ્કીમ:** મારો મિલકત મારો અધિકાર

- આ યોજના હેઠળ લાભાર્થીઓને તેમની જમીનના ટાઈટલની માલિકીની પુષ્ટિ આપતા સત્તાવાર દસ્તાવેજો મંજૂર કરવામાં આવે છે.
- તેનો હેતુ દરેક ગામમાં લેન્ડ રેકોર્ડનું ડિજિટાઈઝેશન કરવાનો છે. રહેણાંક જમીનધારકોનો ડિજિટલ નકશો બનાવવાનું કામ પૂર જોશમાં ચાલુ છે. ભારતમાં બ્રિટિશ શાસનથી આ બાબત પર પૂરતું ધ્યાન આપવામાં નહોતું આવ્યું.
- એપ્રિલ 20204 સુધીમાં સ્વામિત્મ સ્કીમ હેઠળ તમામ 6.62 લાખ ગામડાંને આવરી લેવાનું લક્ષ્ય

**પીએમ સ્વનિધી સ્કીમ:** લારી ફેરવનારા (સ્ટ્રીટ વેન્ડર્સ)ને સ્વરોજગારની તકો પૂરી પાડવાનો અને સન્માન આપવાનો ધ્યેય. આ સ્કીમ સ્ટ્રીટ વેન્ડર્સ માટે રાહત સમાન પૂરવાર થઈ છે. આ સ્કીમ હેઠળ 50 લાખ વેન્ડર્સને રૂ. 10,000 સુધીની લોનની જોગવાઈ. આશરે 41 લાખ અરજકર્તાઓએ લોન માટે અરજી કરી છે, જેમાંથી 24 લાખને લોન મંજૂર કરવામાં આવી છે.

**વચેટિયાઓમાંથી મુક્તિ:** ખેડૂતો પોતાની ઈચ્છા પ્રમાણે પોતાની ઉપજ વેચી શકે તે માટે વચેટિયાઓના મજબૂત નેટવર્કને તોડવામાં આવ્યું છે.

**ફાર્મર પ્રોડ્યુસ ઓર્ગેનાઈઝેશન્સ (FPOs):** દેશના 86 ટકા ખેડૂતો નાના અને સીમાંત ખેડૂતો છે, જેમને સરળ આર્થિક સહાય પૂરી પાડવાના હેતુથી 10,000 એફપીઓ રચવાની યોજના છે, જેનાં માટે મંજૂરી અપાઈ ગઈ છે. 2022 સુધીમાં ખેડૂતોને દેવામુક્ત કરવા અને તેમની આવક બમણી કરવા સરકારે ખેડૂત તરફી નીતિઓ દ્વારા આ પહેલ કરી છે. ■

> “ભૂતકાળમાં ગરીબોનાં કલ્યાણ માટે અનેક વચનો આપવામાં આવ્યા હતા, પણ આ સરકારમાં ગરીબોના કલ્યાણ માટે જેટલું કામ થયું છે એટલું અગાઉ ક્યારેય નથી થયું.”
>
> **- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## અન્નદાતાની ગરિમા જાળવી, સુવિધાઓ આપી

**પીએમ કિસાન સન્માન નિધી:** આ યોજના હેઠળ ફેબ્રુઆરી સુધીમાં ખેડૂતોના બેન્ક ખાતાઓમાં રૂ. 1.13 લાખ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

**કિસાન રેલ:** કોરોનાના સમય દરમિયાન કૃષિ ક્ષેત્રમાં આવક વધારવાના હેતુથી કિસાન રેલ શરૂ કરવામાં આવી હતી

**ખેડૂતો તેમની કૃષિ ઉપજના માલિક બનશે:** સંસદે ત્રણ નવા કૃષિ કાયદા પસાર કર્યા, જેને કારણે ખેડૂતો મંડી (કૃષિ બજાર)ની બહાર પણ તેમનો પાક વેચી શકે છે



## eNAM દ્વારા કૃષિ ચીજવસ્તુઓ માટે ઓનલાઇન ટ્રેડિંગ પ્લેટફોર્મ મળ્યું

વિવિધ રાજ્યોમાં આ પ્લેટફોર્મ દ્વારા ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે 1.13 લાખ કરોડ ટ્રાન્ઝેક્શન્સ થયા છે. અત્યાર સુધી આ પ્લેટફોર્મમાં 1.70 કરોડ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

**વન નેશન, વન MSP અને વન DBT:** સૌ પ્રથમ વાર કોઈ સરકારે ઉત્પાદન ખર્ચની દોઢ ગણી MSP રાખી.



વિશ્વાસના સાત વર્ષ

## વૃદ્ધિમય અર્થતંત્ર

# અર્થતંત્ર આત્મનિર્ભરતાના માર્ગ પર

**અર્થતંત્ર અને સમાજ માટેનો વ્યૂહ સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક નીતિઓ દ્વારા જ ઘડાઇ શકે છે. ભારતની સામૂહિક પ્રગતિ અને સમૃધ્ધિ માટે મહદ્ અંશે તેની અડધી વસતિ જવાબદાર છે, જેને વર્કિંગ ગ્રૂપ (નોકરિયાતો) તરીકે ઓળખવામાં આવે છે. કોરાના મહામારી ફેલાઇ ત્યારે દેશની નેતાગીરીએ પહેલાં લોકોના જીવન બચાવવાનો મંત્ર આપ્યો અને પછી 'જાન ભી જહાન ભી' દ્વારા આત્મનિર્ભરતાનો મંત્ર આપ્યો અને તેને સાકાર કરવાની દિશામાં પગલાં લીધા...**

મહામારી દરમિયાન વિશ્વના અન્ય દેશોની જેમ ભારતીય અર્થતંત્ર પર પણ ગંભીર ફટકો પડ્યો હતો. નાણાંકીય વર્ષ 20-21ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં જીડીપી વૃધ્ધિદર 23.9 ટકા સંકાચાયો હતો. તમામ આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ ભારતની આર્થિક વૃધ્ધિમાં નરમાઇની આગાહી કરી હતી. પણ આ કટોકટી છતાં કેન્દ્ર સરકારની નીતિઓનું એ પરિણામ હતું કે ત્રીજું ક્વાર્ટર આવતા આવતા વૃધ્ધિ ફરી એક વાર પોઝિટિવ થઈ. પોઝિટિવ જીડીપી ધરાવનાર ભારત વિશ્વનો બીજો દેશ હતો. વધુમાં, ભારતમાં ગંભીર આર્થિક નરમાઇની આગાહી કરનારા તમામ નિષ્ણાતો કે સંસ્થાઓએ પોતાનાં નિવેદન સુધાર્યા હતા અને જણાવ્યું હતું કે, નવા નાણાંકીય વર્ષમાં ભારતની જીડીપી દ્વિઅંકી થઈ જશે.

### આત્મનિર્ભર ભારત પેકેજે દિશા બતાવી



સરકારે લોકડાઉન દરમિયાન અર્થતંત્રને ટેકો આપવા આત્મનિર્ભર ભારત પેકેજ જાહેર કર્યું

**29.87**
લાખ કરોડની જાહેરાત ત્રણ તબક્કામાં

આર્થિક પેકેજથી સામાન્ય માણસ, ગરીબ, ખેડૂત, પરપ્રાંતીય શ્રમિકો, એમએસએમઇ અને ઉદ્યોગોને ફાયદો

**15 ટકા**
ભારતની જીડીપીના આટલા ટકાનું પેકેજ. તેણે અર્થતંત્રને સંભાળવાની સાથે સાથે આત્મનિર્ભરતાનો માર્ગ દર્શાવ્યો

# ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિનાં નેતૃત્વ માટે સજ્જ

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ, બ્લોકચેઇન અને બીગ ડેટા દેશને નવી ઊંચાઇઓ પર લઈ જવાની સંભાવના ધરાવે છે. વર્તમાન સમયમાં સંપૂર્ણ પ્રગતિ હાંસલ કરવા માટે ટેકનોલોજી મહત્વનું માધ્યમ છે. આ માર્ગ દ્વારા જ ભારત લાંબા ગાળે આત્મનિર્ભર બનવાનું તેનું સ્વપ્ન સાકાર કરી શકે છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં કહીએ તો, વિશ્વની પ્રથમ અને બીજી ઔદ્યોગિક ક્રાંતિના સમયે ભારત ગુલામ હતું. ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ થઈ ત્યારે ભારત આઝાદી પછી સામે આવેલા પડકારોનો સામનો કરવા ઝઝૂમી રહ્યું હતું. પણ હવે ભારત સંપૂર્ણપણે તૈયાર છે. હાલમાં, દેશની 50 ટકા વસતિ 27 વર્ષથી ઓછી વયની છે. તેથી, ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાં મહત્વની ભૂમિકા ભજવવા તૈયાર છે.



**93 %**

વધારો ટેલિકમ્યુનિકેશન્સ સેવામાં. 50 કરોડથી વધુ લોકો મોબાઇલ ફોન ધરાવે છે

ભારત વિશ્વમાં સૌથી વધુ મોબાઇલ ઇન્ટરનેટનો વપરાશ કરતો દેશ છે. દર સૌથી નીચા છે. છેલ્લાં ચાર વર્ષમાં મોબાઇલ ડેટા વપરાશમાં 30 ગણો વધારો થયો છે

**120** કરોડ ભારતીયો પાસે આધાર

આ સંજોગોમાં ભારત હવે વિશ્વની ચોથી ઔદ્યોગિક ક્રાંતિન આગેવાની લેવા સંપૂર્ણ સજ્જ છે

**1.58 લાખ** 

ગ્રામ પંચાયતો પાસે ઓપ્ટિકલ ફાઇબર. 2014માં 59 ગ્રામ પંચાયતોમાં જ હતી

દેશ ઇનોવેશનમાં સતત આગળ વધી રહ્યો છે. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં 52મો ક્રમ આ વાતનું પ્રમાણ છે. સાત વર્ષમાં ભારતે સતત સુધારો કર્યો છે

## જીએસટી

વન કન્ટ્રી-વન ટેક્સ વ્યવસ્થા હેઠળ કર પ્રણાલિમાં મહત્વના સુધારામાં ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ (GST)એ અર્થતંત્રને નવી ઊંચાઇ પર લઈ જવામાં મદદ કરી છે. આનાથી ઉદ્યોગો અને વેપારીઓને કરજાળમાંથી રાહત મળી છે અને સરકારની મહેસુલી ખોટ પણ ઘટી છે

એપ્રિલ 2021માં રૂ. 1.41 લાખ કરોડ જીએસટી વસૂલાત થઈ હતી. સતત સાતમા મહિને રૂ. એક લાખ કરોડથી વધુ વસૂલાત થઈ છે.

સૌ પ્રથમ વાર પ્રામાણિક કરદાતાનું સન્માન કરવા ફેસલેસ એસેસમેન્ટ શરૂ કરવામાં આવ્યું હતું. પેન્ડિંગ ટેક્સ કેસોની સંખ્યા ઘટાડવા માટે 'વિવાદ સે વિશ્વાસ તક' સ્કીમ શરૂ કરવામાં આવી હતી.

### એમએસએમઇની વ્યાખ્યા બદલવામાં આવી..

જ્યારે પણ વિશ્વ સામે આર્થિક કટોકટી આવી છે ત્યારે ભારતે તેનો સફળ સામનો કર્યો છે કારણ કે કૃષિ અને એસએમઇ (સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો)એ ભારતીય અર્થતંત્રના પીઠબળ તરીકે કામ કર્યું છે. અર્થતંત્રમાં 29 ટકા હિસ્સો ધરાવતા એમએસએમઇ સેક્ટરની વ્યાખ્યા બદલવામાં આવી. જીડીપીમાં તેનો હિસ્સો વધારીને 50 ટકા કરવાનો લક્ષ્ય છે.

### જાહેર ક્ષેત્રોની બેન્કોનું મર્જર

નબળી આર્થિક સ્થિતિ ધરાવતી બેન્કોની સ્થિતિ સુધારવા અને વધતા જતા ઋણને ઘટાડવા જાહેર ક્ષેત્રોની 27 બેન્કોને મર્જ કરીને 12 બેન્કો રચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. માર્ચ 2018માં એનપીએ 11.5 ટકા હતી, જે ઘટીને માર્ચ 2019માં 9.3 ટકા અને માર્ચ 2020માં 8.5 ટકા થઈ હતી.

### સૌ પ્રથમ વાર ઉદ્યોગો માટે પીએલઆઇ...

અત્યાર સુધી સરકારો ઉદ્યોગોને સસ્તી લોન, વીજળી, પાણી વગેરે આપતી હતી, પણ પ્રથમ વાર કેન્દ્ર સરકારે ઉત્પાદનમાં સારી કામગીરી કરનારા 13 સેક્ટર્સ માટે ઇન્સેન્ટિવ લિન્ક પેકેજ જાહેર કર્યા. રૂ. 1.97 લાખ કરોડના પીએલઆઇ (પર્ફોમન્સ લિન્કડ ઇન્સેન્ટિવ્સ)થી આગામી પાંચ વર્ષમાં 500 અબજ ડોલરનું ઉત્પાદન થશે અને એક કરોડ નવી રોજગારીનું સર્જન થશે.

# DBT અને ડિજિટલ ઇકોનોમીએ નવી દિશા બતાવી...



**54** યોજનાઓમાં ડીબીટી દ્વારા બેન્ક ખાતામાં સીધા નાણાં જમા થાય છે. કુલ 318 યોજનામાંથી 54 યોજનામાં ડીબીટી

**રૂ. 15.16**

લાખ કરોડ અત્યાર સુધી ખાતાઓમાં સીધા જમા થયા, ડીબીટી દ્વારા રૂ. 1.78 લાખ કરોડ બચાવી શકાયા



**આવકવેરાનું રિટર્ન ફાઈલ કરનારાની સંખ્યામાં 2.5 કરોડનો વધારો**

આજે દેશના 120 કરોડથી વધુ લોકો પાસે આધાર કાર્ડ છે. આધાર દ્વારા DBT (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) સરકારી યોજનાઓનું મુખ્ય પાસું બની ગયું છે



સરકારે વિદેશી રોકાણ માટેનાં નિયમો હળવા કર્યા. સંરક્ષણ, વીમો અને રેલવેઝ જેવા સેક્ટર્સમાં વિદેશી રોકાણને મંજૂરી. આને કારણે ઉત્પાદન ક્ષેત્રમાં વૃધ્ધિ થઈ અને દેશમાં નવી રોજગારી પેદા થઈ

લાભાર્થીઓને તેમના બેન્ક ખાતાઓમાં સીધો લાભ આપવામાં આવે છે. કેન્દ્ર સરકારે ભ્રષ્ટાચાર સામે લીધેલાં સૌથી મોટાં પગલાંમાંનું એક છે. હાલમાં, કેન્દ્ર દ્વારા અપાતા 100 પૈસામાંથી પૂરે પૂરા પૈસા લાભાર્થી પાસે પહોંચે છે.

**જનધન**

**42** કરોડ બેન્ક ખાતાઓ ખુલ્યાં છ વર્ષોમાં

**64** ટકા ખાતાઓ ગ્રામીણ વિસ્તારોમાં ખૂલ્યાં. 55 ટકા ખાતાધારકો મહિલાઓ છે

**રૂ. 1,45,000** કરોડ હાલમાં ખાતામાં જમા છે



**રૂ. 25,000 કરોડથી વધુ**

મદદ સ્ટેન્ડ-અપ ઇન્ડિયા સ્કીમ હેઠળ પૂરી પાડવામાં આવી



**રૂ. 28 કરોડથી વધુ**

લોન અત્યાર સુધી મુદ્રા યોજના હેઠળ મંજૂર કરવામાં આવી

**જન ધન યોજના હેઠળ દરેક ઘરમાં દરેક સભ્ય બેન્ક ખાતું ખોલાવી શકે છે**

- એપ્રિલ 2020થી જાન્યુઆરી 2021 સુધીમાં 72.12 અબજ ડોલરનો વિદેશી રોકાણ પ્રવાહ આવ્યો છે. જે અત્યાર સુધીનો સૌથી વધુ છે
- કેશલેસ ઈકોનોમી સમયની તાતી જરૂરીયાત છે. તેથી, કેન્દ્ર સરકારે દેશના અર્થતંત્રને ડિજિટલ બનાવવા વિશેષ પહેલ કરી છે.
- BHIM એપ પર 170થી વધુ બેન્ક જોડાયેલી છે, જે 24 કલાક ડિજિટલ પેમેન્ટ્સ ઉપલબ્ધ કરાવે છે
- ભારતમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન માટે આ વર્ષે બજેટમાં રૂ. 1500 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ડિજિટલ વ્યવહારોના સંદર્ભમાં ભારતે 2020માં અમેરિકા અને ચીનને પાછળ છોડી દીધા હતા
- ઓગસ્ટ 2016થી માર્ચ 2021 દરમિયાન BHIM એપ દ્વારા ચાર ટ્રિલિયનથી વધુ વ્યવહારો થયા છે

## બજેટ પછી હિતધારકો સાથે આદાનપ્રદાનની નવી શરૂઆત...

સામાન્ય બજેટ તો દર વર્ષે આવે છે પણ સૌ પ્રથમ વાર બજેટ અંગે પાયાના સ્તર પર નિષ્ણાતો સાથે ચર્ચા કરવાની પહેલ શરૂ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે નવ સેક્ટર્સના નિષ્ણાતો સાથે સીધી વાતચીત કરીને આ નવી પરંપરા શરૂ કરી છે. આ પહેલથી નાગરિકો અને ખાનગી ક્ષેત્ર વચ્ચેનો અવકાશ પૂરાશે અને પાયાના સ્તરે બજેટના અમલની ખાતરી મળશે અને ભારત આત્મનિર્ભર બનાવવાની આ પહેલ દેશને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાના લક્ષ્યને હાંસલ કરવામાં મહત્વની પુરવાર થશે. ■

કેબિનેટના નિર્ણયો

# ભારતમાં પ્રથમ વાર નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને યુરિયાનું ઉત્પાદન કરવામાં આવશે

દેશમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે કેબિનેટ કમિટીએ નવીન પ્રક્રિયા દ્વારા યુરિયાના ઉત્પાદનને મંજૂરી આપી છે. કોલ ગેસિફિકેશન દ્વારા યુરિયાનું ઉત્પાદન આત્મનિર્ભર ભારતની દિશામાં પગલું છે અને ઊર્જા સલામતી તથા દેશની આત્મનિર્ભરતામાં નવું પ્રકરણ ઉમેરશે. આ ઉપરાંત, કેબિનેટે બેંગલુરુ મેટ્રો રેલ પ્રોજેક્ટ અને ફાઇનાન્સ બિલમાં સુધારાને પણ મંજૂરી આપી છે.



**નિર્ણય:** તાલ્ચેર ફર્ટિલાઇઝર લિમિટેડ (TFL) દ્વારા કોલ ગેસિફિકેશનની મદદથી યુરિયાના ઉત્પાદન માટે સબસિડી પોલિસીને મંજૂરી

લાભ: TFL યુરિયા પ્રોજેક્ટનો અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ રૂ. 13,277.21 કરોડ

- આ પ્રોજેક્ટ મેક 'ઇન ઇન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' ઝૂંબેશને વેગ આપશે.
- પ્રોજેક્ટથી ખેડૂતો માટે ખાતરની ઉપલબ્ધિ વધશે અને તેનાથી પૂર્વ ભારતના વિકાસને વેગ મળશે અને દેશના પૂર્વ ભાગમાં યુરિયાના પુરવઠા માટે ટ્રાન્સપોર્ટ સબસિડી બચશે.
- પ્રતિ વર્ષ 12.7 LMT યુરિયાની આયાત ઘટાડવામાં મદદ મળશે, જેનાથી વિદેશી હૂંડિયામણની બચત થશે

**નિર્ણય:** બેંગલોર મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ 2Aને મંજુરી, જેનાથી બેંગલુરુમાં શહેરી પરિવહન વ્યવસ્થા સરળ બનશે, જેના પર હાલમાં શહેરી વિકાસ, ખાનગી વાહનોની સંખ્યામાં વધારો અને શહેરમાં મોટાં પ્રમાણમાં બાંધકામ પ્રવૃત્તિને કારણે ભારણ છે.

લાભ: ફેઝ 2A સેન્ટ્રલ સિલ્ક બોર્ડ જંક્શનને કે આર પુરમને અને ફેઝ 2B કે આર પુરમને હેબ્બલ જંક્શન થઈને એરપોર્ટ સાથે જોડશે.

- પ્રોજેક્ટની કુલ લંબાઇ 58.19 કિમી છે. કુલ ખર્ચ રૂ. 14,788 કરોડ અંદાજવામાં આવ્યો છે.
- પ્રોજેક્ટના અમલીકરણથી બેંગલુરુને જેની ખૂબ જરૂર છે તે વધારાનું પબ્લિક ટ્રાન્સપોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મળશે

**નિર્ણય:** કેબિનેટે હિતધારકોની ચિંતા દૂર કરવા ફાઇનાન્સ બિલ, 2021માં સરકારના સુધારાને એક્સ-પોસ્ટ ફેક્ટો મંજૂરી આપી


લાભ: ફાઇનાન્સ બિલ, 2021માં સરકારી સુધારા કર દરખાસ્તો છે, જે સરકાર માટે સમયર આવક પેદા કરશે અને વર્તમાન જોગવાઇઓને સરળ કરશે.

- ફાઇનાન્સ બિલમાં સૂચવેલા સુધારાઓને કારણે હિતધારકોમાં સર્જાયેલા ચિંતા દૂર થશે
- ફાઇનાન્સ બિલ, 2021માં સુધારાઓથી તમામ કરદાતાઓને સમાન અને સમાવેશી વાતાવરણ મળશે.●

# સંરક્ષણ ક્ષેત્રની કાયાપલટ

## ॥ मरमानम मांड वडिच्चेलव् तेट्रम येना नान्गो येमम पडईक्कु ॥

**શૌર્ય, સન્માન, ગરિમા અને અને વિશ્વસનીયતા આ ચાર ગુણ કોઈ પણ દેશની સેનાનું પ્રતિબિંબ હોય છે.**




કેન્દ્ર સરકારે રૂ. **48,000** કરોડનાં ખર્ચે સ્વદેશી બનાવટના હળવા લડાકુ વિમાન તેજસ ખરીદવા મંજૂરી આપી. ભારત ટોચના **25** શસ્ત્ર નિકાસકારોની યાદીમાં

સંત થિરુવલ્લુવરે સદીઓ પહેલાં લખેલી આ પ્રસિધ્ધ ઉક્તિઓનું ભારતીય લશ્કર અક્ષરશઃ પાલન કરે છે. અગાઉની સરકારોથી વિપરીત, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને ઝડપી બનાવીને, અત્યાધુનિક ટેકનોલોજી અને આધુનિકીકરણ પર વધુ ભાર મૂકીને સંરક્ષણ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા આતુર છે.

મોદી સરકારે સંરક્ષણ મંત્રાલયને નવો ઓપ આપ્યો છે. ભૂતકાળમાં આ મંત્રાલયમાં બિનકાર્યક્ષમતા અને સંરક્ષણ પ્રોજેક્ટ્સને મંજૂરીમાં વિલંબ જેવી અનેક સમસ્યાઓ હતી. સંરક્ષણ મંત્રાલય દેશની સરહદો સંભાળે છે એટલું જ નહીં, લશ્કરી દળ, નૌકા દળ, હવાઈ દળ અને તટરક્ષક દળોના 15 લાખ સંરક્ષણ કર્મચારીઓનો વહીવટ પણ સંભાળે છે. પરંપરાગત રીતે સંરક્ષણ મંત્રાલયને વાર્ષિક બજેટનો સૌથી મોટો હિસ્સો ફાળવવામાં આવે છે. અનેક પડકારો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014માં સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે તેમની પ્રાથમિકતા સંરક્ષણ મંત્રાલયનું પરિવર્તન કરવાની હતી. તેમણે મેક ઇન ઇન્ડિયા જેવી પોલીસી બનાવી અને લશ્કરી તંત્રના માળખાકીય વિકાસ માટે પગલાં લીધા. આજે દુશ્મન દેશો ભારત સામે આંખ ઉઠાવતા બે વાર વિચારે છે.

### સ્વદેશીને પ્રોત્સાહન આપવા સંરક્ષણ ખરીદ નીતિ

સંરક્ષણ ખરીદ નીતિ 2016ની જાહેરાત સંરક્ષણ ઉપકરણોની ખરીદીમાં પાયાનું પરિવર્તન લાવનારી સાબિત થઈ. પોલિસીનો

### સંરક્ષણ ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવા લીધેલાં પગલાં





- સ્ટાર્ટઅપ્સને લઘુ ઉદ્યોગો સાથે જોડવા ઈન્ડેક્સ ડ્રાઇવ લોંચ કરાયો
- મેક ઇન ઈન્ડિયા હેઠળ શસ્ત્ર સરંજામનાં ઉત્પાદનનો પ્રારંભ થયો
- ઉત્પાદન માટે રૂ. 52,000 કરોડનું અલગ બજેટ
- તામિલનાડુ અને ઉત્તરપ્રદેશમાં બે ડિફેન્સ કોરિડોર સ્થપાયા





2021-22ના નાણાંકીય વર્ષ માટેના બજેટમાં લશ્કરના આધુનિકીકરણ માટેના મૂડી ખર્ચમાં 18.75 ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. મહત્વપૂર્ણ છે કે લશ્કરની ત્રણેય પાંખોને દરેક પ્રોજેક્ટ માટે રૂ. 5,000 કરોડ સુધીની ઇન્વેન્ટરી અથવા નવા શસ્ત્રો ખરીદવા મંજૂરી આપવામાં આવી છે.

## સરહદ પર મજબૂત માળખું

| 2008 થી 2014 | |
|---|---|
| 3600 કિમી રોડ | 7270 પુલ |
| **2014 થી 2020** | |
| 4700 કિમી રોડ | 14953 પુલ |


### જીવલેણ શસ્ત્રોની ખરીદી

ભારતે આ વર્ષે રશિયા પાસેથી S-400 એર ડિફેન્સ સિસ્ટમ મેળવી હતી. કલાશનિકોવ AK-203 રાઇફલ્સનું સ્થાનિક ઉત્પાદન થશે. અલ્ટ્રા-લાઇટ હોવિત્ઝર ટેન્ક્સ અને સ્કોર્પિયન સબમરિન પણ દેશમાં બની રહી છે.

### CDSના હોદ્દાની રચના



બે દાયકાથી થઈ રહેલી માગને પગલે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)નો હોદ્દો રચવામાં આવ્યો હતો. ભારતના પ્રથમ CDS તરીકે જનરલ બિપીન રાવતે હોદ્દો સંભાળ્યો હતો.



## ત્રાસવાદ પર લગામ

જમ્મુ કાશ્મીરમાં 370મી કલમ નાબૂદ કરાયા પછી ત્રાસવાદી પ્રવૃત્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે



| | 2019 | 2020 | 2021* |
|---|---|---|---|
| ત્રાસવાદી ઘટનાઓ | 594 | 244 | 15 |
| ત્રાસવાદીનાં મોત | 157 | 211 | 8 |

(*માર્ચ 2021 સુધી)

**UAPAને વધુ કડક બનાવવામાં આવ્યો:** ત્રાસવાદને નાબૂદ કરવાના હેતુથી નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી (NIA)ને બિલમાં સુધારા દ્વારા સત્તાઓ આપવામાં આવી હતી. સુધારા દ્વારા અનલોફુલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ- UAPAને વધુ કડક બનાવવામાં આવ્યો હતો.

**DRDOના બજેટમાં વધારો:** સંરક્ષણ ક્ષેત્રમાં સંશોધનને પ્રોત્સાહન આપવા માટે આ વર્ષના બજેટમાં DRDO માટે મૂડી ફાળવણીમાં 8 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

હેતુ ભારતમાં સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહિત આપવાનો હતો. આ પોલિસીનો હેતુ સ્વદેશી બનાવટના સંરક્ષણ ઉત્પાદનોની ડિઝાઇન, ડેવલપમેન્ટ અને ઉત્પાદન કરી શકે તેવી ભારતીય કંપનીઓ પર ફોકસ કરવાનો અને ખરીદી કરતી વખતે તેમને પ્રાથમિકતા આપવાનો છે. હવે પછીનો મોટો પડકાર વિવિધ યોજનાઓ ઘડવાનો હતો, જેના માટે ભંડોળની ફાળવણી કરવાની હતી અને તેનો ઝડપી અમલ કરવો જરૂરી હતો. લશ્કરી દળ માટે 50,000 બુલેટપ્રુફ જેકેટ્સની ખરીદી ઝડપી કરવામાં આવી કારણ કે તેઓ તેની તીવ્ર અછતનો સામનો કરતા હતા. અગાઉ, ત્રાસવાદ વિરોધી કામગીરીમાં સંકળાયેલા આપણા જવાનો બુલેટપ્રુફ જેકેટના અભાવે મુશ્કેલીનો સામનો કરતા હતા.

બે દાયકા સુધી રાહ જોયા પછી લશ્કરના જવાનો માટે હેલ્મેટ ખરીદવાની પ્રક્રિયાને મંજૂરી આપવામાં આવી. કાનપુર સ્થિત એમકેયુ ઇન્ડસ્ટ્રીઝને રૂ. 180 કરોડનાં ખર્ચે 1.58 લાખ હેલ્મેટ્સ બનાવવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. 2016નું વર્ષ લશ્કર માટે ઘટનાસભર રહ્યું. સર્જિકલ સ્ટ્રાઇક બાદ પાકિસ્તાનના દુસ્સાહસનો સામનો કરવા કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી મેટર્સે લશ્કરની ત્રણેય પાંખોને ફાસ્ટ ટ્રેક પ્રોસેસ દ્વારા રૂ. 20,000 કરોડના મૂલ્યની સંરક્ષણ સામગ્રીની ખરીદીની મંજૂરી આપી.

અગાઉના સમયમાં ગંભીર પરિસ્થિતિ પર પ્રકાશ પાડતા ભૂતપુર્વ કોમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ (CAG)નાં સંસદમાં રજૂ કરાયેલા અહેવાલમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે, જોખમ તોળાતું હોવાં છતાં શસ્ત્ર સરંજામ ખરીદવામાં આવ્યાં નહોતાં. માર્ચ 2013 સુધીમાં સ્થિતિ ચિંતાજનક હદે પહોંચી ગઈ હતી. દેશ સામે અનેક પડકારો ઊભા હતા પણ લશ્કરને મજબૂત બનાવવા તાજેતરનાં ભૂતકાળમાં પૂરતા પ્રયાસો કરવામાં આવતા સ્થિતિ સામાન્ય બની ગઈ છે. 43 વર્ષ સુધી રાહ જોયા બાદ 'વન રેન્ક વન પેન્શન'નો અમલ કરવામાં આવ્યો છે. ■




# વૈશ્વિક મંચ પર ચમકતું ભારત

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014ની સામાન્ય ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યા પછી વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશની ધૂરા સંભાળી હતી. તેમણે જૂના મિત્રો સાથેના સંબંધો મજબૂત કરવાની સાથે સાથે નવા મિત્રો બનાવીને ભારતની વિદેશ નીતિમાં પ્રાણ ફૂંક્યા. 21મી સદીમાં દેશના હિતોનું રક્ષણ કરવા પ્રગતિશાળી અભિગમની જરૂરિયાત સમજીને તેમણે 'ઇન્ડિયા ફર્સ્ટ'ની પોલિસી અપનાવી. તેમની વિદેશ નીતિના બે મૂળભૂત સિધ્ધાંતો 'એક્ટિંગ ઇસ્ટ' અને 'લુકિંગ વેસ્ટ'એ ભારતની વૈશ્વિક મહત્વાકાંક્ષાઓમાં નવો જીવ રેડ્યો છે.**

પડોશમાં આવેલા દેશો સાથે સારા સંબંધો રાખવા એ મોદી સરકારની વિદેશ નીતિના કેન્દ્રમાં રહ્યું છે. સરકારે ૨૦૧૪થી 'નેબર ફર્સ્ટ' પોલિસી અને દૂરના દેશો સાથેના સંબંધોને નવો આયામ આપવાની દિશામાં વિસ્તારિત પડોશવાદ ('એક્સ્ટેન્ડેડ નેબરહૂડ') નીતિ અપનાવી જે, દેશની વિદેશનીતિના આધાર બન્યા. મોદી સરકારની નવી વિચારધારાથી વિવિધ દેશો સાથેના દ્વિપક્ષીય સંબંધોમાં મોટો સુધારો થયો છે. કોરોના મહામારીના સમયમાં ભારત 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાને નવી વ્યાખ્યા આપીને વૈશ્વિક અગ્રણી તરીકે ઊભરી આવ્યો છે.

## દ્વિપક્ષીય સંબંધોમાં મજબૂતી

કોરોના સમયમાં બધું જ થંભી ગયું હતું ત્યારે વડાપ્રધાન મોદીએ વૈશ્વિક સમસ્યાઓની ચર્ચા કરવા વર્ચ્યુઅલ મિટિંગ્સ શરૂ કરીને વિશ્વ સમુદાયની આગેવાની લીધી. તેમણે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, અખાતી દેશો અને પશ્ચિમ એશિયન દેશો સાથેના સંબંધો મજબૂત કર્યા. તેમણે G-20 અને NAM સમિટમાં પણ હાજરી આપી.

- કોરોના મહામારી દરમિયાન, તેમણે દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનાવવા બાંગલાદેશની મુલાકાત લીધી અને ત્યાંના સ્થાપના દિને સંબોધન પણ કર્યું.
- બાંગલાદેશ અને નેપાળ સાથે સરહદ પારના સહકારને વેગ આપવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા.
- માલ્દિવ્સની મુલાકાત દરમિયાન મોદીને ત્યાંના સર્વોચ્ચ નાગરિક સન્માન 'રુલ ઓફ નિશાન ઇઝ્ઝુદ્દીન' અને યુએઇની મુલાકાત દરમિયાન ત્યાંના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ઝાયેદ'ની સન્માનવામાં આવ્યા.
- ભારત આઠમી વાર યુએન સિક્યોરિટી કાઉન્સિલનું બિન-કાયમી સભ્ય નિમાયું, જે વિક્રમ છે.
- એપ્રિલ 2019ના ઇસ્ટર ત્રાસવાદી હુમલા બાદ શ્રીલંકાના લોકો સાથે સંવેદના દર્શાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીલંકાના સેઇન્ટ એન્થની ચર્ચની મુલાકાત લીધી, જ્યાં ત્રાસવાદીઓએ બોંબમારો કર્યો હતો.
- વુહાન સ્પિરિટ' અને 'ચેન્નાઇ કનેક્ટ' જેવા કાર્યક્રમો દ્વારા ચીન સાથેના સંબંધો ગાઢ બનાવવા પ્રયાસ કરવામાં આવ્યા.

## પાકિસ્તાને અલગ પાડીને ત્રાસવાદ પર પ્રહાર

- ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) દ્વારા પાકિસ્તાનને બ્લેક લિસ્ટ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા ભારતે મહત્વની ભૂમિકા ભજવી હતી. એશિયા-પેસિફિક સબ ગ્રૂપે પણ પાકિસ્તાનને બ્લેકલિસ્ટ કર્યુ હતું.
- ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસે કુલભુષણ જાધવને કોન્સ્યુલર એક્સેસની મંજૂરી આપતો ચૂકાદો આપ્યો હતો, જે ભારતનો વિજય હતો.

## ભારતે મદદનો હાથ લંબાવ્યો



2015માં નેપાળમાં ભૂકંપ આવ્યો પછી ભારતે 67 મિલિયન ડોલરની આર્થિક સહાય ઉપરાંત વિશેષ વિમાન દ્વારા તાત્કાલિક રાહત સામગ્રી મોકલાવી હતી.



ભારતે ઈન્ડોનેશિયામાં ભૂકંપ અને સુનામીમાં ભોગ બનેલાઓને મદદ કરવા 'ઓપરેશન સમુદ્ર મૈત્રી' હાથ ધર્યું હતું.



ભારતે ચક્રવાત ઈડાઈ પછી મોઝામ્બિકને મદદ કરી હતી

### વેક્સિન મૈત્રી

ભારતે કોરોનાની રસી વિકસાવી તે પછી અન્ય દેશોને પણ રસી આપીને મદદનો હાથ લંબાવ્યો હતો. કોરોના મહામારી દરમિયાન, ભારતે વિવિધ દેશોને દવાઓ અને અન્ય રાહત સામગ્રી પૂરી પાડી હતી, જેના માટે કેટલાંક દેશોએ ભારતને 'હનુમાન'ની ઉપમા પણ આપી હતી. વેક્સિન મૈત્રી અંતર્ગત ભારતે 95 દેશોને કોરોના રસીના છ કરોડથી વધુ ડોઝ પૂરા પાડ્યા હતા.

### ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)

ભારતે ફ્રાન્સના સહયોગથી આ ઉમદા પહેલ કરી હતી. ધ ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ સેક્રેટરિયટ એ ભારતમાં વડુંમથક ધરાવતી પ્રથમ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે

### ઈન્ટરનેશનલ યોગ ડે

ભારતની સદીઓ જૂની યોગ પરંપરાને વિશ્વભરમાં સન્માન મળ્યું. વિશ્વએ 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લીધો.

### Quad

ભારત Quadનું મહત્વનું વ્યૂહાત્મક ભાગીદાર છે, જેમાં અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો પણ સમાવેશ થાય છે. આ ભાગીદારી એશિયા અને પ્રશાંત મહાસાગરના દેશોમાં વ્યૂહાત્મક દ્રષ્ટિથી ખૂબ મહત્વની છે.

### 2+2 સંવાદ

ભારત અને અમેરિકાએ 2018માં 2+2 મંત્રીકક્ષાના સંવાદનો પ્રારંભ કર્યો હતો. ઓક્ટોબર 2020માં નવી દિલ્હીમાં 2+2 સંવાદની ત્રીજી આવૃત્તિ યોજાઈ હતી. ભારતે મંત્રીકક્ષાની સમિટમાં અમેરિકા સાથે અનેક સમજૂતિઓ કરી હતી.


- વડાપ્રધાન મોદીએ SCO સમિટ, જાપાનમાં, G20 સમિટ, બ્રાઝિલમાં BRICS સમિટ અને રશિયામાં ઈકોનોમિક ફોરમ મિટિંગ સહિતના વૈશ્વિક શિખર સંમેલનોમાં અમીટ છાપ છોડી હતી.
- વડાપ્રધાન બન્યા પછી મોદીએ ઈઝરાયેલ, ફ્રાન્સ, યુકે, જાપાન, અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત કર્યા છે. તેમણે ઈરાન, સાઉદી અરેબિયા અને ઈઝરાયેલ સહિતના પશ્ચિમ એશિયન રાષ્ટ્રો સાથેના દ્વિપક્ષીય સંબંધો પણ મજબૂત કર્યા છે. ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સાથેની ભાગીદારી પણ મજબૂત બની છે.
- ઈરાન સાથેના સંબંધોમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં પરિવર્તન આવ્યું છે. ભારતે સંબંધો વધુ મજબૂત કરવા માટે ઈરાન સાથે ચાબહાર અંગેની ઐતિહાસિક સમજૂતિ પર પણ હસ્તાક્ષર કર્યા હતા.
- પેલેસ્ટાઈન સાથેના સંબંધો પણ સુધર્યા છે. 2018માં પેલેસ્ટાઈનની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'ગ્રાન્ડ કોલર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઈન એવોર્ડ'થી નવાજવામાં આવ્યા હતા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રથમ અને દ્વિતીય શપથ સમારોહમાં ભારતની વિદેશ નીતિનો પ્રભાવ નજરે પડતો હતો. પ્રથમ શપથ સમારોહમાં સાર્ક દેશોના નેતાઓએ હાજરી આપી હતી, જ્યારે બીજા શપથ સમારોહમાં BIMSTEC નેતાઓ હાજર રહ્યા હતા, જેમાં બાંગલાદેશ, મ્યાંમાર, શ્રીલંકા, થાઈલેન્ડ, ભુતાન અને નેપાળનો સમાવેશ થાય છે.
- ધ રિજનલ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશીપ (R C E P) એ એશિયા-પ્રશાંત મહાસાગર દેશો વચ્ચેની મુક્ત વેપાર સંધિ છે, જેમાં 10 આસિયાન દેશો ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ચીન, જાપાન, ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ કોરિયાનો સમાવેશ થાય છે. RCEPમાં જોડાવા માટે ભારત પર દબાણ પણ થયું હતું, પણ ભારતે તેના સભ્ય બનવાનો ઈનકાર કરી દીધો. વડાપ્રધાન મોદીએ આ મુદ્દે ભારતનો દ્રષ્ટિકોણ રજૂ કરતાં કહેલું કે, "અમે આંતરરાષ્ટ્રીય સહકારની ભાવના સાથે કામ કરીએ છીએ, પણ સાથે સાથે, રાષ્ટ્રહિતની વિપરીત ન જઈ શકીએ." ■




# સદીઓથી જોવાતી રાહનો અંત

9 નવેમ્બર, 2019નાં રોજ સર્વોચ્ચ અદાલતે જેની લાંબા સમયથી રાહ જોવાતી હતી તે ચૂકાદો આપ્યો અને અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટેનો માર્ગ મોકળો થયો. અદાલતના આ ચૂકાદાને સમગ્ર રાષ્ટ્રએ વધાવી લીધો, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉત્સાહી નાગરિકો સાથે જોડાયા અને આ ચૂકાદાને 'ભારત માટે નવી સવાર' ગણાવી. તેમણે યુવાનોને નવા ભારતના નિર્માણ માટે આહવાન કર્યું. રામ મંદિર હોય કે કરતારપુર કોરિડોર, કાશી વિશ્વનાથ કોરિડોર, જમ્મુ કાશ્મીરમાં કલમ 370ની નાબૂદી હોય કે, ટ્રિપલ તલાકની નાબૂદી કે પછી સિટિઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ બિલ જેવા મહત્વના નિર્ણયો હોય. આ પગલાં ભારતને ઝડપી પ્રગતિ માટે માર્ગદર્શન કરી રહ્યા છે.

ગયા વર્ષે 5 ઓગસ્ટનાં રોજ રામ મંદિરનું શિલારોપણ કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, "જે રીતે દલિતો, પછાતો, આદિવાસીઓ અને સમાજના દરેક વર્ગે આઝાદીના સંઘર્ષમાં ગાંધીજીને સહકાર આપ્યો હતો, એ જ રીતે દેશના લોકોના સહયોગથી રામ મંદિરનું શુભ કાર્ય શરૂ થયું છે." વડાપ્રધાનનું કહેવું સ્પષ્ટ હતું કે જીવનનું એવું કોઇ પાસું નથી, જ્યાં રામ પ્રેરણા ન આપતા હોય. રામ ભારતની આસ્થા છે. રામ ભારતના આદર્શો છે. ભારતની દિવ્યતામાં અને દર્શનશાસ્ત્રમાં રામ વસેલા છે. આ સ્થિતિમાં આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે જ્યારે જ્યારે માનવતાએ રામને સ્વીકાર્યા છે ત્યારે વિકાસ થયો છે. જ્યારે આપણે ભટક્યા છે ત્યારે વિનાશના રસ્તા ખૂલ્યા છે. આપણે દરેકની ભાવનાનું સન્માન કરવાનું છે. આપણે દરેકનાં સહયોગ અને વિશ્વાસ સાથે સર્વાંગી પ્રગતિ કરવાની છે. રામ રાજ્યની આ સંકલ્પનાએ ભારતના સાંસ્કૃતિક વારસાની તસવીર બદલી નાખી છે. વીતેલાં કેટલાંક વર્ષોમાં લેવાયેલા મહત્વના નિર્ણયો સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે...



## અયોધ્યા ચૂકાદોઃ

આ ઐતિહાસિક ચૂકાદાએ રાષ્ટ્રમાં સામાજિક સંવાદિતા અને સૌહાર્દનો સંદેશો આપ્યો.




**492**
વર્ષ સુધી અયોધ્યામાં રામ મંદિર નિર્માણની રાહ જોયા બાદ 9 નવેમ્બર, 2019નાં રોજ સર્વોચ્ચ અદાલતના ચૂકાદા બાદ માર્ગ મોકળો

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 5 ઓગસ્ટ, 2020નાં રોજ રામ મંદિરનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, રામ મંદિરથી અયોધ્યાની ભવ્યતા વધશે એટલું જ નહીં, આ વિસ્તારનું અર્થતંત્ર પણ બદલાઇ જશે.
- દરેક સેક્ટરમાં તકો ઉપલબ્ધ થશે. તમે કલ્પના કરો કરો કે, વિશ્વભરમાંથી લોકો પ્રભુ રામ અને માતા જાનકીના દર્શન કરવા આવશે.

## 1 રાષ્ટ્ર કાયદો પ્રતિક વાસ્તવિકતા બન્યા

**‘એક દેશમાં બે બંધારણ, બે વડાપ્રધાનો અને બે ધ્વજ ન હોઇ શકે’ એવો ડો. શ્યામા પ્રસાદ મુખર્જીનો નિર્ધાર 72 વર્ષ બાદ પૂરો થયો. 370 અને 35A કલમ નાબૂદ થયા બાદ જમ્મુ કાશ્મીર અને લડાખ ઝડપી વિકાસ માટે દેશને પગલે પગલે ચાલી રહ્યા છે.**



- જમ્મુ કાશ્મીરને વિશેષ દરજ્જો આપતો નિર્ણય 5 ઓગસ્ટ, 2020નાં રોજ લેવામાં આવ્યો, આ સાથે 60 વર્ષથી ચાલી રહેલા ભેદભાવનો અંત આવ્યો
- આ સાથે જમ્મુ કાશ્મીરનું ભારતના બાકીના વિસ્તારો સાથે સાચા અર્થમાં એકીકરણ થયું
- સમગ્ર રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજન કરવામાં આવ્યું-જમ્મુ કાશ્મીર (વિધાનસભા સાથે) અને લડાખ (વિધાનસભા વગર)
- સંસદે રાજ્ય પુનર્ગઠન બિલને મંજૂરી આપતા લડાખની 70 વર્ષ જૂની માગ પૂરી થઈ
- હવે જમ્મુ કાશ્મીર અને લડાખ સામાજિક અને આર્થિક પરિવર્તનની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યા છે. નવો ડોમિસાઇલ કાયદો દાખલ કરવામાં આવ્યો અને સ્થાનિક લોકોને લોકશાહીના અધિકારો મળ્યા

## ટ્રિપલ તલાકની ભેદભાવભરી પ્રથાનો અંત



- 30 જુલાઇ, 2019નો દિવસ સંસદીય ઇતિહાસમાં સીમાચિહ્ન સમાન છે. આ દિવસે સંસદે ટ્રિપલ તલાકની પ્રથાને નાબૂદ કરી. મુસ્લિમ મહિલાઓને એક પક્ષીય છૂટાછેડા સામે રક્ષણ આપવા સરકાર પ્રતિબધ્ધ છે તેનું આ ઉદાહરણ છે.
- ગૃહ મંત્રી અમિત શાહના શબ્દોમાં, ટ્રિપલ તલાક કાયદો પસાર થયા બાદ ઇતિહાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાજા રામ મોહન રાય અને ઇશ્વર ચંદ્ર વિદ્યાસાગરની સાથે સાથે યાદ રાખશે. ■

## કરતારપુર કોરિડોર

- ભારતમાં ગુરદાસપુરમાં ડેરા બાબા સાહિબ અને પાકિસ્તાનમાં ગુરદ્વારા કરતારપુર સાહિબને જોડતો કરતારપુર કોરિડોર ગયા વર્ષે ખૂલ્યો હતો.
- શીખ સંપ્રદાયના સ્થાપક ગુરૂ નાનક દેવજીએ તેમનાં જીવનના અંતિમ દિવસો કરતારપુરમાં વીતાવ્યા હતા. અગાઉ ભારતમાં શીખ સંપ્રદાયના અનુયાયીઓ બાયનોક્યુલરથી જ કરતાપુર સાહિબને જોઇ શકતા હતા.
- 9 નવેમ્બર, 2019નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂ. 120 કરોડનાં ખર્ચે બનેલા કરતારપુર કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું
- ભારતના કોઇ પણ રાજ્યના યાત્રી હવે કરતાપુરમાં દર્શન કરવા કોરિડોરનો ઉપયોગ કરી શકે છે. આ માટે કોઇ વિઝા લેવાની જરૂર નથી.




## CAAથી પાકિસ્તાન, બાંગલાદેશ, અફઘાનિસ્તાનના પિડીત લઘુમતીઓને દાયકાઓ બાદ ન્યાય મળ્યો



- નાગરિકતા સુધારા કાયદો (C A A ) દ્વારા પાકિસ્તાન, બાંગલાદેશ અને અફઘાનિસ્તાનના પિડીત લઘુમતીઓને ભારતીય નાગરિકતા આપવા સામેના અવરોધો દૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, કોઈ પણ રીતે ભારતીય બંધારણના વિરોધમાં ન હોય તેવા શરણાર્થીઓઓને પણ વાજબી કારણોસર ભારતની નાગરિકતા આપવાની આ ધારામાં જોગવાઈ છે. ભારતે બાંગલાદેશી લેખિકા તસલિમા નસરીનને આશરો આપેલો જ છે.
- કેન્દ્ર સરકારે નાગરિકતા કાયદામાં સુધારો કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. આ કાયદામાં ભારતના પડોશી દેશો પાકિસ્તાન, બાંગલાદેશ અને અફઘાનિસ્તાનમાં પિડીત ધાર્મિક લઘુમતી નાગરિકોના અધિકારો અને ગરિમાનું રક્ષણ કરવાની જોગવાઈ છે.
- 2019માં લોકસભા અને રાજ્યસભામાં અનુક્રમે 9 અને 11 ડિસેમ્બરનાં રોજ આ ઐતિહાસિક બિલ પસાર કરવામાં આવ્યું હતું. એ જ વર્ષે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે બિલને મંજૂરી આપી હતી. આ કાયદો અફઘાનિસ્તાન, બાંગલાદેશ અને પાકિસ્તાનમાં રહેતા હિન્દુ, શીખ, બૌધ્ધ, ઝોરોસ્ટ્રિયન અને ખ્રિસ્તી ધર્મના પિડિત લઘુમતીઓને ભારતની નાગરિકતા આપવાની જોગવાઈ છે.

## ભગવાન કેદારનાથ ધામને મળ્યું ભવ્ય અને દિવ્ય રૂપ



- સાત વર્ષ પહેલાં કુદરતી આપત્તિમાં નાશ પામેલા કેદારનાથ ધામનું પુનઃનિર્માણ કરવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વપ્ન હતું. હાલમાં અહીં કાર્ય ચાલી રહ્યું છે.
- 2013માં 16 જૂનની રાત્રે વાદળો ફાટવાથી વિનાશક પૂર અને ભૂસ્ખલન થતાં હજારો લોકો તણાઇ ગયા હતા અને મકાનો તથા મિલકતોને ભારે નુકસાન થયું હતું. આને કારણે વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો અને રાહત કામગીરી પર અસર પડી હતી.

## કાશી વિશ્વનાથ કોરિડોર



**હિન્દુઓ માટે આસ્થાનાં કેન્દ્ર સમાન શ્રી કાશી વિશ્વનાથ કોરિડોરનું કામ ચાલી રહ્યું છે, જે આ વર્ષમાં પૂરું થઈ જશે**

- આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત શ્રી કાશી વિશ્વનાથ મંદિર હિન્દુ આસ્થાનું મહત્વનું સ્થળ છે. હવે 'મા ગંગા' અને 'કાશી વિશ્વનાથ'ને જોડવાનું કામ પૂરજોશમાં ચાલુ છે.
- આ પ્રોજેક્ટને કારણે નજીકના વિસ્તારો જ નહીં, પણ સમગ્ર વારાણસીમાં ઝડપી પરિવર્તન આવી રહ્યું છે. આ પ્રોજેક્ટનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે, જેમની પ્રેરણાથી મંદિર ભવ્ય રૂપ લઈ રહ્યું છે.
- બાબા વિશ્વનાથ મંદિરને ગંગા સાથે જોડતા આ પ્રોજેક્ટનું શિલારોપણ 8 માર્ચ, 2019નાં રોજ વડાપ્રધાને કર્યું હતું. આ પ્રોજેક્ટ અંતર્ગત 50,261 ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલા 24 ભવનનું નિર્માણ થઈ રહ્યું છે.

## પાંચ દાયકાઓ બાદ બોડો સંધિને પગલે આસામમાં શાંતિ સ્થપાઈ

- સબકા સાથ સબકા વિકાસની ભાવના સાથે વિવિધ સમજૂતિઓ કરીને બોડો સમસ્યાને ઉકેલવામાં આવી હતી. આ સાથે 50 વર્ષની અસ્થિરતાનો અંત આવ્યો.
- સંધિમાં એ વાતનું ધ્યાન રાખવામાં આવ્યું હતું કે આસામની પ્રાદેશિક અખંડિતતા જળવાઈ રહે. બોડો પ્રદેશના વિકાસ માટે રૂ. 1500 કરોડનું વિશેષ પેકેજ પણ જાહેર કરવામાં આવ્યું હતું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાકલથી 1615થી વધુ બોડો ઉગ્રવાદીઓ મુખ્ય ધારામાં જોડાવા શરણે આવ્યા હતા.

## બે દાયકા જૂની બ્રુ-રિયાંગ શરણાર્થી સમસ્યા ઉકેલાઈ

- કેન્દ્ર સરકારે મિઝોરમ અને ત્રિપુરા સાથેની ત્રિપક્ષીય સમજૂતિમાં બે દાયકા જૂની બ્રુ-રિયાંગ શરણાર્થી સમસ્યા ઉકેલી
- આંતરિક રીતે વિસ્થાપિત આશરે 34,000 લોકોને ત્રિપુરામાં વસાવવામાં આવ્યા અને પુનર્વસન તથા વિકાસ માટે રૂ. 600 કરોડ આપવામાં આવ્યા હતા.

એમાં કોઇ શંકા નથી કે જ્યારે દરેક વ્યક્તિ એકતાની ભાવના સાથે કામ કરે ત્યારે દેશ ચોક્કસ પ્રગતિ કરે છે, જે આવનારી અનેક પેઢીઓને પ્રેરણા અને માર્ગદર્શન કરશે. ■



વિશ્વાસના સાત વર્ષ

એક રાષ્ટ્ર, એક સેવા

# વ્યવસ્થાઓનાં એકીકરણથી સુવિધા મેળવવી સરળ બની

દેશનો યુવાન માત્ર સારા શહેરો જ નહીં, સારા ગામડાં અને નગરો પણ ઇચ્છે છે. વિવિધ સુવિધાઓને એક કરીને એક નામ હેઠળ ભેગી કરવી એટલે વન નેશન, વન સર્વિસ. કેન્દ્ર સરકાર વિશ્વ કક્ષાના અર્બન સેન્ટર્સ સ્થાપવાની સાથે સાથે ગામડાંમાં પણ સુવિધા પૂરી પાડી રહી છે, જેને કારણે 'ઇઝ ઓફ લિવિંગ'ને પ્રોત્સાહન મળ્યું છે અને દેશનાં પરિવર્તનમાં પ્રદાન પણ આપ્યું છે...




### વન નેશન, વન મોબિલિટી કાર્ડ

નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC) દ્વારા પ્રવાસીઓ એક કાર્ડ દ્વારા મેટ્રો, કેબ, બસ, ટ્રેન વગેરે જાહેર પરિવહન સેવામાં પ્રવાસ કરી શકશે





### વન નેશન, વન રેશન કાર્ડ

એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા નાગરિકોએ હવે નવું રેશન કાર્ડ બનાવવાની ઝંઝટ નહીં કરવી પડે. લાભાર્થી હવે દેશમાં કોઈ પણ ઇલેક્ટ્રોનિક પોઇન્ટ ઓફ સેલ (e-PoS) એનેબલ્ડ ફેર પ્રાઇસ શોપમાંથી પોતાના ક્વોટાનું અનાજ ખરીદી શકશે



### વન નેશન, વન માર્કેટ

નવા કૃષિ સુધારા અને e-NAM જેવી સિસ્ટમ્સને કારણે દેશ વન નેશન, વન એગ્રીકલ્ચરલ માર્કેટ તરફ જઈ રહ્યો છે



### વન નેશન, વન પાવરગ્રિડ

વન નેશન, વન પાવરગ્રિડ હિંમતભર્યો સુધારો છે, જેમાં દેશનાં દરેક ભાગમાં પૂરતી વીજળી સુનિશ્ચિત કરવામાં આવશે

### વન નેશન વન ગેસ ગ્રિડ

પહેલાં જ્યાં ગેસ આધારિત જીવન સ્વપ્ન હતું ત્યાં હવે અવિરત ગેસ જોડાણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. આ સ્કીમનો હેતુ દેશમાં તમામ ઘરોમાં એલપીજી ગેસ અને વાહનો માટે સીએનજી ગેસ પૂરો પાડવાનો છે. વન નેશન વન ગેસ ગ્રિડથી ઓછા ખર્ચમાં ખાતર બનાવી શકાશે. સાથે સાથે, વીજળી અને કેમિકલ્સ જેવા ઉદ્યોગોને પણ લાભ થશે અને રોજગારની તકો વધશે. આને કારણે વિદેશી હૂંડિયામણ પરનો ખર્ચ પણ ઘટશે.




### વન નેશન, વન ફાસ્ટટેગ

તેને કારણે દેશભમાં હાઇવેઝ પર નિર્વિરોધ મુસાફરી શક્ય બની છે



### વન નેશન, વન હેલ્થ ઇન્શ્યોરન્સ

કરોડો લોકો દેશમાં ક્યાંય પણ રૂ. પાંચ લાખ સુધીનાં લાભ મેળવી રહ્યા છે




### વન નેશન, વન ટેક્સ

વન નેશન વન ટેક્સ.. એટલે કે જીએસટીને કારણે કર પ્રણાલિમાં વિસંગતતા દૂર થઈ છે અને અપ્રત્યક્ષ કર પ્રણાલિમાં સમાનતા આવી છે



### વન નેશન, વન એક્ઝામ

કેન્દ્ર સરકારની નોકરીઓમાં ભરતી પ્રક્રિયામાં ક્રાંતિકારી ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી (NRA) દ્વારા પરીક્ષા લેવામાં આવશે



> "આજે દરેક ભારતીય કહી શકે કે 'એક રાષ્ટ્ર, એક બંધારણ'. અમે સરદાર સાહેબનું 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નું સ્વપ્ન સાકાર કરવા પ્રયાસ કરી રહ્યા છીએ. તેથી આપણે એવી સિસ્ટમ વિકસાવવી જોઇએ જે દેશની એકતાને મજબૂત કરે અને આ પ્રક્રિયા નિરંતર.
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન




# ભારતના ગુમનામ નાયકોના વારસાનું ગૌરવ જળવાયું

**દેશના સાચા પ્રેરણાદાયી નેતાઓ અને ગુમનામ નાયકો અંગે લોકોને જાગૃત કરવાના હેતુથી સરકારે આવા 'હીરો' પર ફોકસ કરવા પહેલ કરી છે. સરકારનો હેતુ સમાજ અને દેશ માટે નિઃસ્વાર્થ ભાવે કામ કરતા આવા સાચા દેશભક્તોની સિધ્ધિ અને બલિદાનોને લોકો સમક્ષ રજૂ કરવાનો છે.**

વર્ષ 2015માં પોતાની બ્રિટન મુલાકાત દરમિયાન પ્રસિધ્ધ સંત બાસવેશ્વરાની પ્રતિમાનું અનાવરણ કરવું એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ખરેખર યાદગાર પ્રસંગ હતો. વડાપ્રધાન મોદીએ કર્ણાટકના ભગવાન બાસવેશ્વરની પ્રશંસા કરી હતી, જેમણે 1 2 મી સદીમાં સમાજનો ઉદ્ધાર કરવાના અનેક પ્રયાસો કર્યા હતા. મહિલા સશક્તિકરણ માટે પણ તેમણે ઘણું કામ કર્યું હતું.

વિદેશની ધરતી પર ભગવાન બાસવેશ્વરની પ્રતિમાનું અનાવરણ  ભારતનાં મૂલ્યો અને પરંપરાના ખરા અર્થમાં એમ્બેસેડર હોય તેવી પ્રતિભાઓની કદર કરવાના સરકારના પ્રયાસોનું એક ઉદાહરણ માત્ર છે. મહત્વની વાત એ છે કે, ભગવાન બાસવેશ્વરની જેમ ભારતીય ઈતિહાસમાં આપણા સાચા નાયકોને યોગ્ય સ્થાન આપવાના પ્રયાસો ચાલુ છે. પક્ષ, વિચારધારા અને કોઈ પરિવારને પ્રોત્સાહન આપવામાં ન માનતી સરકાર માટે 'ભારત પ્રથમ' (ઈન્ડિયા ફર્સ્ટ) ફિલોસોફી રહી છે. આ માટે સરકારે સંસ્થાકીય સહયોગ પણ કર્યો, જેથી સરકારમાં પરિવર્તન થાય તો તે બદલાઈ ન જાય.

## વડાપ્રધાનો પર અત્યાધુનિક મ્યુઝિયમ પર સરકાર રૂ. 226 કરોડનો ખર્ચ કરશે

દેશની નીતિઓને આકાર આપવામાં અને જનતા માટે વિવિધ યોજનાઓ ફળીભૂત કરવામાં વડાપ્રધાન મહત્વની ભૂમિકા ભજવે છે. વડાપ્રધાનોની આ ભૂમિકાની કદર કરવા તેમનાં જીવન પર આધારિત અત્યાધુનિક મ્યુઝીયમનું નિર્માણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેનાં માટે રૂ. 226 કરોડ ફાળવવામાં આવ્યા છે.  આ મ્યુઝીયમ રાષ્ટ્રનિર્માણમાં વિવિધ વડાપ્રધાનોની ભૂમિકા પર પ્રકાશ પાડશે.

### બંધારણના ઘડવૈયા ડો. બી આર આંબેડકરની વિચારધારા સાથે જોડાવાનો પ્રયાસ

ડો. બી આર આંબેડકર ભારતીય બંધારણના મુખ્ય ઘડવૈયાઓમાંના એક હતા, જેમણે દેશના દરેક નાગરિકને

# ગુમનામ નાયકો બન્યા 'ન્યૂ ઇન્ડિયા'ના પદ્મ




મોદી સરકારે દેશમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા છે, જેમાં એક બાજુ વીઆઇપી કલ્ચરનો અંત લાવવામાં આવ્યો છે, તો બીજી બાજુ પદ્મ એવોર્ડ્સ જેવા પ્રતિષ્ઠીત પુરસ્કારોને સામાન્ય નાગરિકોની પહોંચમાં લાવવામાં આવ્યા છે. આ પુરસ્કારો માટેની પ્રક્રિયા સરળ અને પારદર્શક કરવામાં આવી છે, જેમાં લોબિંગને બદલે વ્યક્તિની લાયકાતને મહત્વ આપવામાં આવે છે. સરકારે હવે દેશના સામાન્ય નાગરિકોને સાચા હીરો બનાવ્યા છે, જેમનાં કામ કોઇ અખબાર કે ચેનલની હેડલાઇન્સમાં નથી છપાતા. ખૂબ સાધારણ પૃષ્ઠ ભૂમિમાંથી આવતા આસામના બિરુબાલા રાભા, તામિલનાડુના ડો. ટી વીરારાઘવન, પશ્ચિમ બંગાળના નારાયણ દેબનાથ, લડાખના ત્સુલટ્રીમ ચોન્જોર એવા અજાણ્યા ચહેરા છે જેમના કામની કદર કરીને પદ્મ પુરસ્કારો આપવામાં આવ્યા છે.

સમાન અધિકારો આપવા માટે પ્રયાસો કર્યા. બાબાસાહેબના વારસાનું અને રાષ્ટ્રનિર્માણના તેમના પ્રયાસોનું જતન કરવા સરકારે બાબાસાહેબ સાથે સંકળાયેલા પાંચ ઐતિહાસિક સ્થળોને 'પંચતીર્થ' તરીકે વિકસાવવાનો હિંમતભર્યો નિર્ણય કર્યો. સરકારે બંધારણ ઘડવામાં બાબાસાહેબની ભૂમિકાને મહત્વ આપતા 2015માં 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાનો પણ નિર્ણય લીધો હતો. આ દિવસે ભારતીય બંધારણને સ્વીકારવામાં આવ્યું હતું.

## સુભાષચંદ્ર બોઝના વારસાને પુનર્જિવિત કર્યો

"તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દુંગા.." નેતાજી સુભાષચંદ્ર બોઝનું આ પ્રસિધ્ધ સૂત્ર હજુ પણ રાષ્ટ્રને પ્રેરણા આપી રહ્યું છે. નેતાજીએ રચેલી આઝાદ હિન્દ ફોજની 75મી જયંતી ઉજવવા વડાપ્રધાન મોદીએ 2018માં લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. રાષ્ટ્ર માટે આ ગૌરવની ક્ષણ હતી કારણ કે ભારતના સૌથી લોકપ્રિય નેતાને વર્ષો પછી યાદ કરવામાં આવ્યા હતા. આઝાદ હિન્દ ફોઝના ચાર સભ્યોએ 2019ની પ્રજાસત્તાક દિન પરેડમાં ભાગ લીધો હતો. સરકારે નેતાજી સુભાષચંદ્ર બોઝ અંગેની ફાઇલોને ડિક્લાસિફાય કરવાનો અને જાહેર જનતા માટે ખુલ્લી મૂકવાનો નિર્ણય લીધો, જેની માગ નેતાજીનો પરિવાર વર્ષોથી કરી રહ્યો હતો. વડાપ્રધાન 2014માં જાપાનની મુલાકાત દરમિયાન સાઇચીરો મિસુમીને મળ્યા હતા, જે એ સમયે નેતાજીના સૌથી જૂના જીવિત સાથી હતા.



## સરદાર પટેલઃ અખંડ ભારતના શિલ્પી

ભારતને સંયુક્ત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવનાર સરદાર વલ્લભભાઇ પટેલને ભારતના 'લોખંડી પુરુષ' કહેવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેવડિયા ખાતે વિશ્વની સૌથી મોટી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું અનાવરણ કરીને સરદાર સાહેબને અંજલિ આપી હતી. નરેન્દ્ર મોદી 2013માં ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આ પ્રતિમાની શિલારોપણ વિધી કરી હતી. સરદાર પટેલ આઝાદ ભારતના પ્રથમ ગૃહમંત્રી હતા, પણ આધુનિક ભારતને ઓપ આપવામાં તેમના પ્રદાનની ક્યારેય કદર થઈ નહોતી, પણ વર્તમાન સરકાર તેમની કદર કરીને તેમના વારસાને વિશ્વ સમક્ષ રજૂ કરી રહી છે. ■




# ભારતના સ્વતંત્રતા સંગ્રામના મશાલધારકો



ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં એવી અનેક ઘટનાઓ બની છે, જે આપણને પ્રેરણા અને ઊર્જા પૂરાં પાડે છે. અમૃત મહોત્સવ આવી મહત્વની ઘટનાઓ પર પ્રકાશ પાડે છે અને ભારતના સાંસ્કૃતિક વૈવિધ્ય અને ભવ્યતાને ઉજાગર કરે છે...

ભગવાન કૃષ્ણએ કહ્યું હતું, "समदु:खसुखम्, धीरम्, स:, अमृतत्वाय, कल्पते".'મતલબ કે, જે વ્યક્તિ સુખ, આરામ કે પડકારોમાં પણ ધીરજની સાથે અટલ રહે છે તે જ મોક્ષ મેળવવાને પાત્ર બને છે અને અમર બની જાય છે. અમૃત મહોત્સવમાંથી આપણે ભારતના ઉજ્જવળ ભવિષ્યનું અમૃત લેવાનું છે. આઝાદીની ચળવળમાં લડાયેલી વિવિધ લડાઈઓ અને ઘટનાઓ પરથી પ્રેરણા અને સંદેશ મળે છે અને આ સંદેશને આપણે આગળ લઈ જવાનો છે. 1857નો બળવો, વિદેશમાંથી મહાત્મા ગાંધીનું સ્વદેશગમન, સત્યાગ્રહની તાકાતથી રાષ્ટ્રને પરિચિત કરવું, લોકમાન્ય તિલક દ્વારા સંપૂર્ણ સ્વરાજની હાકલ, નેતાજી સુભાષચંદ્ર બોઝના વડપણ હેઠળ આઝાદ હિન્દ ફોજની દિલ્હી કૂચ અને 'દિલ્હી ચલો'નું સૂત્ર ભારત આજે પણ ભૂલી શકે તેમ નથી.

> જ્યારે આપણે એ સમય અંગે કલ્પના કરીએ છીએ કે જ્યારે લાખો લોકોએ સદીઓ સુધી આઝાદીની સવારની રાહ જોઈ હતી, ત્યારે એ અનુભૂતિ થાય છે કે આઝાદીના 75માં વર્ષનો પ્રસંગ કેટલો ઐતિહાસિક અને ભવ્ય હશે. આ તહેવાર શાશ્વત ભારતની પરંપરા, સ્વતંત્રતા સંગ્રામની છાયા અને સ્વતંત્ર ભારતની પ્રગતિ દર્શાવે છે.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



## શ્યામજી કૃષ્ણ વર્મા-
## જીવનના અંતિમ શ્વાસ સુધી લડનારા ક્રાંતિકારી


શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ 4 ઓક્ટોબર, 1857નાં રોજ ગુજરાતના કચ્છ જિલ્લાના માંડવી શહેરમાં થયો હતો. 1857ના બળવાની કહાનીઓ સાંભળતા સાંભળતા તેઓ મોટા થયા. 20 વર્ષની ઉંમરથી જ તેમણે ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. વધુ અભ્યાસ માટે તેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટી ગયા અને ત્યાં ઘર શોધતી વખતે તેમની સાથે ભેદભાવપૂર્ણ વર્તન થયું. રોષે ભરાઈને તેમણે લંડનમાં ઘર ખરીદ્યું અને તેને ભારતીય વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ સ્કુલમાં પરિવર્તિત કર્યું અને નામ રાખ્યું 'ઈન્ડિયા હાઉસ'. પછીથી આ જ ઈન્ડિયા હાઉસ ઈંગલેન્ડમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટેનું કેન્દ્ર બન્યું. એમ કહેવાય છે કે ગાંધીજી, લેનિન, લાજપત રાય, ગોપાલકૃષ્ણ ગોખલે, સાવરકર અને મદનલાલ ઢીંગરા જેવા સ્વતંત્રતા સેનાનીઓએ ઈન્ડિયા હાઉસની મુલાકાત લીધી હતી. શ્યામજી કૃષ્ણ વર્મા લોકમાન્ય તિળક અને દયાનંદ સરસ્વતીથી ખૂબ પ્રભાવિત હતા. તેમણે પોતાનું સમગ્ર જીવન ભારતની સ્વતંત્રતા ચળવળ માટે ખપાવી દીધું એટલું જ નહીં, અનેક રાષ્ટ્રવાદીઓને પ્રેરણા પણ આપી. એમ માનવામાં આવે છે કે વર્મા પાસેથી પ્રેરણા લીધા બાદ સાવરકર ક્રાંતિકારી બન્યા હતા. મદનલાલ ઢીંગરા તેમના વિદ્યાર્થી હતા. તેમણે ભારત અને વિદેશમાં રહેતા અનેક ભારતીયોને સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવા પ્રેરિત કર્યા. ભારત ભૂમિના બહાદુર પુત્ર શ્યામજી કૃષ્ણ વર્મા બ્રિટિશર્સની સામે જીવનના અંતિમ શ્વાસ સુધી લડ્યા. 31 માર્ચ, 1930નાં રોજ જીનિવામાં તેમનું અવસાન થયું.



## રાની ગાઇદીનલ્યુ-
## ડોટર ઓફ ધ હિલ્સ, જેણે બ્રિટિશર્સ સામે મોરચો માંડ્યો

રાની ગાઇદીનલ્યુ 13 વર્ષની વયે સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયાં અને 'હીરકા ચળવળ' સાથે સંકળાયા. હીરકા એ સામાજિક-ધાર્મિક આંદોલન હતું, જે પછીથી મણિપુર અને નજીકના નાગા વિસ્તારોમાંથી બ્રિટિશર્સને હાંકી કાઢવા માટેનું રાજકીય આંદોલન બન્યું. 1931માં ગાઇદીનલ્યુએ ચળવળની આગેવાની લીધી અને લોકોને બ્રિટિશર્સ સામે બળકો કરવા પ્રેરણા આપી. તેમણે પૂર્વોત્તર ભારતના લોકોમાં મહાત્મા ગાંધીનો સંદેશ અને બોધપાઠ ફેલાવ્યો. બ્રિટિશર્સે સંખ્યાબંધ ગામડાંઓમાં આગ લગાવીને ચળવળને દબાવી દેવાનો પ્રયાસ કર્યો. પણ ક્રાંતિકારીઓના જુસ્સા પર તેની કોઇ અસર ન થઈ. બ્રિટિશર્સ સામે હૂમલો કરતી વખતે ગાઇદીનલ્યુએ કિલ્લો બનાવવાનો નિર્ણય કર્યો, જેમાં તેમનાં 4,000 અનુયાયીઓ રહી શકે. કિલ્લાનું બાંધકામ ચાલુ હતું તે સમયે બ્રિટિશ સેનાએ 17 એપ્રિલ, 1932નાં રોજ ગામ પર અચાનક હૂમલો કર્યો. ગાઇદીનલ્યુની ધરપકડ કરવામાં આવી અને તેમને દોષિત જાહેર કરીને આજીવન કારાવાસની સજા કરી. બ્રિટિશ હાઉસ ઓફ કોમન્સમાં તેમની જેલમુક્તિના મુદ્દે ચર્ચા થઈ. 14 વર્ષ પછી 1947માં ભારતને સ્વતંત્રતા મળી ત્યારે તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યાં. ■

# ધરતીપુત્ર વીર સાવરકર



દામોદર સાવરકર.. આ માત્ર એક નામ નથી, આ ઉદઘોષ છે ભારતના સ્વતંત્રતા સંગ્રામના એ અધ્યાયનો, જેણે આપણને પહેલી વાર 1857ની ક્રાંતિને બળવાને બદલે સ્વતંત્રતા સંગ્રામ કહેવાનું શીખવાડ્યું. અટલ બિહારી વાજપેયી કહેતા હતા, "જો હું કણ છું, તો સાવરકરજી પર્વત છે, હું ટીપું છું તો સાવરકરજી સિંધુ છે."

28 મે, 1883નાં રોજ મહારાષ્ટ્રના નાસિક પાસે ભાગુર ગામમાં દામોદર પંત સાવરકરનાં ઘરે ભારતીય રાષ્ટ્રવાદના સૌથી મોટા નાયકનો જન્મ થયો. વિનાયક દામોદર સાવરકરને એક ક્રાંતિકારી, સામાજિક કાર્યકર્તા, ચિંતક, લેખક, કવિ, વક્તા, રાજનેતા અને દાર્શનિકના સ્વરૂપમાં ઓળખવામાં આવ્યા. મેટ્રીકનો અભ્યાસ પૂરો કરીને પૂણેની પ્રસિધ્ધ ફર્ગ્યુસન કોલેજમાંથી બીએ કર્યું. 1904માં તેમણે 'અભિનવ ભારત' નામની સંસ્થાની સ્થાપના કરી. રાષ્ટ્રવાદની ભાવનાથી પ્રેરિત સાવરકરે 1905માં બંગાળના ભાગલા બાદ સ્વદેશીનું સૂત્ર આપ્યું અને પૂણેમાં વિદેશી કપડાંની હોળી કરી. બાળ ગંગાધર તિલકની ભલામણથી સ્કોલરશીપ મળી તો તેઓ કાયદાની ડિગ્રી લેવા લંડન જતા રહ્યા. આ દરમિયાન તેમણે ફ્રી ઈન્ડિયા સોસાયટીની સ્થાપના કરી અને ભારતને સ્વતંત્રતા અપાવવાના પ્રયાસમાં જોડાઈ ગયા. લંડનમાં એ સમયે 'ઈન્ડિયા હાઉસ' રાજકીય ગતિવિધીનું કેન્દ્ર હતું. તેને શ્યામજી કૃષ્ણ વર્મા ચલાવતા હતા. સાવરકર પણ અહીં જ રહેતા હતા અને તેઓ ભારતીય વિદ્યાર્થીઓને સ્વતંત્રતા આંદોલન માટે પ્રેરિત કરતા હતા.

1908માં ઘણું સંશોધન કર્યા બાદ તેમણે એક પુસ્તક લખ્યું- 'ધ હિસ્ટ્રી ઓફ ધ વોર ઓફ ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ.' આ પુસ્તકમાં તેમણે 1857ની ક્રાંતિને ભારતનો પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ ગણાવ્યો. પુસ્તક પ્રસિધ્ધ થઈને બહાર આવે તે પહેલાં જ બ્રિટિશરોએ તેનાં પર પ્રતિબંધ મૂકી દીધો. 1910માં તેમના મિત્ર અને અનુયાયી મદનલાલ ઢીંગરાએ એક અંગ્રેજ અધિકારીની હત્યા કરી. ઢીંગરાને ફાંસીની સજા થઈ. આ અન્યાય સામે સાવરકરે ક્રાંતિની નવી શરૂઆત કરી. સાવરકરની વિચારધારાથી ડરેલા અંગ્રેજોએ તેમની ધરપકડ કરીને ભારત મોકલવાનો નિર્ણય કર્યો. સાવરકર રસ્તામાં જ જહાજમાંથી ભાગી ગયા અને તરતા તરતા ફ્રાંસની સરહદમાં પહોંચી ગયા. પણ અંતે તેમની ધરપકડ થઈ અને 'કાલાપાની'ની આજીવન કેદની સજા સંભળાવવામાં આવી. 1911માં એક અન્ય કેસમાં તેમને આજીવન જેલની સજા સંભળાવવામાં આવી. સાવરકર એક માત્ર ભારતીય ક્રાંતિકારી છે જેમને બે વાર આજીવન જેલની સજા સંભળાવવામાં આવી હતી. આંદામાનની સેલ્યુલર જેલમાં 10 વર્ષ વીતાવ્યા પછી 1921માં તેમને મુક્ત કરવામાં આવ્યા પણ ફરી ત્રણ વર્ષ માટે પૂણેની જેલમાં મોકલવામાં આવ્યા. 1923માં વીર સાવરકરે જેલમાં એક પુસ્તક લખ્યું, જેનું નામ હતુઃ 'હિન્દુત્વઃ હુ ઈઝ એ હિન્દુ'? 1924માં જેલમાંથી છૂટ્યા બાદ તેમણે હિન્દુઓમાં જાગૃતિ ફેલાવવાનું કામ કર્યું અને હિન્દુ ધર્મમાં છૂત-અછૂતનું દૂષણ બંધ કરવા અભિયાન ચલાવ્યું. 1937માં હિન્દુત્વના સૌથી મોટા નાયક અને પ્રખર રાષ્ટ્રવાદી વિનાયક દામોદર સાવરકર હિન્દુ મહાસભાના અધ્યક્ષ બન્યા.

સાવરકરને ક્રાંતિકારીની સાથે સાથે મહાન સમાજ સુધારક અને અખંડ ભારતના સમર્થક તરીકે પણ યાદ કરવામાં આવે છે. પોતાના ભાષણો, લેખો અને કર્મો દ્વારા તેમણે સમાજ સુધારા માટે સતત પ્રયાસ કર્યા. આ એ સમય હતો જ્યારે તેમની રાજકીય પ્રવૃત્તિઓ પર રોક લગાવવામાં આવી. વડાપ્રધાન મોદીના શબ્દોમાં, "આપણે તેમને બહાદુરી અને સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેવાની પ્રેરણા આપવા બદલ અને સામાજિક સુધારાઓ પર ભાર મૂકવા બદલ હંમેશા યાદ રાખીશું."

સપ્ટેમ્બર 1965માં સાવરકર બિમાર પડ્યા અને પછી તેમનું આરોગ્ય સતત કથળવા લાગ્યું. 1 ફેબ્રુઆરી, 1966નાં રોજ તેમણે આમરણાંત ઉપવાસની પ્રતિજ્ઞા લીધી. 26 ફેબ્રુઆરી, 1966નાં રોજ તેમનું અવસાન થયું. ■



**PMO India** @PMOIndia

PM also reviewed progress on setting up of PSA plants. He was informed that around 1500 PSA plants are in the process of being set up through contribution of PM CARES, PSUs and others. He directed officials to ensure speedy completion of these plants.



**रक्षा मंत्री कार्यालय/ RMO India** ·

The @DRDO_India is going to set up 500 Medical Oxygen Plants within 3 months under PM CARES Fund.

The Medical Oxygen Plant technology developed by DRDO for On-Board Oxygen Generation for LCA, Tejas will now help in fighting the current crisis of Oxygen for the COVID-19 patients.



**Amit Shah** @AmitShah

A big decision to curb the oxygen crisis and help the people in need. I thank PM @narendramodi Ji for allocating funds to install 551 PSA Oxygen Generation Plants in public health facilities across the country through PM CARES.



**Office Of Nitin Gadkari** @OfficeOfNG

Andhra Pradesh CM announces that they will send 300 Ventilators to Maharashtra. This after Union Union Minister Shri @nitin_gadkari ji spoke to CM @ysjagan with the request.



**Dr Harsh Vardhan** @drharshvardhan

Participated in a @WHO virtual information session on #COVID19 chaired by Director, #WHO Governing Bodies, Dr Timothy Armstrong
At the session held today, technical & epidemiological updates on #COVID_19 were provided along with an update on ACT Accelerator & COVAX.



**Piyush Goyal** @PiyushGoyal

Under the leadership of PM @NarendraModi ji, Indian Railways is working round the clock to ensure swift & uninterrupted supply of Oxygen to every part of the country.
#OxygenExpress has reached Faridabad from Angul, with Oxygen tankers for COVID-19 patients in Haryana.

FORCES D

# PM Modi holds meeting with IAF chief, reviews relief work

Rahul Singh
letters@hindustantimes.com

**NEW DELHI:** Prime Minister Narendra Modi on Wednesday reviewed the Indian Air Force's (IAF) Covid relief efforts and stressed on the need to increase the speed, scale and safety of operations in transporting oxygen tankers and other essential material to fight the coronavirus disease (Covid-19) pandemic.

Briefing the Prime Minister on the air force's efforts to help fight the outbreak, IAF chief Air Chief Marshal RKS Bhadauria said that IAF has ordered 24x7 readiness of its entire heavy-lift fleet and substantial numbers of its medium-lift fleet to operate in a hub and spoke model to swiftly meet all Covid-related tasks across the country and overseas, the PMO said in a statement.

"Aircrews for all fleets have been augmented to ensure round-the-clock operations," the



Oxygen cylinders before being load... countries including the US, the UK a...

# Retired medical personnel recalled to fight crisis: CDS

PAWAN BALI
NEW DELHI, APRIL 26

Prime minister Narendra Modi on Monday reviewed with Chief of Defence Staff General Bipin Rawat the preparations and operations undertaken by the Armed forces to assist in Covid-19 situation in the country.

CDS briefed the PM that all medical personnel from armed forces who have retired or taken pre-mature retirement in the last 2 years are being recalled to work in Covid facilities within proximity of their present place of residence. Other medical officers who retired earlier have also been requested to make their services available for

**THE CDS informed the PM that nursing personnel are being employed in large numbers to complement the doctors at the hospitals. He also said that oxygen cylinders available with armed forces in various establishments will be released for hospitals.**

Headquarters (HQ), Corps HQ, Division HQ and similar HQ of Navy and Air-Force will be employed at hospitals.

The CDS informed the PM that nursing personnel are being employed in large numbers to complement the doctors at the hospitals. CDS said that oxygen cylinders available with armed forces in vari-

...tary medical infrastructure will be made available t... civilians. PM also reviewe... the operations being under... taken by IAF to transpo... oxygen and other essential... in India and abroad.

Indian Air Force's C1... transport aircraft o... Monday airlifted 6 empt... cryogenic oxygen contai... ers from Dubai. It will ai... lift another 6 container... from Dubai on Tuesday.

On Saturday, IAF had ai... lifted 4 containers of cry... genic oxygen tanks fro... Changi Internationa... Airport, Singapore.

Prime Minister also di... cussed with the CDS tha... Kendriya and Rajya Saini... Welfare Boards an... Officers posted in variou... headquarters in veteran...

MORE TO COME FROM SINGAPORE, DUBAI

# Oxygen tankers from Thailand arrive in India

OUR CORRESPONDENT

**NEW DELHI:** A consignment of containers for transportation of medical oxygen arrived in India from Thailand while some more empty tankers will be airlifted from Singapore and Dubai on Tuesday, the Union home ministry said.

The containers from Thailand were the third such consignment to be flown to the country in the Indian Air Force's (IAF) transport aircraft by the home ministry amid a



2ND WAVE TO ESTABLISH NEW 2+2 TALKS SYSTEM

# Russia extends support to India

Rezaul H Laskar
letters@hindustantimes.com

THE FIRST RUSSIAN CONSIGNMENT OF COVID-19 SUPPORT MATERIALS IS EXPECTED TO REACH TODAY

**NEW DELHI:** Russian President Vladimir Putin on Wednesday extended support to Prime Minister Narendra Modi for countering the Covid-19 situation in India even as the two sides decided to establish a new 2+2 dialogue of foreign and defence


went through a rough patch ... following Russian for-...

RNI No. :
DELGUJ/2020/78810
May: 16-31, 2021

NEW INDIA
SAMACHAR
FORTNIGHTLY

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date May 5, 2021, Pages - 56)

# બુધ્ધ પૂર્ણિમા, 26 મે



"

## सुप्प बुद्धं पबुज्झन्ति, सदा गोतम सावका।

મતલબ કે, જેઓ દિવસ-રાત, સતત માનવતાની સેવામાં વ્યસ્ત રહે છે, તેઓ જ બુધ્ધના સાચા અનુયાયી છે. આ જ ભાવ આપણા જીવનને પ્રકાશમય કરતો રહે, ગતિમાન કરતો રહે.

"

દરેક જીવની મુશ્કેલી દૂર કરવાના સંદેશ અને સંકલ્પે હંમેશા ભારતની સંસ્કૃતિ અને સભ્યતાને દિશા આપી છે. બુધ્ધત્વ પ્રાપ્ત કર્યા પછી ભગવાન બુધ્ધએ તેમનાં જીવનકાળમાં અનેક લોકોને નિર્વાણ અપાવ્યું. તેમનો સંદેશો કોઇ એક પરિસ્થિતિ કે કોઇ એક પ્રસંગ પૂરતો મર્યાદિત નથી. સિદ્ધાર્થના જન્મ પહેલાં અને પછી, સિધ્ધાર્થ ગૌતમ બન્યા પછી આટલી શતાબ્દિઓથી સમયનું ચક્ર અનેક સ્થિતિ અને પરિસ્થિતિઓમાં ફર્યા કરે છે.

- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

Gujarati

| Editor<br>**Jaideep Bhatnagar**,<br>Principal Director General,<br>Press Information Bureau, New Delhi | **Published & Printed by: Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication | **Published from Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003** | **Printed at** Viba Press Pvt Ltd. C66/3, Okhla , Ind Area Phase-II, New Delhi 20 |
|---|---|---|---|